


Scanned by CamScanner

આયુ પ્રકાશન – પુસ્તક ૯૭મું

# મૃત્યુને આલિંગન

શોભન

આયુ પ્રકાશન
૩૦૩, હરેકૃષ્ણ કોમ્પલેક્સ, પ્રીતમનગર,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

Scanned by CamScanner

લેખક :
શોભન

પ્રકાશક :
જગદીશ વસાણી
'આયુ પ્રકાશન'
૩૦૩, હરેકૃષ્ણ કોમ્પલેક્સ,
પ્રીતમનગર, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૬૫-૭૮૭૮૭, ૬૫-૭૭૧૧૭

© સર્વ હક લેખકને સ્વાધીન

પ્રથમ આવૃત્તિ :
૧૭-૯-'૯૫

પ્રત : ૧૦૦૦

કિંમત : રૂ. ૨૫-૦૦

લેસર ટાઇપસેટિંગ :
શારદા મુદ્રણાલય
જુમ્મા મસ્જિદ સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦

મુદ્રક :
ભગવતી ઓફસેટ
૧૫/સી, બંસીધર એસ્ટેટ,
બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૧

Scanned by CamScanner

# ઉપરાંત, ઇચ્છા છે....

દિનાંક ૨૦-૨-'૮૫થી મેં વ્યસન નિષેધપ્રવૃત્તિમાં રસ લેવાનો શરૂ કર્યો, વ્યસનોમાં મુખ્યત્વે દારૂબંધી પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું, જેના સંદર્ભમાં ઘણી વ્યક્તિને દારૂના કુપંથે જતી રોકી શકાઈ તો કેટલીયને કુપંથેથી પાછી વાળી શકાઈ. પરિણામે 'નશાબંધી મંડળ' દ્વારા ગાંધી જયંતિ ૨જી ઓક્ટોબર ૧૯૯૦ના રોજ ગુજરાતના તત્કાલીન રાજ્યપાલ શ્રી મહિપાલ શાસ્ત્રી દ્વારા સ્વ. જુગતરામ દવે સુવર્ણચંદ્રક મને પ્રાપ્ત થવાનું સદ્ભાગ્ય સાંપડ્યું. તે પહેલાં ૧૯૮૬ના વર્ષનાં પુસ્તકોમાં લલિતનિબંધ સ્પર્ધામાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા 'ઝેર તો પિવાતાં જાણી જાણી !' (ચાર ભાગ)ને દ્વિતીય પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

આ સમય દરમિયાન અને તે પછી પણ હું 'કલ્યાણયાત્રા' અને 'ગુજરાત સમાચાર'માં મદ્યનિષેધ વિષે લખતો રહ્યો. આ પુસ્તક 'મૃત્યુને આલિંગન' પ્રાયઃ તે બધા લેખોનો સમાવેશ છે. કેટલાક લેખ પુનર્મુદ્રિત થયેલા પણ છે. શ્રી જયાબહેન શાહ, શ્રી ચીનુભાઈ શાહ અને શ્રી અમૃતભાઈ મોદીના આગ્રહથી 'કલ્યાણયાત્રા'માં સત્યઘટના પ્રગટ કરવાનું શરૂ કરેલું. આ ખૂબ આવકાર પામેલી લેખવાળા હું સમયના અભાવે લાંબી ચલાવી ન શક્યો તેનું દુઃખ છે. ભવિષ્યમાં ઘણી ઘટનાઓ લખી પુસ્તકાકારે પ્રગટ કરવા ઇચ્છા છે. ઉપરાંત, ઇચ્છા છે મદ્ય ઉપરાંત અન્ય વ્યસનો વિષે લખીને બીજાં ચારપાંચ પુસ્તકો પ્રગટ કરવાની. અત્રે 'કલ્યાણયાત્રા', 'ગુજરાત સમાચાર' અને 'નિરામય'માં પ્રગટ થયેલા આ લેખોનું સંકલન કરતી વખતે તેમના તંત્રીઓનો પણ હું આભાર માનું છું.

'આયુ સેન્ટર'
૩૦૩, હરેકૃષ્ણ, અમદાવાદ-૬

– શોભન
૧૫-૮-'૯૫

Scanned by CamScanner

# મૃત્યુને આલિંગન


| ક્રમ | કૃતિ | ક્યાં ? |
|---|---|---|
| ૧. | મદ્યનિષેધની મહાન પરંપરા | ૧ |
| ૨. | ઝેરનો કટોરો | ૧૪ |
| ૩. | સર્વધર્મમાં મદ્યનિષેધ | ૨૨ |
| ૪. | મદ્યપાનથી થતા શારીરિક રોગો | ૩૬ |
| ૫. | મદ્યપાનથી થતા માનસિક રોગો | ૫૩ |
| ૬. | ગરીબી હટાવવી છે ?...તો દારૂને હટાવો ! | ૫૮ |
| ૭. | મદ્યનિષેધની મદદે મહિલાઓ | ૬૫ |
| ૮. | સુરાના શ્રમહરપણાનો મિથ્યા ભ્રમ | ૭૪ |
| ૯. | દારૂ સાહિત્યકારો, કલાકારો, અભિનેતા અને ગાયકોને પ્રેરણા આપે છે, તે માન્યતા ખોટી છે. | ૭૮ |
| ૧૦. | ઝેર તો પિવાતાં જાણી જાણી ! | ૯૧ |
| ૧૧. | દારૂનું વ્યસન દવાઓથી છોડાવી શકાય ? | ૯૪ |
| ૧૨. | બિયરથી બચજો, નહિ તો કેન્સરના દરદી બની જશો ! | ૯૭ |
| ૧૩. | સાવધાન ! આપણી આસપાસ વ્યસનોનાં વિનાશક વાદળાં ઘેરાયાં છે. | ૧૦૦ |
| ૧૪. | કેવળ સરકારના દૃઢ સંકલ્પના અભાવે... કેટલાં મૃત્યુ... કેટલા અંધાપા.... કેટલી માંદગી... કેટલી બરબાદી !!! | ૧૦૪ |


Scanned by CamScanner

# ૧ મદ્યનિષેધની મહાન પરંપરા

આયુર્વેદે કેવળ ઔષધ રૂપે મદ્યના ગુણોનો સ્વીકાર કર્યો છે. અને તેના વ્યસનથી દૂર રહેવા ભલામણ કરી છે. એટલું જ નહીં, અનેક અનર્થોનું મૂળ ગણાવી વધુ મદ્યપાન કરનારને મૂઢ, મૂર્ખ, અજ્ઞાની પણ કહેલ છે. બુદ્ધિશાળી, સમજુ, વિવેકી કે ડાહ્યા માણસે મદ્યપાનના વ્યસનમાં સપડાવા જેવું નથી તેવું પણ સકારણ સ્પષ્ટ સમજાવ્યું છે.

## બધા ધર્મોની સંમતિ

ધાર્મિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ આપણા ઋગ્વેદ, અથર્વવેદ વગેરે વેદો, મનુસ્મૃતિ વગેરે સ્મૃતિઓ, ઉપનિષદો, મહાભારત, રામાયણ વગેરેમાં તેનો ખાસ વિરોધ છે. હિન્દુ ધર્મ ઉપરાંત તત્સંબંધિત ધર્મો કે સંપ્રદાયો, આર્યસમાજ, સ્વામિનારાયણ સંપ્રદાય, કબીરપંથ વગેરેમાં પણ તેનો સ્પષ્ટ નિષેધ છે. જૈન ધર્મ, શીખ ધર્મ તેમજ ખ્રિસ્તી ધર્મ કે ઇસ્લામી ધર્મમાં પણ મદ્યને અનેક અનર્થોનું મૂળ માનવામાં આવેલ છે.

એ રીતે ભારતમાં અને આખાય વિશ્વમાં મદ્યનિષેધ અંગે પ્રાચીન યુગથી મહાપ્રયત્નો થતા રહ્યા છે. જેના કારણે લાખો તો શું કરોડો-અબજો લોકો આજ સુધીમાં મદ્યના સકંજામાં સપડાતાં બચી ગયા હશે. પ્રત્યેક ધર્મ



Scanned by CamScanner

કે સંપ્રદાયે આ બાબતે તો ખૂબ જ પ્રશંસનીય અને આવકાર્ય કાર્ય કર્યું છે તે નિઃશંક છે.

## વેદો અને મનુસ્મૃતિ કહે છે....

હિન્દુ ધર્મના કે ભારતીય સંસ્કૃતિના આદ્ય ગ્રન્થ ઋગ્વેદ અને અથર્વવેદ (૯-૭-૧)માં મદ્યપાન, જુગાર, માંસાહાર અને વ્યભિચારથી વિવેકનો નાશ થાય છે તેવું કહ્યું છે. તેમાં મદ્યપાનને પ્રથમ દૂષણ ગણાવેલ છે, કારણ કે બાકીના ત્રણેય અનર્થોનો આરંભ પ્રાયઃ મદ્યપાનથી જ શરૂ થતો હોય છે. શુક્રાચાર્યે પણ કહ્યું છે કે મદ્યપાન કરનારને બ્રહ્મહત્યા લાગે છે.

મનુસ્મૃતિમાં દસ મહાપાતકમાં મદ્યપાનને મુખ્ય ગણાવીને અનેક જાતનાં પ્રાયશ્ચિત્ત સૂચવ્યાં છે. દારૂડિયાને નાત બહાર મૂકવાની પ્રથા આજે પણ પછાત (ખરેખર તો તેને પ્રગતિશીલ કહી શકાય) જ્ઞાતિઓમાં હયાત છે. તેનું મૂળ આ મનુસ્મૃતિના આદેશ સાથે સેંકડો વર્ષોથી સંબંધિત છે. સ્ત્રીઓએ મદ્યપાન નહીં કરવાનો મનુસ્મૃતિનો કડક આદેશ આપણા આખાય સ્ત્રીસમાજને આ ભયંકર દૂષણમાંથી લગભગ બચાવી શક્યો છે. સ્ત્રીઓ મદ્યવિરોધી હોવાથી તેમનાં પતિ, બાળકો, ભાઈઓ વગેરેને પણ તેમણે મદ્યના માર્ગે જતા પુષ્કળ પ્રમાણમાં રોક્યા છે. દારૂડિયાનું સામજિક અવમૂલ્યન સ્ત્રીસમાજ દ્વારા સવિશેષ પ્રગટ થતું રહ્યું છે, જેનો બહોળો લાભ આખી પ્રજાને યુગોથી મળતો રહ્યો છે. મદ્યપાન કરનાર તો શું, તે બનાવનાર, વેચનાર કે તેના વ્યવસાયમાં સંબંધ ધરાવનાર સૌ કોઈ તિરસ્કૃત



Scanned by CamScanner

ગણાયેલ હોવાથી મદ્યના ધંધા પ્રત્યે જે નફરત કેળવાયેલ છે તેની અસરથી આજે પણ લોકો મદ્યના વેપારને અશિષ્ટ અને પાપી ધંધો ગણે છે. એક જ વખત મદ્યપાન કરવાથી બ્રાહ્મણનો સ્વભાવ ક્ષુદ્ર જેવો થઈ જાય છે, તેવું મનુસ્મૃતિમાં કહેવાયેલ હોવાથી લાખો લોકો મદ્યથી દૂર રહ્યા હશે.

દારૂડિયાનો શ્વાસ પણ બીજાના શ્વાસમાં જવાથી જે પાપ લાગે છે તેના પ્રાયશ્ચિત્ત રૂપે ગાયત્રી મંત્ર કરવાનું કહેવાયું છે. તેને કારણે અનેક લોકો દારૂડિયાની દોસ્તીમાં ફસાતા અટક્યા હશે. મદ્યવાળા પાત્રમાં ભૂલથી પણ ભોજન લેવાઈ ગયું હોય કે પાણી પીવાઈ ગયું હોય તો પાંચ દિવસના ઉપવાસ પ્રાયશ્ચિત્ત રૂપે કરવાના મનુસ્મૃતિમાં કહ્યા છે તે મદ્ય પ્રત્યેની કેટલી બધી નફરત અને સાવચેતી વ્યક્ત કરે છે ! ઓછું ભણેલ ધાર્મિક લોકો, સ્ત્રીઓ અને બાળકોનો એક વર્ગ એવો છે કે જેમની બૌદ્ધિક મર્યાદા છે, જ્ઞાન મેળવવાની કે યાદ રાખવાની સાનુકૂળતા નથી તેમને માટે આવા આદેશ પેઢી દર પેઢી ઉદ્ધારક બની જતા હોય છે. 'મદ્યપાન કરવાથી મનુષ્ય ગાંડો ન હોવા છતાં પિશાચ જેવો ગાંડો થઈ જાય છે. તેની શાસ્ત્રજ્ઞતાનો તથા બુદ્ધિનો પણ નાશ થાય છે. મિત્રો તેને ત્યજી દે છે. સત્પુરુષો તેનો સંગ કરતા નથી. તે ગાન, તાન કે નૃત્યમાં મગ્ન રહે છે. પોતાની ગુપ્ત વાતો પણ ખુલ્લી કરી દે છે.' મનુસ્મૃતિનું આ વિધાન આજે પણ એવું ને એવું જ અનુભવવા



Scanned by CamScanner

મળે છે.

## પુરાણોમાં દારૂબંધી

બ્રહ્મવૈવર્ત પુરાણ, મહાપુરાણ, વિષ્ણુપુરાણ, ભવિષ્યપુરાણ વગેરે પુરાણોમાં મદ્યનિષેધ છે. ગરુડ પુરાણમાં ચારેય વર્ણે મદ્યપાન ન કરવું તેવું ફરમાન છે, જે એ યુગમાં ક્રાન્તિ કહી શકાય. કારણ કે અન્ય શાસ્ત્રોએ ક્ષુદ્રોને મદ્યપાન કરવાની છૂટ આપી હતી, તેની પાછળ તેમના અનુભવ અને મનોવિજ્ઞાનનું જબરું બળ હતું. સ્વભાવથી જે ક્ષુદ્ર હોય છે કે ક્ષુદ્રને ત્યાં જન્મીને પોતે પ્રાયઃ ક્ષુદ્ર ગુણવાળા હોય છે તેવા લોકો વાતાવરણ, કુસંસ્કાર, પ્રેયલક્ષી સ્વભાવ, તમોગુણ, રજોગુણ, અજ્ઞાન વગેરે કારણે પતનશીલ હોવાથી લાખ પ્રયત્ન કરો છતાં સુધરવાની દાનત ધરાવતા જ નથી. તેમના માટે પ્રયત્ન મિથ્યા છે. તેથી તેવા લોકો પ્રત્યે ઉપેક્ષા રાખીને શાસ્ત્રકારોએ તેમને આદેશ આપવો નિરર્થક માન્યો હશે.

આવા અધમ લોકો (ચેપી રોગોની જેમ) અન્ય લોકોને ખૂબ ઝડપથી બગાડી શકતા હોવાથી તેવા લોકોને સમાજથી અલગ રાખવાનું મુનાસીબ માન્યું હશે. પ્રાણ અને પ્રકૃતિ સાથે જતા હોવાથી 'ચાતુર્વર્ણ્ય મયા પ્રોક્તાઃ' બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ક્ષુદ્ર એમ ચાર સ્વભાવ ઉપરથી પડેલા ચાર વર્ણનું સર્જન મેં પોતે કર્યું છે.' તેવા ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણના સૂત્ર અનુસાર સરખેસરખા સાથે રહે તો એકની ખરાબ અસર બીજાને થતી રોકવા અલગ વાડામાં રાખવા હિતાવહ ગણવાથી એક તરફથી



Scanned by CamScanner

દારૂબંધીની પરંપરા ઊતરતી આવી હશે તો બીજી તરફ ક્ષુદ્ર લોકોમાં દારૂ પીવાની પરંપરા ઊતરી આવી હશે, જેના કારણે આજે પણ અમુક જ્ઞાતિ-જાતિમાં મદ્યપાન સામાન્ય બાબત છે અને તેને તેમાંથી છોડાવવાનું કાર્ય અતિશય અઘરું બને છે.

**રામાયણ ને મહાભારત કહે છે...**

રામાયણમાં પણ સંત તુલસીદાસજી કહે છે :

*સંગ સે જાતિ, કુસંગ સે રાજા,*
*માન સે જ્ઞાન, પાન સે લાજા;*
*સુરસરિ જલકૃત વારુણિ જાના,*
*કબહુ ન સન્ત, કર હિ તેહિ પાના.*

'મદ્યપાન કરવાથી લાજ-શરમ કે આબરૂનો નાશ થાય છે, તેથી સજ્જન માણસે કે સંતે કદી પણ મદ્યનું પાન કરવું નહીં.'

**જૈન ને બૌદ્ધ ધર્મ કહે છે...**

'જૈનધર્મવિવેક'માં કહ્યું છે :

'એક પલ્લામાં બધાં જ પાપ મૂકો અને બીજા પલ્લામાં કેવળ મદ્યપાન મૂકો તો તે બંને પલ્લાં સરખાં થશે.'

જૈનધર્મકથાઓમાં મદ્યનિષેધનાં દૃષ્ટાંતો છે.

બુદ્ધ ધર્મના ગ્રન્થ 'બૌધાયન'માં પણ મદ્યપાનને મહાપાપ ગણાવેલ છે. ગૌતમ 'ધર્મસૂત્ર' (૧૧-૨૬)માં કહ્યું છે કે 'જે બ્રાહ્મણ સુરાપાન કરે છે તેના કપાળ ઉપર સુરાપાનનું ચિહ્ન અંકિત કરાવીને તેને દેશનિકાલ કરી



Scanned by CamScanner

દેવો.'

જાતકકથામાં લોકસેવક મઘની કથા દારૂના દુર્ગુણમાંથી લોકોને ચેતવવા માટે જ છે. બૌદ્ધ સાહિત્યમાં કહ્યું છે : 'સુરા, મૈરેય જેવાં અન્ય પ્રકારનાં મદ્ય કે જેનાથી બુદ્ધિનો નાશ થાય છે કે પ્રમાદી બની જવાય છે તેનાથી દૂર રહેવું.' મંગળસૂતમાં પણ ભગવાન બુદ્ધે મદ્યપાન ન કરવા કહ્યું છે.

## શીખ ધર્મ કહે છે....

શીખ ધર્મના ગુરુ નાનક કહે છે :

*'મદ્ય તજ દીજિયે એહિ સદ્ગુરુ માનકી*
*ધર્મભ્રષ્ટ, કુલભ્રષ્ટ હો પરિજાયે જો જાન.'*

જ્યારે 'ગ્રંથસાહેબ'માં કહ્યું છે કે 'મદ્ય પીનારની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે.'

'કબીરપંથ'માં સંત કબીરે કહ્યું છે :

*'કબીર ભાંગ, માછલિ, સુરાની જો આંણિ ખાહિ,*
*તીરથ બરતે તેમ કરી, સમે રસાતલ જાહિ.'*

## ઈસ્લામમાં શરાબબંધી

કેટલાક લોકોમાં એવી ગેરસમજ પ્રવર્તે છે કે મુસલમાન કોમમાં માંસાહાર સહજ હોવાથી મદ્યપાન પણ સહજ હશે, પરંતુ તેવું નથી. ઇસ્લામ ધર્મના મુખ્ય પવિત્ર ગ્રન્થ 'કુરાને શરીફ'માં શરાબને હરામ ગણવામાં આવેલ છે. તેથી ધર્મચુસ્ત કોઈ પણ મુસલમાન શરાબનો સ્પર્શ પણ કરતા નથી હોતા. ઊલટા તેને નાપાક ગણી નફરતની દૃષ્ટિએ જોતા હોય છે. તેથી મદ્યનિષેધની બાબતમાં હિન્દુ



Scanned by CamScanner

ધર્મની પેઠે જ ઇસ્લામ ધર્મની સમાનતા છે. ઇસ્લામ ધર્મમાં શરાબબંધીનો નિયમ કેવી રીતે આવ્યો હશે તેનો તર્ક હઝરત મહંમદ પયગંબર સાહેબના, આરબો દારૂ પીને અંદર અંદર કપાઈ મૂઆ હતા તે પ્રસંગને કારણરૂપ ગણી શકાય. 'કુરાને શરીફ'ના એ આદેશ પછી કરોડો મુસલમાનોએ દારૂનો સ્પર્શ પણ નહીં કર્યો હોય. એટલું જ નહીં કેટલાય મોગલ બાદશાહોએ પોતાના રાજ્યમાં શરાબબંધીને દૃઢતાથી દાખલ કરી હતી, એથીય આગળ વધીને પોતાના શાહજાદાઓને પણ શરાબ પીવા બદલ ધર્મમાં દર્શાવેલ સજા પણ કરી હતી.

**શાહજાદાને દંડ**

ઇસ્લામનો ઇતિહાસ તપાસીએ તો હઝરતઅલી નામના બાદશાહે પોતાના શાહજાદાને શરાબ પીવા બદલ દંડ રૂપે કોરડા મરાવ્યા હતા. તે જ પ્રમાણે બાદશાહ અકબરે પોતાના શાહજાદા દાનિયલને દારૂડિયો થઈ જવાથી કેદમાં પૂર્યો હતો અને કડક ફરમાન કર્યું હતું કે જે કોઈ તેને શરાબ પહોંચાડશે તેને હાથીના પગ તળે કચરાવી નાખવામાં આવશે. શાહજાદો એટલો બધો મદ્યાન્ધ થઈ ગયો હતો કે તે મદ્ય વિના રહી શકે તેમ ન હતો. તેથી તેણે પોતાની હીરાની અતિ મૂલ્યવાન વીંટી લાંચ રૂપે આપવાનું ચોકિયાતને કહ્યું. ચોકિયાત આવી વિષમ પરિસ્થિતિમાં જીવના જોખમે પણ લલચાયો. કડક બંદોબસ્ત એટલો બધો હતો કે પૂરી તપાસ થયા વિના અંદર આવવું મુશ્કેલ હતું. કોઈ એવી યુક્તિ થવી જોઈએ



Scanned by CamScanner

કે રક્ષકોને શંકા ન જાય અને એ રીતે છેતરીને અંદર દારૂ પહોંચાડી શકાય. છેવટે શાહજદાને બુદ્ધિ (કુબુદ્ધિ) સૂઝી કે પહેરેદારે પોતાની બંદૂકની ઊભી નળીમાં દારૂ ભરી અંદર આવી જવું. બંદૂકની ઊભી નળીમાં દારૂ ભરેલ હશે તેવી શંકા કોઈને ન આવી અને તે સલામત અંદર આવી શક્યો. ખુશ થયેલા શાહજદાએ કીમતી વીંટી આપી દીધી અને શરાબને ગ્લાસમાં ઠાલવી ગટગટાવી ગયો. પણ બંદૂકની નળીમાં અંદર જે વર્ષોનો કાટ હતો તેનાથી મદ્ય ઝેરી લઠ્ઠા જેવો થઈ ગયો હતો. તેથી પીતાની સાથે જ શાહજાદો ઢળી પડ્યો ! પરિણામે ચોકિયાતોને પણ હાથીના પગ તળે ચગદાવું પડ્યું !

## ઇસ્લામી રાજ્યોમાં દારૂબંધી

બાદશાહ બાબરે પોતાના શાસન દરમિયાન દારૂબંધીને મહત્ત્વ આપેલું. બાદશાહ ઔરંગઝેબ તો ચુસ્ત મુસલમાન હોવાથી 'કુરાને શરીફ'ના શરાબબંધીના ફરમાનનું ચુસ્ત પાલન કરાવતા.

આજે પણ દુનિયામાં એવાં બે-ત્રણ ઇસ્લામી રાજ્યો છે કે જ્યાં ગુજરાતની પેઠે સંપૂર્ણ દારૂબંધી છે. સાઉદી અરેબિયામાં પણ દારૂબંધી કેટલી બધી ચુસ્ત છે અને તેના સત્તાસ્થાને બેઠેલા પણ તેના વિષે કેટલા દૃઢ હતા તેનું એક પ્રેરક ઉદાહરણ આ પ્રમાણે છે :

**ચર્ચિલને પણ દારૂ નહીં !**

બીજું વિશ્વયુદ્ધ તેની પરાકાષ્ઠાએ પહોંચ્યું હતું ત્યારે મિ. ચર્ચિલને અગત્યની ચર્ચા માટે સાઉદી અરેબિયા



Scanned by CamScanner

જવાનું થયું. જતાં પહેલાં તેમના તરફથી ચર્ચિલને કયો દારૂ પીરસવો વગેરે યાદી મોકલવામાં આવેલી. તે જોઈને ત્યાંના બાદશાહ ઇબ્ન સાઉદે બ્રિટિશ એલચીને કહેવરાવેલું : 'અમે ઇસ્લામીઓ દારૂને અડકતા નથી, તેથી અહીં અમે દારૂ પીરસી શકીશું નહીં.' ઘણી ચર્ચા થઈ, છેવટે બાદશાહે કહેવરાવેલું કે, 'દારૂ વિના ન ચાલે તો મુલાકાત રદ કરો, પણ અમે દારૂ તો નહીં જ આપીએ.'

વિવાદના અંતે ચર્ચિલે દારૂ વિના ચલાવી લેવું તેવું નક્કી થયેલું.

આ પ્રસંગ ઉપરથી અંગ્રેજ અને મુસલમાન પ્રજાનું દારૂ પ્રત્યેનું વલણ સાવ સ્પષ્ટ થાય છે.

## અંગ્રેજોની અધમ દેણગી

ભારતમાં તો પ્રાચીન યુગથી જ મદ્યનિષેધનો અમલ હતો. મોગલો આવ્યા તેઓ પણ શરાબબંધીને માનતા હતા. તેથી ભારતમાં મદ્યપાનનું આટલું બધું વલણ વધ્યું અંગ્રેજો આવ્યા બાદ એમ જ સ્વીકારવું રહ્યું.

આપણા ધાર્મિક કે ઐતિહાસિક ગ્રન્થો તો પ્રાચીનકાળથી મદ્યનિષેધની સાક્ષી પૂરે છે. તે રીતે ભારતમાં આવેલા તમામ પ્રવાસી પણ અહીં મદ્યનિષેધની આણ હતી તે વાતનો સ્વીકાર કરે છે.

ઈ.સ.પૂ. ૩૯૯માં ભારતના પ્રવાસે આવેલા ચીની યાત્રી ફાહ્યાને અહીં જોયેલું કે ભારતવર્ષના લોકો કોઈ પણ માદક પીણાના વ્યસનમાં ફસાયેલા ન હતા. અહીં મદ્યનું વેચાણ પણ ક્યાંય ન હતું.



Scanned by CamScanner

મૌર્યકાળમાં ભારતમાં આવેલા મેગસ્થનીસે મદ્યનિષેધની ચર્ચા કરી છે. તેણે કહ્યું છે : 'ભારતમાં કેવળ બલિદાન આપવા પૂરતો મદ્યનો ઉપયોગ થતો.' (રાક્ષસ, યક્ષ, પિશાચને બલિદ્રવ્યમાં માંસ-દારૂ વગેરે ધરવામાં આવતા હશે.)

ઈ.સ. ૧૪૯૮માં આવેલા વાસ્કો-ડી-ગામાએ લખ્યું છે : 'હિન્દની પ્રજાને મેં સાદી, સીધી, ભોળી, ધાર્મિક માન્યતાવાળી અને મદ્યત્યાગી પ્રજા તરીકે જોઈ હતી.'

પ્રવાસી ટેવનિયરે પણ આવું જ કહ્યું છે. અંગ્રેજ પ્રવાસી બર્નિયર ઈ.સ. ૧૬૫૬માં ભારતના પ્રવાસે આવેલ. તેમને ભારતમાં માદક પીણાં પ્રાપ્ત થઈ શક્યાં ન હતાં. તે અંગે તેમણે લખ્યું છે : 'ભારતના સમજુ લોકો કેવળ ચોખ્ખું પાણી પીવાની ટેવ પાડતા હોય છે, અથવા તો લીંબુનું શરબત પીવાની ટેવ પાડતા હોય છે. આ વસ્તુઓ મફત અને નજીવા ખર્ચમાં મળી રહે છે અને કોઈ પણ જાતનું નુકસાન કરતી નથી. ત્યાંની (ભારતની) ગરમ આબોહવામાં કોઈને દારૂ પીવાની જરૂર જણાતી નથી. ત્યાં તો હંમેશાં ખૂબ જ પસીનો થતો રહે છે અને સમાજ દારૂડિયાઓનો ખૂબ જ વિરોધી હોવાથી લોકો દારૂથી દૂર ભાગે છે.'

### અંગ્રેજોના આગમન અગાઉ દારૂબંધી !

આનો અર્થ એ થયો કે ઠેઠ અંગ્રેજો આવ્યા ત્યાં સુધી ભારતમાં મદ્યનિષેધ હતો. એમના આગમન સાથે મદ્યનું આગમન થયું, અથવા મદ્યને પ્રોત્સાહન મળ્યું.



Scanned by CamScanner

અંગ્રેજો આવ્યા આ દેશમાં વ્યાપાર અર્થે. તેઓ કેટલીક સારી બાબતોની સાથે ઘણી ખરાબ બાબતો પણ લાવ્યા. તેમાં મદ્યના વ્યસનને ખૂબ આગળ પડતો નંબર આપવો પડે. અંગ્રેજો આવ્યા પહેલાં પણ આપણા દેશમાં દારૂ હતો પણ તે સીમિત હતો. ક્ષુદ્ર કે અધાર્મિક લોકો જ છૂપી રીતે પીતા. ઉચ્ચ વર્ણમાં તેનું નામ લેવું તે પણ પાપ ગણાતું. બ્રાહ્મણો, વૈશ્યો અને ક્ષત્રિયોમાં તે ત્યાજ્ય બાબત લેખાતી. ધર્મ, નીતિ અને સંસ્કારનાં મૂળ એટલાં બધાં દૃઢ હતાં કે ક્યાંયથી પણ મદ્ય પ્રવેશ પણ કરી શકે નહીં.

## વેપારવૃત્તિને કારણે દારૂની બદી ફેલાણી

પરંતુ, વ્યાપારી અને રાજનૈતિક સ્વાર્થ ધરાવતા અંગ્રેજો માટે એ બાબત જ અસહ્ય અને અવરોધરૂપ હતી. (કોઈ પણ પ્રજાના સંસ્કારનું પતન કર્યા વિના તેને ગુલામ બનાવી શકાતી નથી.) તેથી અંગ્રેજોએ સર્વ ક્ષેત્રે પોતાનું આધિપત્ય જમાવવા અહીંની પ્રજાને શરાબી બનાવવાનું વ્યવસ્થિત કાવતરું શરૂ કર્યું. અહીંનો ધર્મ, અહીંના રીતરિવાજ, અહીંના સંસ્કાર એ બધા પ્રત્યે ધીરેધીરે ઘૃણા ફેલાવી અને અંગ્રેજી સંસ્કૃતિ શ્રેષ્ઠ ગણાવીને અનુકરણીય છે તેવો પ્રચાર કરી મદ્યપાન કરવું તે પણ સુધારાનું એક અંગ છે તેવું ભારતીય લોકોના દિમાગમાં ઘુસાડી દીધું. પોતાનો વેપાર વધારવા અને ભારતીય પ્રજા નમાલી બને એટલે સત્તા હાથ કરવા તેમણે વ્યાપારી ધોરણે દારૂની બદી ફેલાવવી શરૂ કરી.



Scanned by CamScanner

ઠંડા પ્રદેશમાં રહેનારા, સમુદ્રની સફર ખેડનારા, નાના ટાપુઓમાં રહી માંસ-મચ્છી ઉપર જીવનારા અને સંસ્કાર અને સંયમ સાથે જેને કશી લેવાદેવા નો'તી તેવા અંગ્રેજોએ દારૂની બદી ગરમ, ખેતીપ્રધાન, નિરામિષ અને ફળાહારી, ધાર્મિક, નૈતિક, સંસ્કારી અને આયુર્વેદદર્શિત દિનચર્યા, ઋતુચર્યા અને પથ્ય આહાર-વિહારના નિયમો અનુસાર જીવનારી, મદ્યનિષેધમાં ખૂબ માનનારી પ્રજા ઉપર જ લાદી !... યુક્તિ-પ્રયુક્તિ, ભય, પ્રલોભન વગેરે દ્વારા.

અંગ્રેજોએ ભારતની પ્રજાનું પતન કરવા શરાબની જાળ ૧૭૯૦માં આબકારી જકાતનો કાયદો કરીને ફેંકી. તે દ્વારા તેમણે કરોડો રૂપિયા લૂંટવા શરૂ કર્યા. મદ્ય દ્વારા તેણે મોગલ બાદશાહો, મોગલ શાહજાદા, ઉચ્ચ કક્ષાના વજીરો, મરાઠા છત્રપતિઓ તેમજ રાજા-મહારાજાને દારૂડિયા બનાવી કુસંપ, નબળાઈ, ગફલત, વિલાસ વગેરે વધારી સત્તા પ્રાપ્ત કરી. આખા વિરાટ, સશક્ત દેશને ગુલામ બનાવ્યો.

## અશ્વિનીકુમારનો વિરોધ

અંગ્રેજોની કુટનીતિ દ્વારા આપણે ત્યાં યુક્તિ-પ્રયુક્તિથી કરવામાં આવેલ મદ્યનિષેધનો એ જમાનામાં પણ વિરોધ કરાયેલો. બંગાળના બોરીસાલ પરગણાના શ્રી અશ્વિનીકુમાર દત્તે ઘણા મોટા પાયા પર મદ્યનિષેધનું કામ ઉપાડ્યું હતું. તેના પરિણામે ૫૧ દુકાનો બંધ થઈ ! આ ક્રાન્તિકાર્યનો પડઘો ઠેઠ બ્રિટનની પાર્લામેન્ટમાં પડ્યો અને ચર્ચાનો મોટો વિષય બની જતાં ભારતના સચિવ લોર્ડ



Scanned by CamScanner

માર્લેએ સંસદસભ્ય કિપર હાર્ડીને તપાસ કરવા ઇન્ડિયા મોકલ્યા. પરિણામે ક્રાન્તિકારી શ્રી અશ્વિનીકુમારને લખનૌની જેલમાં ધકેલાવી દેવાયા ! શ્રી અશ્વિનીકુમારના પ્રેરક કાર્યથી ખુદ ગાંધીજીએ મદ્યનિષેધ કાર્ય માટે પ્રેરણા મેળવી હતી.

કૉંગ્રેસની સ્થાપના પહેલાં એટલે કે સન ૧૮૮૫ પહેલાં બંગાળના શ્રી કેશવચંદ્ર સેને મદ્યનિષેધ પ્રવૃત્તિમાં ઝુકાવ્યું હતું. તેમાં તેમણે ઈંગ્લેંડના મદ્યનિષેધકોની મદદ લીધી હતી. તેમણે કહેલું કે 'બ્રિટિશ સરકાર પોતાના લેખકો શેક્સપિયર અને મિલ્ટન સાથે સાથે બ્રાંડીની બાટલીઓ પણ લેતા આવે છે.'

બ્રિટનની આમસભામાં મિ. કેન અને મિ. સ્મિથે ભારતપક્ષે દારૂબંધીનો પ્રશ્ન રજૂ કરેલ. તેના કારણે દારૂની આયાત ઉપર કર નાખવામાં આવ્યો. બંગાળની સરકારે ખાનગી દારૂ ગાળવાની પદ્ધતિ રદ કરી અને મદ્રાસની સરકારે ૧૮૮૯માં દારૂની સાત હજાર દુકાનો બંધ કરાવી હતી !

## વડિયા સ્ટેટની પહેલ

ગુજરાતમાં આજે જે દારૂબંધી છે તેનાં મૂળ તો નંખાયાં હતાં ઠેઠ સને ૧૯૨૨માં સૌરાષ્ટ્રના વડિયા સ્ટેટ દ્વારા. ત્યાંના મહારાજાએ જાહેર કરેલ નશાબંધીનો ભંગ કરનારને ૧૦ વર્ષની સખત કેદ અને દસ હજાર રૂપિયાનો દંડ જાહેર કર્યો હતો ! આ અંગેની બાતમી આપનારને અર્ધી રકમ ઇનામમાં આપવામાં આવતી !

❀



Scanned by CamScanner

# ૨ ઝેરનો કટોરો

વિશ્વનું પ્રાચીનતમ આરોગ્ય વિજ્ઞાન આયુર્વેદ છે. 'આયુર્વેદ' શબ્દની વ્યાખ્યા જ એવી છે કે જેમાં આયુ(જીવન)ને લગતી તમામ બાબતોની છણાવટ કરવામાં આવી હોય. માનવજીવનને અતિ પ્રાચીનકાળથી મદ્ય સાથે ઔષધ રૂપે કે વ્યસન રૂપે પનારો પડેલો હોવાથી તેના ગુણદોષનું વર્ણન આયુર્વેદે તટસ્થપણે કરવું પડે તે સ્વાભાવિક છે. વેદમાં પણ જેનો ઉલ્લેખ છે તે મદ્ય વિષે ગુણદોષનું સર્વપ્રથમ વ્યવસ્થિત અને વિસ્તૃત વર્ણન કર્યું આયુર્વેદે. આયુર્વેદ એ કોઈ ધર્મગ્રન્થ કે નીતિગ્રન્થ ન હોતાં કેવળ વિજ્ઞાનનો વિષય હોવાથી દારૂ વિષે આગ્રહ કે પૂર્વગ્રહનો ત્યાગ કરીને તેણે કેવળ તટસ્થ વલણ અપનાવ્યું છે. માનવજીવનને બચાવવા માટે કેવળ ઔષધ તરીકે માત્રા, દેશ, કાળ, બળ, વય, પ્રકૃતિ, સત્ત્વ, સાત્મ્ય, રોગ વગેરેનો વિચાર કરીને વૈદ્યની દેખરેખ નીચે તેનું સેવન કરવાનું હોય ત્યારે તેને 'અમૃતરૂપ' કહ્યું છે. તેનાથી ઊલટું, જ્યારે એ બધી શરતોથી વિરુદ્ધ આડેધડ વ્યસન રૂપે લેવાતું હોય ત્યારે તેને 'વિષરૂપ' માન્યું છે.

*યથોપેતં પુનર્મદ્યં પ્રસંગાદ્યેન પીયતે ।*
*રૂક્ષવ્યાયામનિત્યેન વિષવત્ યાતિ તસ્ય તત્ ॥*

જે માણસનું શરીર રૂક્ષ હોય અને જે માણસ કાયમ શ્રમજીવી હોય તે જ્યારે અને જેવું મળી આવે તેવું કોઈ પણ



Scanned by CamScanner

મદ્ય પીએ તો તે મદ્ય વિષની જેમ મારક બને છે.

દારૂબંધી હોય તે પ્રદેશમાં કે ન હોય તે પ્રદેશમાં પણ લઠ્ઠાનાં પ્રકરણો કઈ રીતે બને છે, તે આ સમજવાથી સમજી શકાશે.

## આયુર્વેદની શરતો

મદ્યપાન ન નડે કે ઓછું નડે તે માટે આયુર્વેદે જે શરતો મૂકી છે તે શરતો પ્રમાણે તો કદાચ એક જ ટકા લોકોમાં મદ્ય પીવાતું હશે. બાકીના નવાણું ટકા તો તે શરતોનો ભંગ થઈને જ પીવાતું હોય છે. મદ્ય પીનારા વર્ગમાં પ્રાયઃ રાતપાળી કામ કરનારા લોકો, રાતપાળી મિલમજૂરો, મેલું ઉપાડનારા ભંગી, સફાઈ કામદારો, ખેતમજૂરો કે કારખાનામાં કામ કરનારા મજૂરો કે રાત્રે જાગનારા વોચમેન, પોલીસતંત્ર, સૈનિકો કે લોજ-હોટલમાં કામ કરનારા અથવા લારી ચલાવીને રોજનું રોજ રળનારા શ્રમજીવી કે ગરીબો જ હોવાના. આવા લોકોના ખોરાકમાં ઘી-દૂધ-મીઠાઈઓ જેવો સ્નિગ્ધ ખોરાક પ્રાયઃ ન હોવાથી તેમનાં શરીર રૂક્ષ હોય છે. આવા લોકો મોટે ભાગે તો દેશી દારૂ કે લઠ્ઠો પીતા હોય છે. જેમાં સડેલું અનાજ, સડેલી ગોળની રસી, નવસાર, બાજરી, મકાઈ, જવ, મહુડો, તાડી, ફટકડી વગેરે સાવ હલકી કોટિનાં કે સડેલાં હોય છે, જે રૂક્ષ અને અપોષક હોય છે. વળી તે મન ફાવે તેમ તૈયાર કરેલાં કે પેક કરેલાં હોય છે. આવો દારૂ ખુલ્લો અને ગંદી જગ્યાએ સંઘરેલો પણ હોય છે. દારૂને મળતાં માદક દ્રવ્યો જેવાં કે સ્પિરિટ,



Scanned by CamScanner

કોલનવોટર, મિથાઇલ આલ્કોહોલના પૌઆ વગેરે હોય છે, જે ક્યારેક જથ્થાબંધ મૃત્યુના કારણ પણ બને છે.

## લઠ્ઠાનાં પ્રકરણો

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં સરકાર અને પોલીસતંત્રના આંખમીંચામણાથી ગેરકાયદેસર જે દારૂ ગળાતો રહે છે અને વેચાયા કરે છે તેના કારણે ગોમતીપુર, રાજપુર, સારંગપુર, મણિનગર વગેરેમાં લઠ્ઠા પ્રકરણોમાં સેંકડો લોકો મર્યા હોવાના દસ્તાવેજી પુરાવા છે. ગુજરાતમાં સુરત, ગોંડલ, રાજકોટ, પ્રભાસ પાટણ વગેરેનાં લઠ્ઠા પ્રકરણોનો હિસાબ માંડીએ તો દારૂને કારણે તત્કાલીન મરનારા લોકોનો આંકડો હજારોની સંખ્યામાં થાય.

લઠ્ઠાનાં પ્રકરણો કેવળ દારૂબંધીવાળા પ્રદેશમાં જ થાય છે તેવું નથી. દારૂની સંપૂર્ણ કે આંશિક છૂટ હોય તેવા તામિલનાડુ, દિલ્હી, મુંબઈ, કલકત્તા, કેરલ, બેંગલોર, મદ્રાસ વગેરેમાં લઠ્ઠાથી સેંકડો લોકોનાં મૃત્યુ થયાં હતાં. ભારત તો શું વિદેશમાં પણ આવા મૃત્યુના આંકડા સામુહિક રીતે મળી આવેલ છે.

જેને આપણે દેશી દારૂ કે લઠ્ઠો કહીએ છીએ તે જ મારક છે એવું નથી. ઈ.સ. પૂર્વે જ્યારે ભેળસેળની પ્રાયઃ કોઈ શક્યતા નહોતી ત્યારે પોષક આહાર અને ફળોમાંથી તૈયાર થતાં મદ્ય પણ ઝેરી હોય છે તેવું આયુર્વેદે લખ્યું છે. ઘઉં, ચોખા, દ્રાક્ષ, શેરડી, ખજૂર, ખાંડની રસી – કાકવી... વગેરેમાંથી તૈયાર થતી ૧૨ પ્રકારની સૂરા જેવી કે પનાસા, દ્રાક્ષ, ખર્જુરા, તાલ,



Scanned by CamScanner

શિક્ષવા, માહ્નિવિકા, સૈરા, અરિષ્ઠા, મૈરેયા, નૈકલજા અને સૂરા વગેરે અતિ માત્રાથી પણ વધારે પીવાય ત્યારે સદ્ય મારક અને નહીં તો ધીરે ધીરે ધીમા વિષની જેમ મારક બને છે.

## ગ્રન્થો કહે છે

અષ્ટાંગહૃદયમાં ('મદ્યસ્ય વિષસાદશાત્ – મદ્ય અને વિષનો સ્વભાવ સરખો છે') તેમ જાહેર કરેલ છે. વિષ તુરત પ્રાણઘાતક છે અને મદ્ય તેવું નથી તે વાત આયુર્વેદે આ શ્લોકમાં કહી છે :

*તીક્ષ્ણાદયો વિષેઽપ્યુક્તાશ્રિતાપ્લાવિનો ગુણાઃ ।*
*જીવિતાન્તાય જાયન્તે વિષે સૂત્કર્ષપ્રવૃત્તિતઃ ॥*

ઝેરમાં પણ ચિત્તને ભમાવી નાખે તેવા તીક્ષ્ણ વગેરે દસ ગુણ કહેલ છે. પણ એ ગુણો તેમાં અતિ પ્રમાણમાં હોવાથી સદ્યમારક બને છે. (જ્યારે મદ્યમાં અલ્પ પ્રમાણમાં હોવાથી ધીમા વિષનું કાર્ય કરે છે.

આવો જ એક શ્લોક માધવનિદાનમાં આ પ્રમાણે છે :

*યે વિષસ્ય ગુણાઃ પ્રોક્તાસ્તેઽપિ મદ્યે પ્રતિષ્ઠિતા ।*
*તેન મિથ્યોપચારેણ ભવેત્યુગ્રો મદાત્યયઃ ॥*

વિષમાં જે ગુણ રહેલા છે તે ગુણ મદ્યમાં પણ રહેલા છે. તેથી જ તેના મિથ્યા સેવનથી ભયંકર મદાત્યય જેવા રોગો થાય છે. ઉપરોક્ત વાતને વધુ સારી રીતે સમજવા મદ્યના દસ ગુણને તપાસી લેવા જોઈએ :

*મદ્યમુષ્ણં તથા તીક્ષ્ણં સૂક્ષ્મં વિષદમેવ ચ ।*
*રૂક્ષમાશુકરં ચૈવ વ્યવાયિ ચ વિકાસી ચ ॥*



Scanned by CamScanner

મદ્ય ઉષ્ણ (ગરમ, પિત્તવર્ધક), તીક્ષ્ણ (મનની સ્ફુર્તિનો નાશ કરનાર), સૂક્ષ્મ (બારીક સ્રોતો કે અંગપ્રત્યંગોમાં તુરત પ્રવેશ કરનાર), વિષદ (વાતપ્રકોપક, પ્રાકૃત કફ તથા બળનો નાશ કરનાર), રૂક્ષ (વાયુવર્ધક કે વાયુપ્રકોપક), આશુકારી (પીતાં જ તુરત અસર કરે તેવો), વ્યવાયી (માનસિક કે જાતીય ઉત્તેજનાને વધારનારો), વિકાસી (શરીરમાં અને હૃદયમાં તુરત પહોંચી જનાર અને ઓજનો નાશ કરનાર છે).

મદ્યમાં કહેલા આ દસ ગુણ સોમલ, અફીણ જેવાં વિષ અને ઉપવિષમાં પણ કહેલા હોવાથી મદ્યને આયુર્વેદના તમામ ગ્રન્થકર્તાઓએ ધીમું વિષ માન્યું છે.

મદ્યનો સૌથી મોટો એક દુર્ગુણ તેમાં ઓજસનો નાશ કરવાનો ગુણ છે તે કહી શકાય. કારણ કે ઓજસ એ આપણા શરીરમાં અતિ ઉપયોગી ધાતુઓનો સાર છે. તે પ્રાણને ધારણ કરનાર, તૃપ્તિ આપનાર, જીવનરૂપ, ગર્ભનો સાર, ગર્ભના રસનો પણ સાર, ગર્ભના હૃદયમાં સર્વ પ્રથમ પ્રવેશ કરનાર, આયુષ્યસ્વરૂપ અને જીવનનું સંચાલક બળ છે. આ ઓજસનો નાશ થવાથી જ મૃત્યુ થાય છે તેવું કહ્યું છે. શુક્રના સારસ્વરૂપ અને આત્માના અસ્તિત્વ જેવા શરીર માટે અને હદય માટે ઉપયોગી એવા આ ઓજસમાં ગુરુ, શીત, મૃદુ, સાન્દ્ર, પ્રસાદી, સ્થિર, શ્લક્ષ્ણ, પિચ્છિલ, સ્નિગ્ધ વગેરે ઉપરાંત મદ્યના અમ્લરસથી વિપરીત મધુર રસને લીધે તેના ગુણ પરસ્પર સાવ વિપરીત હોવાથી એકબીજાના છેદ ઉડાડે છે.



Scanned by CamScanner

મદ્યપાનથી ઓજસના આ દશેય ગુણનો પરાભવ થવાથી ઓજસના આશ્રયરૂપ હૃદયને ક્ષોભ પહોંચાડીને કેફ ઉત્પન્ન કરે છે. (અને પછી રોગકર તથા મારક બને છે.)

*સત્ત્વં તદાશ્રયં ચાશુ સંક્ષોભ્ય જનયેન્મદમ્ ।*
*રસધાત્વાદિ માર્ગાણાં સત્ત્વબુદ્ધિન્દ્રિયાત્મનામ્ ।*
*પ્રધાનસ્યૌજસશ્ચૈવ હૃદય સ્થાનમુચ્યતે ।।*

રસધાતુ આદિના માર્ગરૂપ બધી ધમનીઓનું, મનનું, બુદ્ધિનું બધી ઇન્દ્રિયોનું, આત્માનું તથા તે સાતેય ધાતુના સારરૂપ ઓજસનું એકમાત્ર સ્થાન હૃદય છે.

આયુર્વેદે મદ્યના અનેક પ્રકારનાં ગણાવ્યા છે. તેમાં 'સુરા' નામનું મદ્ય અતિ તીક્ષ્ણ અને માદક હોવાથી ઓજસનો તુરત નાશ કરી, હૃદયને વિકૃત કરી, હૃદયમાં રહેલ ધાતુઓને વિકૃત કરી ધીમા વિષનું કાર્ય કરી શકે છે.

## સદ્ય મારક મદ્ય

કેવળ લઠ્ઠાથી જ તુરત મૃત્યુ થાય છે તેવું નથી. ઊંચી જાતનો કે વિદેશી દારૂ પણ હદથી વધારે પ્રમાણમાં પીવાય તો પણ સદ્ય મારક બને છે. અમેરિકામાં એક ઓગણીશ વર્ષના નવયુવકે આંતરિક સ્પર્ધામાં ચારેક કલાકમાં બ્રાન્ડી, વ્હીસ્કી અને રમ ખૂબ માત્રામાં ઢીંચવાથી તુરત જ મૃત્યુ થવાની ઘટનાનો ઉલ્લેખ શ્રી વિલિયમ પ્લાઇનેરે કર્યો છે.

અમેરિકામાં ૧૯૩૫માં ડાયલન થોમસ નામનો કવિ 'ગ્રીનવીચ' નામની એક હોટલમાં મદ્યપાન કરીને ઢળી



Scanned by CamScanner

પડેલો.

દારૂના આ જલદ કે ધીમા ઝેરીપણાને કારણે જ અંગ્રેજીમાં દારૂના નશાને 'ઇનટોક્સિનેશન' એટલે કે 'ધીમું વિષ ચડવું' એવું યથાર્થ નામ આપવામાં આવ્યું છે. દારૂ ગાળનારા અને વેચનારાના સંદર્ભમાં કોઈકે યોગ્ય જ કહ્યું છે કે, 'દારૂની ભઠ્ઠીનો ધંધો એટલે શબ ઉપર બેસીને રોટલા ખાવા જેવા ધંધો.' ડૉ. રિચાર્ડ સી. કેવોટે દારૂને ઝેર કહેલ છે. પેરિસના ફેકલ્ટી ઑફ મેડિસિનના ડીન ડૉ. ડેબોય તથા ત્યાંની જનરલ હૉસ્પિટલના તબીબ ડૉ. ફઈસા લખે છે કે 'મદ્ય એ અસાધ્ય વિષ છે.' વિશ્વમાં મૃત્યુકારક બાબતોમાં હૃદયરોગ અને કેન્સર પછી તુરત ત્રીજું જ સ્થાન મદ્યના વ્યસને મેળવ્યું છે.

૨૦૦ ઉપરાંત વર્ષ પહેલાં લોર્ડ ચેસ્ટર ફિલ્ડે તા. ૨૧-૧૧-૧૭૪૩ના રોજ બ્રિટનના ઉમરાવોની સભામાં મદ્યપાનથી થતી આવકના વિરુદ્ધમાં પ્રવચન કર્યું હતું ત્યારે તેણે દારૂને ઝેર તરીકે વર્ણવ્યું હતું.

નાનકડા એવા ફ્રાન્સમાં વર્ષે ૨૦થી ૨૫ હજાર જેટલાં મૃત્યુ આ દારૂને કારણે થાય છે, તો ભારતમાં તેનો આંકડો ૩૦ હજારે પહોંચે છે. ઈંગ્લેંડમાં એક હજાર મૃત્યુ, તો અમેરિકામાં હજારોની સંખ્યામાં મદ્યજન્ય મૃત્યુ નોંધાય છે.

## ધીમું વિષ

એક સંશોધન પ્રમાણે મદ્યના કારણે શરીરમાં સંચિત થતા ધીમા વિષથી સરાસરી ૧૫ વર્ષે દારૂડિયાનું મૃત્યુ



Scanned by CamScanner

થતું હોય છે અને બીજા લોકોની સરખામણીમાં દારૂડિયો લોકો ૧૬ ગણા વધુ પ્રમાણમાં મૃત્યુના ભોગ બને છે.

પશ્ચિમના શિક્ષિત દેશોના લેખકો અને કવિઓ જેવા વધુ શિક્ષિત અને સમજુ લોકોએ આ મીઠા ઝેરની બદીમાં મૃત્યુને આલિંગન આપ્યું હોય તેવા અગણિત દાખલા નોંધાયા છે. તેમાંથી ઉદાહરણાર્થે ફિટ ઝિરાલ્ડ નામનો નવલકથાકાર દારૂની લતે ચડી ૪૪ વર્ષની વયે મૃત્યુ પામ્યો હતો, તો રીંગ ઝિરાલ્ડ નામના લેખકે ૪૮ વર્ષની ઉંમરે જીવન સંકેલી લીધું હતું. જ્યારે માઈકલ લોરી નામનો લેખક ૪૭ વર્ષે દારૂને કારણે મૃત્યુ પામ્યો હતો. તેણે 'અન્ડર ધ વોલ્કાનો' નામની નવલકથામાં પોતાની જ કરુણતા ચીતરી હતી !

અંતે, કવિશ્રી 'જગતમિત્ર'ના શબ્દોમાં કહું તો...

*પડતીનું છે નામ મદિરા,*
*વિષ કેરો છે જામ મદિરા;*
*પરથમ સુખ લાગે,*
*પણ અંતે બૂરો અંજામ મદિરા.*

*

*કે યુગોથી માનવીમાં વિષ રૂપે ફેલાય એ,*
*એટલે માનવમહીં ના કસ કશો દેખાય છે;*
*એ હળાહળ ઝેર, જે મહાદેવ પણ ના પી શકે,*
*માનવી એ ઝેર પીને અંધ થઈ હોમાય છે.*



Scanned by CamScanner

# ૩ સર્વધર્મમાં મદ્યનિષેધ

વિશ્વના તમામ ધર્મોનો મૂળભૂત હેતુ વ્યક્તિ કે સમાજની આધ્યાત્મિક, નૈતિક કે સામાજિક ઉન્નતિનો જ હોઈ શકે, જેના દ્વારા અનેક સદ્‌ગુણ અને શક્તિની પ્રાપ્તિ થાય. તેમ જ જાણતાં કે અજાણતાં તેનો શારીરિક, માનસિક, આર્થિક અને રાષ્ટ્રિય વગેરે ક્ષેત્રે વિકાસ પણ



Scanned by CamScanner

થાય. મદ્યપાન આ બધી બાબતોમાં બાધારૂપ હોવાથી દુનિયાના એકેએક ધર્માચાર્યોએ દારૂને આ પ્રમાણે ત્યાજ્ય ગણાવ્યો છે.

### (૧) હિન્દુ ધર્મ :

હિન્દુ ધર્મ એ વિશ્વનો આદિધર્મ કે સનાતન ધર્મ હોવાથી તેનો ઇતિહાસ ખૂબ જ જૂનો છે. તેનું પ્રાચીનમાં પ્રાચીન સાહિત્ય વેદો મનાયેલ છે. તેમાં ઋગ્વેદ અને અથર્વવેદમાં મદ્યનિષેધવિષયક પુષ્કળ સૂક્તો આપવામાં આવેલાં છે. ઋગ્વેદમાં મદ્યને પ્રમાદકારક, ક્રોધકારક, અનર્થકારક તેમજ જુગાર રમવાની પ્રેરણા દેનાર કહેલ છે. તેમાં સુરાપાનને પાપ પણ માનવામાં આવેલ છે. એક શ્લોકમાં કહ્યું છે :

'મદ્ય પીનારા અંદરોઅંદર લડે છે, તેને કારણે શારીરિક શક્તિ ક્ષીણ થઈ જવાથી તેઓ અકાળે વૃદ્ધ થઈ જાય છે.'

'સપ્ત મર્યાદામાં મદ્યપાન કરનારને પાપી કહેલ છે.... વગેરે. જ્યારે અથર્વવેદમાં કહ્યું છે, 'હે મનુષ્ય ! માંસ, મદ્ય, વ્યભિચાર અને જુગાર એ ચારેયમાંથી તારું મન હટાવી લે. એનું આકર્ષણ તને પતનના માર્ગે લઈ જશે.' (અથર્વવેદ ૬+૭૦-૧).

## આયુર્વેદમાં મદ્યનિષેધ

આયુર્વેદ એ આરોગ્યનું વિજ્ઞાન હોવા છતાં તેને ઉપવેદ અથવા પંચમવેદ માનવામાં આવેલ છે. તેમાં તો મદ્યનિષેધ વિષે એટલું બધું કહેવામાં આવ્યું છે. કે તેનું



Scanned by CamScanner

એક અલગ પુસ્તક પ્રગટ થઈ શકે. (જુઓ, મારું પુસ્તક 'ઝેર તો પિવાતાં જાણી જાણી ! ભાગ બીજો.)

ચરકસંહિતામાં કહેવામાં આવ્યું છે કે, એવું એક પણ ખરાબ કામ નથી કે જે દારૂડિયો ન કરે. દારૂ તમામ કુકર્મો શીખવનાર ગુરુ છે. દારૂ અનેક રોગ કરનાર અને અનેક અવગુણ આપનાર હોવાની વાત એક બાજુએ મૂકીએ અને કેવળ દારૂ પીવાથી વ્યક્તિ ભાન ભૂલી જાય છે એટલી એક બાબત પણ દારૂ ન પીવા માટે પૂરતી છે. દારૂડિયા માટે 'પાપી', 'મૂર્ખ', 'મૂઢ' વગેરે શબ્દો પણ આયુર્વેદે પ્રયોજ્યા છે. અષ્ટાંગહૃદયમાં કહ્યું છે :

*ધર્માધર્મં સુખંદુઃખમર્થાનર્થં હિતાહિતમ્ ।*
*યદાસક્તો ન જ્ઞાનાતિ કથં તચ્છીલયેદ બુધઃ ॥*

દારૂમાં આસક્ત રહેનારને ધર્મ કે અધર્મનું, સુખનું કે દુઃખનું, અર્થનું કે અનર્થનું, હિતનું કે અહિતનું ભાન રહેતું નથી. તેથી તેવા વ્યસનમાં સમજુ વ્યક્તિ તો શા માટે ફસાય ? (એટલે કે ડાહ્યા માણસો તો દારૂથી દૂર જ રહેવાનું પસંદ કરે. (અષ્ટાંગ, નિદાન, અ. ૬/૮)

## મનુસ્મૃતિમાં નિષેધ

નૈતિક આદેશો અને સમાજ સુવ્યવસ્થા માટે સ્મૃતિઓમાં મનુસ્મૃતિનું સ્થાન આગળ પડતું છે. તેમાં મદ્યનિષેધ વિષે તો એક અલગ લેખ થઈ શકે તેટલું કહેવામાં આવ્યું છે. તેમાં કહ્યું છે : 'મદ્યસેવન માનવને પતન તરફ લઈ જનાર છે. તેથી બ્રાહ્મણ, ક્ષત્રિય અને

વૈશ્ય લોકોએ તો કદાપિ મદ્યપાન ન કરવું. તે યક્ષ, રાક્ષસ અને પિશાચોનું પીણું છે. કેવળ એક વખત મદ્યપાન કરવાથી બ્રાહ્મણ પણ ક્ષુદ્રની કોટિમાં મુકાઈ જાય છે.' પાંચ મહાપાતકમાંથી મદ્યપાનને પણ એક મહાપાતક ગણેલ હોવાથી મદ્ય પીવું નહીં તેવું કહ્યું છે. મદ્યપાન કરનારી સ્ત્રી સાથે મૈથુન કરવાની પણ મનાઈ છે. મનસ્મૃતિના એક શ્લોકમાં કહ્યું છે : 'મદ્યપાન કરવાથી મનુષ્ય ગાંડો ન હોવા છતાં પિશાચ જેવો ગાંડો થઈ જાય છે. સંસ્કારી મિત્રો તેનો ત્યાગ કરી જતા રહે છે. સત્પુરુષો કદી તેનો સંગ કરતા નથી. દારૂડિયા હલકી કોટિના નાચગાનમાં મગ્ન રહે છે. અને પોતાની ગુપ્ત વાતો પણ પ્રગટ કરી દે છે.' એક શ્લોકમાં કહ્યું છે :

*અજ્ઞાનાત્ વારુણીં પીત્વા સંસ્કારેણૈવ શુદ્ધ્યતિ ।*
*ગતિપૂર્વં નિર્દિષ્ય પ્રાણાન્તિકમિતિ સ્થિતિ ।।*

અજાણતાં મદિરાપાન કરનાર વ્યક્તિ પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થઈ શકે છે. પણ જાણીબૂઝીને મદિરાપાન કરનાર માટે તો મૃત્યુ એ જ પ્રાયશ્ચિત્ત છે.

*બ્રહ્મહત્યા સુરાપાનસ્તેયં ગુર્વંગનાગમમ્ ।*
*મહાન્તિ પાતકાન્યાહુઃ સંસર્ગશ્ચાપિતૈઃ સહ ।।*

બ્રહ્મહત્યા, મદ્યપાન, ચોરી અને ગુરુપત્નીગમન એ ચાર મહાપાપ છે અને એ મહાપાપ કરનારને સાથ આપવો તે પણ પાંચમું મહાપાપ છે. (અ. ૧૧/૫૪)

મદ્યપાનને પાપ માનેલ હોવાથી મનુસ્મૃતિમાં તેનાં અનેકવિધ પ્રાયશ્ચિત્ત પણ આપેલાં છે. મદ્ય પીવાથી, તેનો



Scanned by CamScanner

સ્પર્શ કરવાથી, સૂંઘવાથી કે તેનો કોઈ પણ રીતે સંપર્ક થવાથી પતનકારક છે.

## યાજ્ઞવલ્ક્યસ્મૃતિ અને છાંદાગ્યોપનિષેદમાં નિષેધ

યાજ્ઞવલ્કયસ્મૃતિમાં પણ મદ્યનો નિષેધ છે. પુરાણોમાં વિષ્ણુપુરાણ, બ્રહ્મવૈવર્ત પુરાણ, મહાપુરાણ, ભવિષ્યપુરાણ વગેરેમાં પણ આ વાત કહેવામાં આવી છે. ગરુડ પુરાણમાં ચારેય વર્ણના લોકોને સુરાપાન કરવાની મનાઈ ફરમાવી છે. (ધર્મખંડ, અ. ૩/૫૬). છાંદાગ્યોપનિષદમાં મનુસ્મૃતિના શ્લોકને મળતો શ્લોક છે, તેમાં કહ્યું છે; 'સોનું ચોરનાર, દારૂ પીનાર અને ગુરુપત્ની સાથે આડો વહેવાર રાખનાર અને બ્રાહ્મણની હત્યા કરનાર એ ચાર જણા તથા તેવા લોકોનો સંગ કરનાર એ પાંચેય જણ મહા પાપી છે.' (અ. ૫/૧૦)

એ જ ઉપનિષદમાં અધ્યાય ૧૧માના પાંચમા ખંડમાં મહામુનિઓને નિમંત્રણ આપતાં પોતાની પવિત્રતા વ્યક્ત કરવા અશ્વપતિ રાજા કહે છે, 'મારા રાજમાં કોઈ ચોર નથી, કોઈ કંજૂસ નથી તેમજ કોઈ દારૂ પીનાર પણ નથી.'

## 'શતપથ બ્રાહ્મણ'માં દારૂની નિંદા

'શતપથ બ્રાહ્મણ'માં પણ દારૂની નિંદા કરવામાં આવી છે. 'સૂત્રયુગ'માં જીવડાવાળા સડેલા ચોખા, સડેલા જવ અને સોડવી મૂકેલ અનાજ તેમજ છોડના મૂળને ઉકાળીને દારૂ બનાવાતા હોવાથી તે અપવિત્ર, દૂષિત, અનારોગ્યકર અને હિંસક માન્યો છે. આ જ ગ્રન્થમાં



Scanned by CamScanner

અન્ય સ્થળે એક ખૂબ જ માર્મિક શ્લોક છે, તેમાં કહ્યું છે : 'તમામેતમામ પાપકર્મોને એક પલ્લામાં મૂકો અને બીજા પલ્લામાં મદ્યપાનથી થતા પાપને મૂકો તો પલ્લાં સરખાં થશે.'

('જૈનધર્મ વિવેક'માં પણ આવો જ શ્લોક છે.)

## પંચતંત્ર અને નીતિવચન કહે છે

મહર્ષિ શુક્રાચાર્યે પણ મદ્યપાનનું પાપ અને બ્રહ્મહત્યાનું પાપ સરખું ગણાવ્યું છે. 'પંચતંત્ર'ના મિત્રભેદ પ્રકરણનો ૧૮૦મો શ્લોક કહે છે : 'બ્રહ્મહત્યાનું, ચોરીનું કે અન્ય પાપોનું પ્રાયશ્ચિત્ત થઈ શકે છે પણ કૃતઘ્નતાનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી તેમ મદ્યપાન કરનારનું પણ કોઈ પ્રાયશ્ચિત્ત નથી. મદ્ય પીનારા પણ બ્રહ્મહત્યા સમાન ઘાતકી છે. જે પોતે નાશ પામે છે અને પોતાના પરિવારને એ રસ્તે દોરવે છે તેથી તેનું પણ કોઈ પ્રાયશ્ચિત્ત નથી.'

'નીતિવચન'માં કહ્યું છે :

'મદિરા પીનાર બૂમબરાડા પાડે છે, ઝઘડા કરે છે, હકબક કરે છે, તેને અકારણ અકસ્માત થાય છે, તે અકારણ ક્રોધ કરે છે. તેથી મદિરા સામે નજર પણ ન કરવી. કારણ કે તે સાપની પેઠે દંશ દે છે.' (એટલે કે દારૂ ઝેરી હોવાથી પીનારને કમોતે મારી નાખે છે.)

'નીતિવચન'માં એક આ પણ સૂત્ર છે :

'મદ્યસ્ય કુતઃ સત્યમ્ – દારૂડિયા પાસે સાચું બોલવાની કે સાચું આચરવાની આશા રાખવી નિરર્થક છે.' કારણ કે દારૂ પીનારમાં એક પછી એક જે ચોરી,



Scanned by CamScanner

જુગાર, વ્યભિચાર, હિંસા વગેરે દુર્ગુણો આવે છે તે અસત્યને જ પ્રેરનારા હોય છે. તેનું એક અસત્યનું વર્તુલ પેદા થતું હોય છે કે જેમાંથી ઇચ્છે તો ય તે વ્યક્તિ સચ્ચાઈનો માર્ગ સ્વીકારી ન શકે. 'નીતિવચન'માં એક સુમધુર અને યાદ રહી જાય તેવો શ્લોક પણ આ પ્રમાણે છે :

*ચિત્તે ભ્રાન્તિર્જાયતે મદ્યપાનાત્ ।*
*ભ્રાન્તે ચિત્તે પાપચર્યામુપૈતિ ।*
*પાપં કૃત્વા દુર્ગતિં યાન્તિ મૂઢા ।*
*તસ્માત્ મદ્યં નૈવ પેયં ન પેયમ્ ॥*

મદ્યપાન કરવાથી બુદ્ધિ બગડી જાય છે. બુદ્ધિ બગડી જવાથી વ્યક્તિ પાપાચાર કરવા માંડે છે. પાપના આચરણથી એ મૂઢ વ્યક્તિની અધોગતિ થાય છે. તેથી હે મનુષ્યો ! દારૂ પીશો નહીં, પીશો નહીં !

## સ્વામિનારાયણની શિક્ષાપત્રીમાં

હિન્દુ ધર્મ સંબંધિત સંપ્રદાયોમાં સ્વામિનારાયણ સંપ્રદાયની શિક્ષાપત્રીના શ્લોક ૩૧માં કહ્યું છે : 'દારૂ તો ક્યારેય ન પીવો, એટલું જ નહીં, જે ઔષધમાં દારૂ કે માંસનો અંશ હોય તે ક્યારેય ન પીવું.'

'આર્યસમાજ'ના સ્થાપક મહર્ષિ દયાનંદે કહ્યું છે, 'દારૂ મનુષ્યોને રાક્ષસ બનાવી દે છે.'

## રામાયણ અને મહાભારતમાં

હિન્દુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિના મહામૂલા ગ્રંથ રામાયણમાં તુલસીદાસજીએ અનેક સ્થળે મદ્યની નિંદા આ



Scanned by CamScanner

રીતે કરી છે :

'દારૂ પીનારી વ્યક્તિ નિર્લજ બની જાય છે. મદ્યપાનથી ગુણોનો નાશ થાય છે. તેમની આ ચોપાઈ યાદ રાખવા જેવી છે, જેમાં કહ્યું છે કે સજ્જન વ્યક્તિએ ક્યારેય વારુણી (દારૂ)નું સેવન ન કરવું.

*સુરસરિ જલકૃત વારુણિ જાના,*
*કબંહું ન સંત કરહિ તેહિ પાના.*

એ જ પ્રમાણે મહાભારતમાં પણ મદ્યપાનની સ્થળે સ્થળે પુષ્કળ નિંદા કરી છે. અનુશાસનપર્વ અધ્યાય ૧૪૫માં ભીષ્મ અને યુધિષ્ઠિર-સંવાદમાં દારૂના દુર્ગુણનું વિષદ વર્ણન છે :

મદ્યપાન કરનારા લોકો ઉન્મત્ત (પાગલ) વ્યક્તિના જેવું આચરણ કરે છે. કોઈ પણ કારણ વિના હસે છે. કોઈ હેતુ વિના જેમતેમ બકબક કરે છે; કોઈ નાચે છે, કોઈ ઉચિત-અનુચિત રાગડા તાણે છે, કોઈ પરસ્પર લડે-ઝઘડે છે અને પડે-આખડે છે. તેઓ વિચિત્ર વાતો કરે છે અને કોઈ તો વિવેકહીન બની નગ્ન થઈ નાચે છે! મદ્યપાન બુદ્ધિ અને વિવેકનો નાશ કરે છે. દારૂ પીનારી વ્યક્તિ અશિષ્ટ બની જઈ સારાંનરસાંનો વિવેક કરી શકતી નથી, કેમકે તેમની વિચાર કરવાની શક્તિ નાશ પામી હોય છે. તે નિંદ્ય કામો કરવા માંડે છે અને અપવિત્ર થઈ જાય છે, કારણ કે તે માંસાહાર વગેરે આહારનું સેવન કરે છે. દારૂ પીનારા લાલચુ બની જાય છે. અને પોતાના મુરબ્બીઓ સાથે પણ અશિષ્ટતા



Scanned by CamScanner

આચરે છે અને અપશબ્દો બોલે છે. તેઓ સન્માનનીય સ્ત્રીઓ પ્રત્યે પણ અસભ્ય વર્તન કરે છે અને પોતાનું ભલું શામાં છે તે સાંભળવા પૂરતો પણ વિનય-વિવેક તેનામાં હોતો નથી. – આ પ્રમાણે મદ્યપાનમાં ઘણા દુર્ગુણ છે, તેથી મદ્યપાન કરનાર નિઃસંદેહ પાપના કાદવમાં ખૂંપી જાય છે. તેથી સમજુ માણસો કે જે પોતાનું અને બીજાનું કલ્યાણ ઇચ્છે છે તેઓ મદ્યનો ત્યાગ કરે છે, કારણ કે તે ત્યાજ્ય પીણું છે. જો ચારિત્ર્ય, મર્યાદા અને પવિત્રતાની રક્ષા માટે સુરાપાનનો ત્યાગ કરવામાં ન આવે તો સમગ્ર જગત સિદ્ધાન્તહીન અને બેજવાબદાર થઈ જશે.'

મહાભારતના આદિપર્વમાં પણ મદ્યપાનને બ્રહ્મહત્યા જેટલું જ નિંદ્ય ગણ્યું છે. તો શાન્તિપર્વ (અ. ૧૧૦-૨૨)માં કહ્યું છે, 'જે લોકો જીવનમાં કદી પણ માંસ-મદિરાને અડકતા નથી તેઓ સદા સુખી થાય છે.' મહાભારતમાં જ રાજા પરીક્ષિતે ચાર સ્થળે કલિયુગને રહેવાની છૂટ આપી છે, તેમાં પ્રથમ સ્થાન સુરાપાનનું છે. સંબંધ ન રાખવા જેવી દસ વ્યક્તિમાં મહાભારતે દારૂડિયાની પણ ગણના કરી છે.

## (૨) જૈન ધર્મ

જૈન ધર્મના પ્રસ્થાપક મહાવીર સ્વામી કહે છે, 'જે માનવી મદ્યપાન કરવાથી વ્યસનમાં ફસાઈને ખૂબ નિંદનીય કુકર્મો કરે છે તે આ લોકમાં અને પરલોકમાં પણ ભારે કષ્ટ ભોગવે છે.'



Scanned by CamScanner

જૈન શાસ્ત્રમાં કહ્યું છે : 'જુગાર, દારૂ, માંસ, વેશ્યાગમન, શિકાર, ચોરી અને પરસ્ત્રીગમન એ સાત દુર્વ્યસનો દુર્ગતિ તરફ લઈ જનારાં મહાપાપ છે.'

## (૩) બુદ્ધ ધર્મ

બુદ્ધ ધર્મમાં પણ મદ્યને ત્યાજ્ય ગણાવતાં ભગવાન બુદ્ધે ખૂબ માર્મિક અને મક્કમ શબ્દોમાં કહ્યું છે કે, 'હે મનુષ્યો ! સિંહ સામે જતાં ડરી ન જતા, કારણ કે તે તમારા પરાક્રમની પરીક્ષા છે. તમે તલવાર સામે મસ્તક ધરતાં પણ ડરતા નહીં કારણ કે તેમાં તમારી બલિદાન ભાવનાની કસોટી છે. (કોઈને બચાવવા) આગમાં કૂદી પડતાં પણ ડરતા નહીં, પરંતુ કેવળ એક દારૂથી હંમેશાં ડરજો. (કારણ, તેના વ્યસનથી મરવામાં બહાદુરી, બલિદાન કે પરોપકારનો હેતુ સિદ્ધ થતો નથી. કેવળ મૂર્ખામી અને મૂઢતા જ સિદ્ધ થાય છે.) કારણ કે દારૂ બધાં જ પાપ અને બધા જ અનાચારની જનેતા છે.'

'બોધાયન'માં ભગવાન બુદ્ધ એક સ્થાને કહે છે, 'જે રાજાના રાજ્યમાં સુરાદેવી આદર પ્રાપ્ત કરશે, તે રાજ્ય કાળે કરીને નષ્ટ થઈ જશે. (અને કુદરતનો કોપ અને પ્રજાના પ્રમાદ તથા પાપને કારણે) તે રાજ્યમાં અન્ન પાકશે નહીં અને ઔષધિઓ ઊગશે નહીં.' (વિશ્વના શ્રેષ્ઠ ઇતિહાસકારોનું પણ એવું જ સંશોધન છે કે દુનિયાની ૨૧ સંસ્કૃતિઓમાંથી ૧૯ સંસ્કૃતિઓના નાશનું કારણ મદ્યપાન છે !)

મંગળસૂતમાં ભગવાન ગૌતમ આદેશ આપે છે કે



Scanned by CamScanner

મન, વચન, કર્મથી પાપ ન કરવાં. મદ્યપાન ન કરવું અને ધર્મના ચિંતનમાં ચિત્ત ચોંટાડવું તે સૌથી કલ્યાણકારી બાબતો છે. બૌદ્ધસાહિત્યમાં કહ્યું છે કે સૂરા, મૈરેય તથા અન્ય પ્રકારના મદ્યનું સેવન કરવાથી પ્રમાદ અથવા બુદ્ધિનાશ જન્મે છે તેથી તેનાથી તો દૂર જ રહેવું. જાતકકથામાં લોકસેવક મઘની કથા પણ દારૂના દુર્ગુણથી લોકોને ચેતવવા માટે જ કહેવામાં આવી છે.

## (૪) યહુદી ધર્મ

યહૂદીઓની ધાર્મિક વિધિમાં શરાબને સ્થાન છે એવી એક માન્યતા છે, તેમાં કશું વજૂદ નથી. કારણ કે પરંપરા પ્રમાણે યહૂદીઓ કેટલાક ખાસ તહેવારોમાં આથા વિનાનો ફળોનો રસ પીએ છે, જેને હિબ્રુ ભાષામાં 'કશેર' કહે છે, જે ખરેખર દારૂ નથી.

## (૫) ખ્રિસ્તી ધર્મ

ખ્રિસ્તી ધર્મમાં ખુદ ભગવાન ઈસુ કહે છે,

'જો તમે પરમપિતા ભગવાનના સ્થાનમાં (ચર્ચમાં અથવા સાક્ષાત્ પ્રભુ પાસે) જવા ઇચ્છતા હો તો ક્યારેય પણ દારૂ ન પીતા. તમારાં સંતાનોને પણ તેમ કરવા ન દેતા.' (કારણ કે ભગવાનનો અને દારૂરૂપી શયતાનનો માર્ગ સાવ વિપરીત છે.)

બાઈબલના ન્યુ ટેસ્ટામેન્ટ (નવા કરાર)માં માંસ અને મદિરામાં ઈશ્વરનું રાજ્ય નથી, તેમ કહેવામાં આવ્યું છે. રોમન કેથલિક પાદરીઓ તો છેક પ્રાચીનકાળથી દારૂબંધીનો ઉપદેશ આપતા રહ્યા છે.



Scanned by CamScanner

## (૬) ઈસ્લામ ધર્મ

(ઈસ્લામ ધર્મ એટલે ભાઈચારાનો ધર્મ. જ્યારે દારૂ તેનાથી ઊલટો, આપસમાં ઝઘડો કરાવતો હોવાથી અવરોધક માનીને કુરાને શરીફમાં તેનો નિષેધ છે. ઈસ્લામ ધર્મના પ્રવર્તક હઝરત મહંમદ પયગંબરના પોતાની યુવાવયમાં થયેલા એક અનુભવના આધારે આ નિયમ બન્યો હોવાનું મનાય છે.

એક વખત તેઓ સાંજના બહારગામ જઈ રહ્યા હતા. ત્યાં રસ્તામાં એક સ્થળે કેટલાક આરબો એકઠા થયેલા, જે હસતા હતા અને આનંદ-પ્રમોદ કરતા હતા. તે જોઈને મહંમદ સાહેબને તે લોકોના ભાઈચારા અંગે માન થયું. બીજા દિવસે સવારે પાછા ફરતાં જોયું તો તે સ્થળ લોહીલુહાણ હતું ! તપાસ કરતાં જાણવા મળ્યું કે રાત્રે તે આરબો દારૂ પીને અંદરોઅંદર કપાઈ મૂઆ હતા (યાદવોની જેમ) ! દારૂના આ દેખીતા દુર્ગુણથી મહંમદસાહેબ ખૂબ ખિન્ન થયા અને તેમણે ભાઈચારાના ઘાતક એવા શરાબનો નિષેધ કરતાં કુરાને શરીફમાં કહ્યું છે, 'હે ઇમાનવાળા લોકો ! દારૂ અને જુગાર નાપાક છે. તે મનુષ્યના નહીં, પણ શેતાનના કામના છે. તેનાથી દૂર રહેશો તો જન્નત પામશો. દારૂ શેતાન છે, તે તમારા ભાઈચારામાં આગ ચાંપીને દુશ્મનાવટ ઊભી કરાવશે. દારૂરૂપ શેતાન તમને ખુદા અને નમાજથી દૂર રાખવા અનેક પ્રલોભનો આપશે. માટે એનાથી દૂર રહેજો.' કુરાનમાં દારૂને તમામ દુર્ગુણોનું મૂળ ગણાવીને હરામ ગણાવ્યો છે.



Scanned by CamScanner

કુરાને શરીફના આ આદેશને કારણે જ, હઝરત અલી નામના બાદશાહે પોતાના નાદાન શાહજાદાને દારૂ પીવાની સજા રૂપે કોરડા મરાવ્યા હતા. શહેનશાહ અકબરનો શાહજાદો દાનિયેલ દારૂડિયો થઈ જતાં તેને નજરકેદ રાખ્યો હતો. બાદશાહ બાબરે પણ પાણીપતના યુદ્ધમાં સેનાને દારૂ આપવાનો બંધ કર્યો હતો. અને સૈનિકોને કહ્યું હતું કે શરાબનો ત્યાગ કરવાથી આપણે પવિત્ર થઈ જીતી શકીશું. અને સામેની મોટી સેનાને હાર આપી ખરેખર જીત મેળવેલી. બાદશાહ જહાંગીરે તથા બાદશાહ ઔરંગઝેબે પણ પોતાના રાજ્યમાં મદ્યનિષેધ કરેલ.

## (૭) શીખ ધર્મ

શીખ ધર્મના પ્રવર્તક ગુરુ નાનકે કહ્યું છે : 'જે મનુષ્ય દારૂનું સેવન કરે છે તેના તીર્થમાં સ્નાન કરવાના, દાન કરવાના તથા ઘણી જાતના કડક યમનિયમો નકામા જાય છે અને તે વ્યક્તિ વિનાશ વહોરે છે.' બીજા સ્થાને તેમના ધર્મગ્રન્થમાં કહે છે : 'આ શરાબ પીવાથી મનુષ્ય અનેક પાપ કરે છે, જે કુપથ પર લઈ જનાર છે.' ઉપરાંત તેઓ કહે છે, 'એક વ્યક્તિ ભરેલું સુરાપાન લાવે છે, બીજી વ્યક્તિ તેમાંથી એક પ્યાલો લઈ લે છે અને તેને પીતાંવેંત બુદ્ધિ ચાલી જાય છે અને ગાંડપણ તેના મનમાં પ્રવેશ કરી જાય છે. પછી એ વ્યક્તિ તારા-મારાનો ભેદ કરી શકતી નથી અને પોતાના પ્રભુથી ભૂલો પડી જાય છે. તે પછી તે માનવ પ્રભુના ન્યાયાલયમાં



Scanned by CamScanner

દંડ પામે છે; તેથી જ્યાં સુધી બની શકે તું આ શરાબ પીવાનું છોડ.' આગળ ઉપદેશ કરતાં તેઓ કહે છે, 'જે મૂર્ખ પોતાના હીન વિચારોને કારણે સુરાપાન કરે છે તે રખાતોના પ્રેમમાં આસક્ત થઈ જાય છે.'

શીખ ધર્મના અન્ય ઉપદેશક ગુરુ ગોવિંદસિંહે પણ ભગવાન બુદ્ધની જેમ ભવિષ્યવાણી કરી છે, 'જ્યારે કોઈ રાજા સુરાપાન કરે છે ત્યારે સમજી લેવું કે તેનું રાજ સુરામાં ડૂબી જશે.' (એટલે કે તે રાજાના અનુકરણથી આખી પ્રજા સૂરાપાનમાં ડૂબી જશે અથવા દુર્ગુણને કારણે આખાય દેશનો વિનાશ થઈ જશે.)

'ગુરુવિલાસ' ગ્રન્થમાં ૧૯મા અધ્યાયમાં કહ્યું છે, 'કેટલીક મહાન અને સુયોગ્ય વ્યક્તિ પણ સુરાપાન કર્યા પછી પશુની માફક વહેવાર કરે છે.'

કબીરપંથમાં કબીર સાહેબે પણ 'ભાંગ પીનાર, મત્સ્યનું ભોજન કરનારા અને મદ્યપાન કરીને નશામાં મસ્ત રહેનાર ગમે તેટલાં તીરથ કરે, વ્રત કે નિયમોનું આચરણ કરે તે નિરર્થક જાય છે.' તેવું કહ્યું છે. તેમની એક સાખી આ પ્રમાણે છે :

*આંગન કહાં શરાબકો જ્ઞાનવંત સુન લેય,*
*માનુસસે પશુઆ કરે, દ્રવ્ય ગાંઠકો દેય !*

હે જ્ઞાની માણસ ! સાંભળી લે. તું જો શરાબનો સંગ કરીશ તો તે તારી ગાંઠનું દ્રવ્ય લૂંટી લઈને વધારામાં તને માણસમાંથી પશુ બનાવી દેશે.

❀



Scanned by CamScanner

# ૪ મદ્યપાનથી થતા શારીરિક રોગો

અતિ મદ્યપાન કે વિકૃત-દૂષિત મદ્યપાનને કારણે મદાત્યય, પાનાત્યય, પરમદ, પાનાજીર્ણ વગેરે રોગો થવાનું આયુર્વેદમાં વિગતે વર્ણન આ પ્રમાણે છે. (સાથે વિશ્વમાં દારૂથી થતાં છેલ્લાં સંશોધનોનો પણ સમાવેશ કરેલ છે.)

૧. **અનિદ્રા :** વાયુકારક કારણોથી ઉદ્ભવતા મદાત્યય રોગમાં અનિદ્રા રોગને લક્ષણ રૂપ ગણાવેલ છે. આજે પરદેશમાં જ્યાં મદ્યપાન પુષ્કળ થાય છે ત્યાં અનિદ્રાનું પ્રમાણ એટલું બધું વધી ગયું છે કે જેમણે ઊંઘવા માટે રોજ ટ્રાન્ક્યુલાઇઝર ટીકડીઓનો ડોઝ વધારતા જ જવું પડે છે.



Scanned by CamScanner

૨. અશક્તિ : દારૂના ગુણ ઓજસથી વિપરીત હોવાથી એટલે કે ઉષ્ણ, તીક્ષ્ણ, વિકાસી, રૂક્ષ, લઘુ વગેરે હોવાથી તે અશક્તિ લાવે છે. કેફી હોવાને કારણે મદ્યપાન કરનારાને પ્રારંભે જાણે શક્તિ મળતી હોય તેવો ભાસ થાય છે. પરંતુ તે છેતરામણી શક્તિ હોય છે. નશાને કારણે દારૂડિયો બૂમો પાડે છે એટલું જ, તેને ટલ્લો મારવામાં આવે તો તુરત પડી જાય તેટલું બધું તેનું શરીર અશક્ત થઈ ગયું હોય છે. લાંબે ગાળે લડવાની તાકાત તેનામાં રહેતી નથી.

એક એવી માન્યતા છે કે સૈનિકો કે પોલીસોને દારૂ પાવામાં આવે છે કે પીએ છે તેનું કારણ દારૂ શક્તિદાયક છે, પણ આ પ્રચાર એક જુઠાણું છે. તેના પુરાવા આ રહ્યા :

બીજા વિશ્વયુદ્ધના પ્રારંભમાં ફ્રાન્સનું પતન થયું હતું તેનું કારણ આપતાં માર્શલ પોતાંએ સ્વીકાર્યું હતું કે, 'અમારા સૈનિકો મદ્યપાન કરતા હતા અને (પરિણામે) લડી શકતા ન હતા.'

કુમાઉ રેજિમેન્ટના એક આખા યુનિટને રદ કરીને નવા સૈનિકોની ભરતી કરવી પડી હતી, કારણ કે તેમાંના મોટા ભાગના સૈનિકો દારૂને કારણે અશક્ત અને રોગિષ્ઠ થઈ ગયા હતા.

બ્રિટિશ સેનાના ઇન્સ્પેક્ટર જનરલ શ્રી વિલિયમે ફર્ગ્યુસને ચેતવણી રૂપે ક્યાંક લખ્યું છે : 'કોઈ પણ એવું નહીં ઇચ્છે કે પોતાના સૈનિકોને કદી નહીં મટનારો અને



Scanned by CamScanner

વિનાશકારી રોગ વળગાડી દઈએ. પરંતુ, એમને ફેશનમાં 'રમ' આપીને આપણે એથી પણ વધારે ખરાબ કામ કરી રહ્યા છીએ.' યુદ્ધવિદ્યાના એક નિષ્ણાતે પોતાનો અભિપ્રાય આપતાં એક પુસ્તકમાં નોંધ્યું છે : 'દારૂ પીધા પછી આંખો, આંગળીઓ અને મગજ ત્રણેય બરાબર રીતે કામ કરી શકતાં ન હોવાથી સૈનિકોને દારૂ આપવો હાનિકારક છે.'

દારૂ પીવાથી શક્તિ જ ઘટે છે તેવું નથી. તે વ્યક્તિની પ્રતિકારશક્તિ પણ ઘટી જાય છે.

ઋગ્વેદમાં કહ્યું છે : 'સુરાપાન કરીને મદ્યપી (મદ્ય પીનારાઓ) આપસમાં લડે છે. તેના કારણે તેમની શારીરિક શક્તિ ક્ષીણ થઈ જવાથી તેઓ અકાળે વૃદ્ધ થઈ જાય છે'

કવિ જગતમિત્રે પણ એક ગઝલમાં કહ્યું છે :

*'ત્રાટકતા વનરાજ તણી પણ ભાંગી નાખે હામ મદિરા,*
*યૌવનમાં પણ ઘડપણ જેવો કાયમનો આરામ મદિરા.'*

(૩) આમવાત : અજીર્ણની અવસ્થામાં મદ્યપાન થાય તો શરીરમાં પેદા થયેલો આમ સાંધામાં પહોંચે અને વાયુકારક કારણો સાથે ભળેલ હોય તો સાંધામાં કોપેલો વાયુ આમ સાથે મળીને આમવાત કરે છે. જેનાં કેડ, ઢીંચણ, ગરદન, એડી વગેરેના મોટા સાંધામાં વીંછીની વેદના જેવી અસહ્ય વેદના થાય છે અને સોજા પણ આવે છે. દુખાવો સવારે વધુ થાય છે, ખટાશ માફક આવતી નથી. તેલ ચોળવાથી દુખાવો વધે છે, ક્યારેક



Scanned by CamScanner

સાથે તાવ પણ આવી જાય છે.

૪. **કલમ :** શ્રમ કર્યા વિના થાક લાગે તે લક્ષણને કે રોગને કલમ કહેવામાં આવે છે. મદ્યપાનથી આવેલ અશક્તિ, ઓજસનાશ કરનાર તથા સાંધાને અને સ્નાયુને ઢીલા કરનાર ગુણથી તમોગુણને કારણે પ્રમાદ, આળસ, ગૌરવ વગેરે આવવાથી કલમ થાય છે.

૫. **કર્ણરોગ :** મદ્યપાનના સેવનથી કાનમાં બહેરાશ, કર્ણશૂળ જેવા રોગો થાય છે. પણ તેમાં વાતજ મદાત્યયને કારણે કર્ણનાદ સવિશેષ જોવા મળે છે.

૬. **કસુવાવડ :** જે સ્ત્રીઓ સગર્ભાવસ્થામાં જ મદ્યપાન કરે છે તેને કસુવાવડ કે ગર્ભપાત થવાની શક્યતા છે. એક અમેરિકન સંશોધન પ્રમાણે સગર્ભાવસ્થાનું મદ્યપાન માતા તથા ગર્ભ બંને માટે ભયંકર પરિણામ આપે છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીના સંશોધન મંડળે તારણ આપ્યું છે કે વિકસતા ગર્ભ અને ગર્ભાધાન ઉપર દારૂની અસર પડે છે. 'ક્રોમોઝોન' પર અસર પડવાથી ગર્ભની શક્તિ ક્ષીણ થાય છે અને ગર્ભ ખોડખાંપણવાળા પણ જન્મે છે. ડૉ. જોન ડિસ્ની કહે છે, 'હું સગર્ભા સ્ત્રીઓને દારૂ નહીં પીવાની સલાહ આપું છું.'

૭. **કેન્સર :** આ યુગનો મુખ્ય અને મહાભયંકર મારક રોગ કેન્સર થવાનું એક આગળ પડતું કારણ મદ્યપાન છે. તમાકુનું સેવન કેન્સર કરે છે અને તેમાં તે મદ્યની જુગલબંધી કરે તો અન્નનળી, શ્વાસનળી અને ગળાનું કેન્સર અનેક ગણું વધી જાય છે. 'બીગ ઈસ્યુ'નો



Scanned by CamScanner

એક અહેવાલ છે કે દારૂને કારણે કેન્સર ખૂબ જ વધી ગયું છે. મદ્યપાનથી મોઢાનાં અને સ્વરયંત્રનાં કેન્સર વધુમાં વધુ થાય છે તેવું ડૉક્ટર વિલિયમ અને ડૉક્ટર હોર્ને કહ્યું છે. તેણે ૧૯૭૭માં ૭૫૧૮ કેસની તપાસ કરીને આ કહ્યું છે. તદુપરાંત અન્નનળી, આમાશય, આંતરડાં, લીવર, છાતી, થાઈરોઈડ ગ્લેન્ડ અને ચામડીનું કેન્સર પણ થાય છે. સ્ત્રીઓમાં આ જાતના કેન્સરનું પ્રમાણ વધુ હોય છે. સ્ટેલમેન તથા પીન્ડર નામના સંશોધકોએ પણ ૧૯૭૭માં જ ૩૭૧૬ કેસ ઉપર સંશોધન કરેલું તેમાં પણ તેમણે ઉપર પ્રમાણે જ તારણ આપ્યું હતું.

વિદેશના સંશોધકો કહે છે કે બીડી-સિગારેટ કરતાં પણ શ્વાસનળી અને ફેફસાનું કેન્સર કરવાની શક્તિ દારૂમાં વધુ છે અને તે પણ અનેક ગણી.

અમેરિકાના ફૂડ ડિપાર્ટમેન્ટે અનેક પ્રયોગો કરીને વ્હીસ્કી અને બિયરની અનેક જાતો કેન્સર કરે છે તેમ નક્કી કરી આપ્યું છે.

અમેરિકામાં બોસ્ટનના કેન્સર સંશોધકોએ આઠ હજાર માણસો પરના સંશોધન બાદ જાહેર કર્યું છે કે, એક મહિનામાં ત્રણ પિન્ટથી વધુ વ્હીસ્કી પીવાથી આંતરડાનું કેન્સર થવાના સંયોગોમાં ત્રણ ગણો વધારો થાય છે.

મુંબઈ વગેરે શહેરના લોકો નિર્દોષ માનીને મન ફાવે તેટલો બિયર પીએ છે, પરંતુ તેમણે જાણી લેવું જરૂરી છે કે દારૂ કરતાં પણ બિયરમાં કેન્સર કરવાનો ગુણ વધુ પ્રમાણમાં છે. હિડલબર્ગમાં જર્મન કેન્સર સંશોધન



Scanned by CamScanner

કેન્દ્રમાં વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું છે કે જર્મની, બ્રિટન અને બીજા પાશ્ચાત્ય દેશોમાં બનતા બિયરથી કેન્સર ઉત્પન્ન કરનારા સૌથી વધુ 'નાઇટ્રોસામિન્સ' નામના જીવાણુ પેદા થાય છે. 'ધી નેશનલ ઇન્ક્વાયરર' નામના સામયિકમાં જણાવવામાં આવ્યું છે કે અમેરિકામાં ૪૧ રાજ્યોનો અભ્યાસ કરનારા લોસ એન્જલીસના કેલિફોર્નિયા યુનિવર્સિટીના ડૉક્ટર નોરમન ઈ. બેસલો નામના સંશોધક એવા તારણ ઉપર આવ્યા છે કે બિયર પીવાથી મોટા આંતરડાનું તથા ગુદાનું કેન્સર થઈ શકે છે. રોડ ટાપુ અને ન્યૂયોર્ક જેવાં રાજ્યોમાં પ્રત્યેક વર્ષે વ્યક્તિ દીઠ ૮૦ ક્વાર્ટર અને ૬૫૦ મિ.લી. બાટલી બિયર પીવાય છે. ત્યાં ગુદાના કેન્સરનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે.

૮. **ખાંસી :** જે કારણો ઊભાં થાય તે પ્રમાણે વાતજ, પિત્તજ, કફજ કાસ મદ્યપાનથી થાય છે. ક્યારેક ક્ષયજ કાસ પણ થાય છે. ખાંસી (કાસ) ઉપર સમયસર કાબૂ લેવામાં ન આવે તો ક્ષય પણ થઈ શકે છે.

૯. **ગર્ભવિકૃતિ :** આગળ જોયું તેમ સગર્ભાવસ્થામાં થયેલ મદ્યપાન ગર્ભપાત કરે છે અથવા તેમ ન થાય તો જન્મેલો ગર્ભ વિકૃત શરીરવાળો હોય છે. પરદેશમાં જ્યાં સ્ત્રીઓમાં દારૂની ફેશન વધતી જાય છે ત્યાં આ વિકૃતિનું પ્રમાણ વધારે જોવા મળે છે.

જન્મનારાં બાળકો અપંગ કાયાવાળાં, માનસિક વિકૃતિવાળાં, રોગિષ્ટ અને અલ્પાયુષી હોય છે તેટલાથી જ નથી પતતું. જન્મ્યા પછી પણ સ્તનપાનમાં પણ મદ્યની



Scanned by CamScanner

અસર બાળકના શરીરમાં પહોંચતાં અનેક રોગને નિમંત્રણ મળે છે અને તે બાળકો મોટાં થતાં દારૂડિયા થઈ જવાની વધુ દહેશત રહે છે.

૧૦. **ચર્મરોગ :** મદ્યમાં ખાસ કરીને પૈત્તિક ચર્મરોગો, રક્તદોષ અને એલર્જી પેદા કરવાના ગુણ હોવાથી ઘણા ચર્મરોગો થાય છે, તેમાંય મોં પર કાળાશ અને કાળા ડાઘ ખાસ થતા જોવામાં આવે છે.

૧૧. **જ્વર :** દારૂડિયાને અવારનવાર તાવ આવી જવાની દહેશત રહે છે. પ્રતિકાર શક્તિ ઘટવાથી ઋતુસંધિકાળે તાવ આવી જતાં વાર નથી લાગતી. ફ્લ્યુ, મેલેરિયા અને પિત્તજ્વરનું પ્રમાણ તેમાં સવિશેષ હોય છે. ક્યારેક ક્ષયના લક્ષણરૂપ કે જીર્ણ જ્વર રૂપે લાંબો સમય તાવ ચાલે છે. મદ્યપાનથી ત્વચાનાં છિદ્રો પહોળાં બનતાં ગરમી બહાર ફેંકાઈ જવાથી, શરીર ઠંડું પડી જાય છે અને ન્યુમોનિયા થઈ શકે છે.

૧૨. **જળોદર :** સોજા, પાંડુ, લીવરનો સોજો તેમજ ઉદરરોગના છેલ્લા સ્ટેજમાં જળોદર થતું હોય છે. મદ્યપાન કરવાથી આ બધા રોગો થવાની શક્યતા છે. તેમાં પેટમાં પાણી ભરાય છે.

૧૩. **જાતીય રોગો :** મદ્યપાનથી કામુકતા વધી જાય છે અને અતિ મૈથુનને કારણે જાતીય અંગોમાં શિથિલતા આવે છે. શુક્ર અને ઓજસનો નાશ થવાથી નપુંસકતા પણ આવી જાય છે. મદ્ય ઉષ્ણ હોવાથી શીઘ્રપતનની પણ શક્યતા છે. ટ્યુરોનિક જાતિના લોકો દારૂને કારણે



Scanned by CamScanner

નપુંસક થઈ જાય ત્યારે ત્યાં છૂટાછેડા આપી દેવાનો રિવાજ છે. માસ્ટર્સ એન્ડ જોન્સન નામના બે વિખ્યાત જાતીય વિજ્ઞાન શાસ્ત્રીઓએ તેમનું પુસ્તક 'હ્યુમન સેક્સ્યુઅલ એડક્વસી' લખ્યું છે. તેમાં લખ્યું છે કે દારૂના વ્યસનથી ક્રમેક્રમે નપુંસક થઈ જવાય છે. અમેરિકા, બેથેસ્ટા, મેરી લેન્ડ અને પીટસબર્ગના ડોક્ટરોએ સંશોધન કરીને પુરવાર કર્યું છે કે દારૂનું લાંબું સેવન નપુંસકતા લાવે છે.

૧૪. **જીભ પર કાંટા :** લાંબા સમયના મદ્યસેવનથી જીભ કાળી અને કાંટાવાળી થઈ જાય છે, જે ઘણું કરીને વાતજ મદાત્યયનું અસાધ્ય લક્ષણ માનવામાં આવે છે.

૧૫. **દાહ :** સર્વાંગદાહ તેમજ એકાંગ દાહ રૂપે ઉરઃદાહ, ઉદરદાહ, નેત્રદાહ, શિરોદાહ, હાથ-પગનાં તળિયાંમાં દાહ વગેરે પણ થાય છે. મદ્ય ગરમ હોવાથી ગરમીની ઋતુ, ગરમ પ્રદેશ, પિત્તપ્રકૃતિ વગેરેમાં પૈત્તિક મદાત્યયના લક્ષણ રૂપે બળતરા કરે છે.

૧૬. **નિસ્તેજતા :** ઓજસ ક્ષય થવાની ચહેરો ઝાંખો કે ફિક્કો દેખાય છે. તેમાંય તે વાતજ કારણો હોય ત્યારે તેનું પ્રમાણ વધારે હોય છે.

૧૭. **નેત્રરોગ :** દારૂ પીવાથી આંખના અનેક રોગ થાય છે. તેમાં કીકી મોટી થઈ જવી, ડોળો લાલ કે પીળો દેખાવો, પ્રકાશ સહન થઈ ન શકવો, દૃષ્ટિ દૌર્બલ્ય તેમજ અંધાપો મુખ્ય છે. લઠ્ઠો અને દેશી દારૂમાં મિથાઇલ આલ્કોહોલના કેવળ ૧૫ મિ.લી. સેવનથી અંધાપો આવે છે. લઠ્ઠો પીવાથી ગોંડલમાં અને ગોમતીપુરમાં પણ ત્રણ



Scanned by CamScanner

વ્યક્તિ અંધ થઈ ગઈ હતી. અન્ય લઠ્ઠાકાંડમાંથી પણ આવા ઘણા કેસ મળી આવે.

'નેચર' નામના એક વૈજ્ઞાનિક સામયિકે નોંધ આપી હતી તે દારૂ પીવાથી આંખોનું તેજ ઘટે છે. દારૂ પીનારા ડ્રાઈવરો પ્રકાશ સહન કરી શકતા નથી. તેથી રાત્રે અકસ્માત થવાનું પ્રમાણ વધારે હોય છે. કેલિફોર્નિયાના બે ડોક્ટરો – ડૉ. એન્થની અને ડૉ. બિયાન બ્રાઉને પણ પ્રયોગો કરીને સિદ્ધ કર્યું છે કે દારૂથી આંખો નબળી પડે છે.

૧૮. **પાચનતંત્રના રોગો :** અમ્લપિત્ત, વિદ્ગ્ધાજીર્ણ, ઉદરદાહ, ઉદરશૂળ, સંગ્રહણી, તીક્ષ્ણાગ્નિ, મંદાગ્નિ, અલ્સર (આંતરડાનું કોઈપણ પ્રકારનું ચાંદું-પેપ્ટિક અલ્સર, સ્ટમક અલ્સર, ઇન્ટેસ્ટાઈન અલ્સર વગેરે) થાય છે.

ખાલી પેટે મદ્યપાન કરવાથી હોજરીની શ્લેષ્મિક કલા વિકૃત થવાથી જઠરમાં સોજો આવે છે અને અરુચિ, અજીર્ણ, મંદાગ્નિ, આમાશયશૂળ, આમાશયં વ્રણ, અલ્સર, હોજરીનું કેન્સર વગેરે થાય છે. લાંબો સમય મદ્યસેવન કરનારની શ્લેષ્મકલા સુકાઈ જાય છે. સ્પિરિટ, ફટકડી, નવસાર, અંબર વગેરેના મિશ્રણવાળા લઠ્ઠાથી આંતરડામાં કાણાં પડી જાય છે.

પિવાયેલું મદ્ય આમાશયમાં ૧૦ ટકા એકઠું થાય તો પાચન ઠપ થઈ શકે છે. આંતરડાંમાં સોજો, સ્વાદુપિંડમાં સડો, ઊલટી, ઊબકા, ઝાડા, કબજિયાત, અમ્લોદ્ગાર, કમળો, પાંડુ વગેરે કરે છે. મદ્ય ઉષ્ણ-તીક્ષ્ણ હોવાથી



Scanned by CamScanner

આમાશયનો મધુર વિપાક બંધ થવાથી પ્રાકૃત કફનો નાશ થતાં આંતરત્વચાને જરૂરી સ્નિગ્ધતા ન મળતાં દાહ પણ થાય છે. અન્ય આહારદ્રવ્યોને પચવું પડતું હોવાથી તેની ક્રિયા ક્રમિક અને ધીમી થાય છે. જ્યારે દારૂમાં વિકાસી, આશુકારી, ઉષ્ણ અને તીક્ષ્ણ ગુણથી તે પચાવી શકાતો નથી. પેટમાં જતાં જ એક ક્ષણમાં શોષણ શરૂ થાય છે, તેથી તે એકાએક ક્ષોભ કરી પાચનતંત્રની વ્યવસ્થા વેરવિખેર કરી નાખે છે. એક ડાકુ કે લૂંટારો કોઈ ગામ ઉપર ત્રાટકે અને જે સ્થિતિ તે ગામની થાય છે તેવી સ્થિતિ પાચનતંત્રની મદ્યપાનથી થાય છે.

પાચનતંત્રમાં મદ્યપાન સૌથી માઠી અસર કરે છે. લિવરમાં કલાકે ૧૫ મિ. લિ. જ દારૂ પચાવવાની શક્તિ છે તેથી બાકીનો દારૂ તેમાં જમા થાય છે. અને ઉષ્ણ, તીક્ષ્ણ, આશુકારી, સૂક્ષ્મ અને વિકાસી ગુણવાળો હોવાથી લિવરના અનેક રોગોને નિમંત્રણ આપે છે. આ રોગમાં લિવરનો સોજો આગળ પડતો અને મારક રોગ મનાય છે. યકૃતનું કાર્ય વિષનો નાશ કરવાનું હોવાથી ધીમા વિષસ્વરૂપ મદ્ય વધુમાં વધુ લિવરમાં પડ્યું રહે છે અને તેના સેલ્સ (Hepetic cells)ને વિકૃત કરે છે. સેલ્સ વિકૃત થવાથી યકૃત પોતાની કાર્યશક્તિ ગુમાવે છે અને પરિણામે યકૃતશોથ – લિવરનો સોજો (સિરોસિસ ઓફ લિવર) શરૂ થાય છે અને સાથે ફરી ડિજનરેશન પણ થાય છે. સંશોધકો કહે છે કે હંમેશાં ૧૨ ઔંસ શરાબ પીનારાને ૨૦ વર્ષમાં લિવરનો સોજો થયા વિના રહેતો



Scanned by CamScanner

નથી. જેમાંના ૫૦ ટકા વ્યક્તિનાં મૃત્યુ થાય છે. છેલ્લે પાંડુ, કમળો જળોદર અને હિમેટિક કોમામાં તેમનું મૃત્યુ થતું જોવામાં આવે છે.

૧૯. **ફેફસાના રોગો :** પિવાયેલું મદ્ય ફેફસાના વાયુકોષો ઉપર અસર કરી શ્વાસાવરોધ, ફુફ્ફુસાવરણ શોથ, શ્વાસ-દમ અને છેવટે ફેફસાનું કેન્સર કરી શકે છે. ફેફસાં દારૂને શોષી લે છે. પછી તેના કારણે પ્રત્યાવર્તન ક્રિયા થવાથી શ્વાસકેન્દ્ર ઉત્તેજિત થતાં ઊર્ધ્વ શ્વાસ (Stertorous Breathing) શરૂ થઈને શ્વાસાવરોધજન્ય અપમૃત્યુ થઈ શકે છે અથવા ઉધરસ, શ્વાસ કે ક્ષય વગેરે ફેફસાના રોગો થાય છે.

હૃદય અને ફેફસાંને નિકટનો સંબંધ હોવાથી હૃદયની ક્રિયા બંધ પડે ત્યારે ફેફસામાં સોજો આવે છે અને તેના વાયુકોષોમાં પાણી ભરાઈ જતાં પ્રાણવાયુ ન જઈ શકવાથી મૃત્યુ થાય છે.

૨૦. **મૂત્રાવરોધ :** ઉનાળામાં જેમ ઊનવા થવાથી મૂત્રાવરોધ થાય છે, તેમ ઉષ્ણ-તીક્ષ્ણ ગુણવાળો દારૂ મૂત્રાવરોધ પેદા કરે છે. વૃક્કશોથના લક્ષણ રૂપે પણ મૂત્રાવરોધ જોવા મળે છે.

૨૧. **રક્તપિત્ત :** મદ્ય ક્ષારીય, ઉષ્ણ, તીક્ષ્ણ વગેરે ગરમ ગુણવાળું હોવાથી પિત્તપ્રકૃતિવાળા, યુવાનો, ગરમ દેશમાં અને ગરમ ઋતુમાં વધારે અને વારંવાર સેવન કરે તો નસકોરી ફૂટવી, લોહીની ઊલટી થવી, લોહીના ઝાડા થવા કે મૂત્રમાર્ગેથી લોહી આવવું વગેરે રોગ કે

જેને આયુર્વેદમાં રક્તપિત્ત કહે છે તે થાય છે.

૨૨. રુધિરાભિસરણ તંત્રના રોગો : રક્તવાહિની ફૂલી જવી, મોં પર લાલાશ, સ્પંદનાધિક્ય, નેત્રરક્તિમા, બ્લડપ્રેસર, ઉષ્ણ શીતત્વમાં વારંવાર પરિવર્તન વગેરે રોગો અને લક્ષણો મદ્ય પીનારામાં જોવા મળે છે. કારણ કે મદ્ય પીતાંની સાથે જ રુધિરાભિસરણ તંત્ર ઉપર અસર કરવા માંડે છે. મદ્યનો કેવળ એક ટકો જ રક્તમાં ભળવાથી વ્યક્તિ લથડિયાં ખાવા માંડે છે હસે છે, રડે છે, ઊંઘે છે, તેનાથી વધુ ટકા ભળવાથી હૃદયની ગતિમાં વિષમતા પેદા થવાથી ધબકારા વધી જાય છે. અને રક્તનો જલિયાંશ શોષાવાથી અને ઓજસનાશ થવાથી હાર્ટફેઇલ પણ થઈ શકે છે.

મદ્ય વ્યવાયી ગુણથી પીતાંની સાથે જ લોહીમાં ભળી જતું હોવાથી તુરત જ પીનારને શક્તિ, સ્ફૂર્તિ, તાજગી, બળ અને જાણે ગતિ મળવાનો અનુભવ થાય છે. દારૂનું ઇન્જેક્શન લેવાથી પણ તે લોહીમાં ભળી આવાં જ લક્ષણો પેદા કરી રક્તમાં ભળેલું મદ્ય વેગથી ત્વચા તરફ જઈને તેનાં છિદ્રોને પહોળાં કરે છે, તેથી ગરમી લાગવા માંડે છે; પરંતુ તે ગરમી તો ચરબી, કાર્બન વગેરે શરીરસ્થ પદાર્થો બળવાથી આવેલ હોય છે, જે સરવાળે આખા શરીરને બાળી નાખે છે. આ રીતે રક્તમાં મદ્ય ભળવાથી રક્તમાં આવશ્યક શર્કરાનું પ્રમાણ ઘટી જાય છે. દારૂડિયાના મોં પર લાલાશ આવે છે તેનું કારણ તો તેની મોંની રક્તવાહિનીઓ ગરમીથી ફૂલી

જાય છે તે છે, નહીં કે શરીરમાં નવું લોહી ભરાવું. કેટલીક વાર તેનાથી ઊલટું, રક્તવાહિની સંકોચાઈ જવાથી પીનારનું મૃત્યુ પણ થાય છે.

૨૩. **વંધ્યત્વ :** જાતીય રોગોમાં જણાવ્યા પ્રમાણે નપુંસકતા, શુક્રદોષ અને બીજદોષ થવાની શક્યતા મદ્યપાનમાં રહેલી હોવાથી પુરુષ કે સ્ત્રીના કારણે કે બંનેના કારણે વંધ્યત્વ આવી શકે છે. મદ્ય અજીવનીય, અરસાયન અને ઓજસ તેમજ શુક્રવિપરીત ગુણવાળું હોવાથી આવું બને છે.

૨૪. **વાતરક્ત :** વાતિક અને રક્તદોષહર કારણોની સાથે સાથે મદ્યપાનનું સેવન કરવામાં આવે તો વાયુ અને રક્ત દૂષિત થવાથી વાતરક્ત (રગતપીત – પત) નામનો રોગ થાય છે. જેમાં હાથ-પગનાં આંગળાં, નાક, કાનની બુટ્ટી, શિશ્ન વગેરેમાં ખાલી ચડી જાય છે ને સ્પર્શશક્તિ ઘટી જાય છે; હાથનાં આંગળાં લાંબા ગાળે વાંકાં પણ વળી જાય છે; દાહ, તોડ અને વ્રણ પણ થાય છે. પરસ્ત્રીગમન, વેશ્યાગમન, અગમ્યાગમન વગેરે તરફ મદ્યપાન કરનારનું વલણ સહજ વધે છે, જેને કારણે રક્તપિત્તનો આ ચેપી રોગ વધુ ફેલાય છે.

૨૫. **વાયુના રોગો :** વાતજ મદાત્યયમાં વાયુના રોગો થવાની શક્યતા છે. વાતપ્રકૃતિ, રૂક્ષ, લઘુ, અલ્પ આહાર, વૃદ્ધાવસ્થા, શોક, દુઃખ, ભય, અવરોધ વગેરે કારણો ઉપરાંત મદ્યપાન કરવામાં આવે તો વાયુના રોગો ઉદ્ભવે છે.



Scanned by CamScanner

મદ્યનો કુપ્રભાવ મગજ ઉપર સૌથી વધુ પડે છે, જેથી મગજ સાથે સંબંધિત સુષુમ્ણા નાડી શિથિલ થઈ જાય છે. જેથી સ્નાયુ ઉપરનું સ્વનિયંત્રણ સમાપ્ત થઈ જાય છે. શરીર આખામાં ઝણઝણાટી એટલે કે પેરેફેરલ અથવા ન્યુરાઈટિસ રોગ કરે છે. એક અંદાજ એવો છે કે મદ્યપાનને કારણે સ્નાયુ ઉપરનું ૬૦ ટકા નિયંત્રણ જતું રહે છે અને પરિણામે પક્ષાઘાત જેવો ભયંકર, દુઃખદ અને જટિલ રોગ શરૂ થાય છે.

૨૬. **વિષાક્તતા :** તમોગુણી વ્યક્તિ મદ્યપાન કરે તો તેને ઊંઘ વધુ આવે છે અને ઊંઘ વિષાક્તતાને વધારનાર હોવાથી તે રીતે પણ મદ્ય પ્રતિકૂળ પડે છે. વિષાક્તતા એટલે ઝેર ચડવું. મદ્ય પોતે વિષદ્રવ્ય હોવાથી તે ધીમું વિષસેવન કરનારમાં ધીમેધીમે વિષનો સંચય કરે છે અને લાંબા ગાળે મારક બને છે. તો લઠ્ઠા જેવા ગેરકાયદે ગળાતા દારૂને કારણે મિથાઈલ આલ્કોહોલ જેવાં માદક દ્રવ્યો ભળી જવાથી પીતાની સાથે વિષાક્તતા પેદા થવાથી તુરત જ વ્યક્તિગત કે સામુહિક મોત નીપજે છે. મદ્યનું વિરુદ્ધ આહાર સાથે સેવન કરવાથી પણ કેટલીક વાર વિષાક્તતા પેદા થાય છે.

૨૭. **વૃક્કશોથ :** વૃક્ક એ શરીરનું મર્મસ્થાન છે, તેથી ક્ષારીયતા, અતિ અમ્લતા, અતિ ઉષ્ણતા કે તીક્ષ્ણતા તેના કોષનો નાશ કરી તેમાં આળપ પેદા કરી સોજો ઉત્પન્ન કરે છે. વૃક્કશોથ એટલે નેફ્રાઇટીસ. ક્રોનિક નેફ્રાઇટિસ થવાથી દારૂડિયાના હાથે-પગે-મોં પર સોજો શરૂ



Scanned by CamScanner

થાય છે અને મૂત્રાવરોધ થઈ કિડની ફેઇલ થઈ મૃત્યુ પણ થઈ શકે છે.

૨૮. **વૃદ્ધત્વ :** વૃદ્ધત્વનાં લક્ષણો વળિયાં, પળિયાં, અશક્તિ, બુદ્ધિ-સ્મૃતિની અલ્પતા, વાયુના રોગો વગેરે દારૂને કારણે વહેલા શરૂ થાય છે. કારણ કે દારૂમાં રસાયન, જીવનીય કે વયઃસ્થાપન (યુવાનીને કાયમ ટકાવી રાખનાર) ગુણ જરાકેય નથી. વળી દારૂડિયો તન, મન, જીવન, કુટુંબ વગેરે રીતે રોજ રોજ ખતમ થતો જાય છે. તેને વૃદ્ધત્વ પણ વહેલું આવે છે.

૨૯. **સોજો :** મદ્યપાન કરવાથી લીવર, કિડની અને હાર્ટમાં વિકૃતિ આવતાં તેના લક્ષણ રૂપે સોજા આવે છે અથવા ઉદરરોગ, પાંડુ, કમળો જેવા રોગના લક્ષણ રૂપે પણ સોજો આવે છે. સોજાનું સ્વતંત્ર દર્દ 'શોથ' પણ મદ્યપાનથી શરૂ થઈ શકે છે.

૩૦. **સંધિવાત :** વાતજ મદાત્યયનાં કારણોથી સંધિવાત થાય છે. આમાં શરીરના નાના સાંધા ખાસ દુઃખે છે અને તે રાત્રે દુઃખે છે. તેલમાલિશથી ફાયદો થાય છે. આરામ કરવાથી રાહત રહે છે. તાડી પીવાથી સંધિવાતની શક્યતા વધે છે.

૩૧. **હૃદયરોગ :** ઓસ્ટ્રેલિયામાં થયેલ વૈજ્ઞાનિક સંશોધન અનુસાર કાર્ડિયોમાયોપથી નામનો હૃદયરોગ થાય છે, જેની નોંધ 'હાર્ટ ન્યુઝ' નામના સામયિકમાં છપાઈ હતી. હૃદયરોગના અભ્યાસીઓ કહે છે કે, મદ્યપાનથી હૃદયની માંસપેશીઓ કમજોર થઈ જાય છે. રક્તનો વેગ



Scanned by CamScanner

વધતાં હૃદયની રક્તવાહિની વારંવાર પહોળી થવાથી શિથિલ થઈ જવાથી, લોહી આગળ વધવાને બદલે સ્થિર થઈ જતાં માર્ગમાં ગાંઠ પેદા થવાથી હૃદય બંધ પડી જાય છે. હવે કોરોનરી હાર્ટ ડિસિઝમાં દારૂ ન પીવાની સલાહ આપવામાં આવે છે.

દારૂ પીવાથી એસ્કોરબિક એસિડનું પ્રમાણ ઘટવાથી હૃદયરોગ થાય છે તેવું અમેરિકન ડૉક્ટરો કહેતા થયા છે. ઓસ્ટ્રેલિયામાં હૃદયરોગના જે દરદી નોંધાયા છે તેમાંના ૨૦ ટકા દરદીનું કારણ મદ્યપાન હતું. હૃદય બંધ પડવાના રોગને ત્યાં 'ક્વિબકનો – બિયર પીનારાનો રોગ' કહેવામાં આવે છે.

આયુર્વેદ અનુસાર પિવાયેલું મદ્ય આમાશયમાં જઈ વ્યવાયી-વિકાસી આશુકારી ગુણથી તુરંત જ નાના આંતરડા દ્વારા શોષાઈને યકૃતમાં જઈ તુરત હૃદયમાં પહોંચે છે. ત્યાં જઈ તે ઓજનો નાશ કરે છે.

૩૨. **હાઈ બી.પી.** : મદ્ય અમ્લ, ઉષ્ણ, તીક્ષ્ણ, વ્યવાયી, વિકાસી અને ઉત્તેજક હોવાથી તેમજ પિત્ત, વાયુ અને રજોગુણ કરનાર હોવાથી હાઈ બી.પી. થાય છે. હાઈ બી.પી. ખૂબ ઊંચું જવાથી તેને કારણે પક્ષાઘાત પણ થઈ શકે છે.

૩૩. **ક્ષય** : ક્ષય એ શરીરના ઘસારાથી થતો રોગ છે. આહારશાસ્ત્રીઓના અભિપ્રાય પ્રમાણે મદ્યમાં પ્રોટિન બિલકુલ ન હોવાથી દારૂડિયા લોકો શરીરના ઘસારા સામે પહોંચી વળતા નથી. અને કોષો સુકાઈને નાશ પામતાં



Scanned by CamScanner

શરીરમાં શોષ કે ક્ષય શરૂ થાય છે. વાતપ્રકૃતિ, પિત્તપ્રકૃતિ, શ્રમજીવી, વેગ રોકનાર, ભયભીત, દુઃખી, પોષક અને સ્નિગ્ધ આહાર નહીં લેનાર વ્યક્તિ મદ્યપાન કરે અને મદ્યપાનને કારણે મૈથુન તરફ વધુ વળે ત્યારે ક્ષય થવાની ઘણી શક્યતા છે. તાવ, ઉધરસ, વજન ઘટવું, અશક્તિ વગેરે લક્ષણો જણાતાં જ આવી વ્યક્તિએ ચેતી જવું જોઈએ.

કેટલીકવાર ઉપર ઉપરથી ખ્યાલ ન આવે ને શરીર સારું દેખાય છતાં ટી.બી.નાં બીજ રોપાઈ જતાં હોય છે. કારણકે દારૂડિયાનું શરીર સળગાવી દેવાયેલા પુસ્તક જેવું જ થઈ જાય છે. પુસ્તક સળગે ત્યારે તેનું કદ વધે છે, અક્ષરો મોટા અને વધુ સ્પષ્ટ લાગે છે, પણ અડકતાં જ બધું ભૂકો થઈ જાય !

દારૂડિયો જેમ જેમ વધુ ને વધુ વ્યસની થતો જાય તેમ તેમ દારૂ અને તેને સંબંધિત વ્યભિચાર, જુગાર, બીડી, ચા, પાન, ચલચિત્રો, નાસ્તા વગેરેનો ખર્ચ વધુ કરે છે. તેથી દૂધ, ઘી, ફળો, મેવા વગેરેમાં ખર્ચ કરી શકતો નથી. અને તે જીવનજરૂરિયાત તરફ તેની કાળજી પણ રહી શકતી નથી. મદ્યપાનના સેવન સાથે માંસાહાર અને લસણ જેવાં દ્રવ્યોનું સેવન અવશ્ય કરવું જોઈએ, એવું આયુર્વેદમાં સૂચન છે. તેને બદલે તેમ નહીં કરનારા શરીરમાં સંતર્પણ કર્યા વિના દારૂ પીએ છે તેથી શરીરનું અપતર્પણ થતાં ક્ષય થયા વિના રહેતો નથી.



Scanned by CamScanner

૫

# મદ્યપાનથી થતા માનસિક રોગો

મહાન નાટ્યકાર શેક્સપિયરનાં દારૂબંધીની તરફેણમાં ત્રણ વાક્યો ખૂબ જ અર્થસભર છે. તેમણે લખ્યું છે, 'શરાબની એક પ્યાલી માનવને બુદ્ધિહીન બનાવે છે, બીજી



Scanned by CamScanner

પ્યાલી ગાંડો બનાવે છે અને ત્રીજી તેને ચેતનાશૂન્ય (મડદા જેવો મૂર્ચ્છિત) બનાવે છે.' દારૂ મગજ ઉપર ક્રમેક્રમે કેવી માઠી અસર ઉપજાવે છે તે સમજવા આ ત્રણ વાક્ય પૂરતાં છે પરંતુ એથી ય આગળ વધીને ડૉ. એમર્સન કહે છે : 'સારી ભાવનાઓને દબાવીને ખરાબ કાર્ય તરફ વલણ કરવું તે શરાબનું મુખ્ય કાર્ય છે.'

દારૂ મન અને મગજ ઉપર ત્રણ રીતે હાનિકારક બને છે : (૧) મગજને નબળું કરે છે. (૨) મગજના રોગો કરે છે. (૩) મનમાં જે સદ્‌ગુણો હોય તેનો નાશ કરી ત્યાં દુર્ગુણોની સ્થાપના કરે છે. (સજ્જનને શેતાન બનાવે છે.) દારૂનું વ્યસન વ્યક્તિને તો માનસિક રીતે બરબાદ કરે છે તે જગજાહેર છે, છતાં કેટલાક લોકો થોડો પીવાથી નુકસાન નથી થતું તેમ માનતા હોય છે. તેમને ડૉ. નિસ્લે લાલબત્તી ધરતાં કહે છે : 'શરાબના પ્રથમ ટીપાના સ્વાદથી જ મગજને નુકસાન શરૂ થાય છે.' અમેરિકાના શ્રી જેક લંડનના શબ્દો અહીં ઉદ્ધૃત કરવા જેવા છે, 'આજે તો મોટા ભાગના વિદેશી વૈજ્ઞાનિકોએ દારૂને જ્ઞાનતંત્રની વિસંગતિ અને બીમારી તરીકેના સંકેત રૂપે ગણાવ્યું છે. એટલું જ નહીં પણ તેનાથી જ્ઞાનતંતુની શિથિલતા સાથે અસલામતી, ભય અને ચિંતાની ભાવના પણ પ્રગટાવે છે.'

આપણે જેના અભિપ્રાયને સન્માનથી સ્વીકારીએ છીએ તેવા આયુર્વેદે પણ મદ્યપાનથી માનસિક હાનિ કેટલી

બધી થાય છે તે એક શ્લોક દ્વારા 'યોગ મહોદધિ' ગ્રન્થમાં આ રીતે વર્ણવી છે :

*મદો મોહો ભયં શોકઃ ક્રોધો મૃત્યુશ્ચ સંશ્રિતાઃ*
*સોન્માદમદમૂર્ચ્છાધાઃ સાસ્મારાપતાનકાઃ ।*
*યત્રૈકઃ સ્મૃતિવિભ્રંશસ્તત્ર સર્વં સાધુ યત્ ।।*

દારૂ પીવાથી મનમાં મોહ, ભય, શોક અને ક્રોધ ઉત્પન્ન થાય છે. તે મૃત્યુનું કારણ પણ બને છે. તે પાગલપન, નશો અથવા અહંકાર, મૂર્ચ્છા, વાઈ, અપતાનક (આંચકી કે ધનુર) વગેરે કરનાર છે. આવા અનેક રોગ કરનાર હોવાથી દારૂનું સેવન કરવું જ ન જોઈએ. એટલું જ નહીં, દારૂ પીવાથી કેવળ એક ભાન ભુલાવી દેવાનો દુર્ગુણ આવે છે તે એક જ દુર્ગુણને કારણે પણ દારૂ ત્યાજ્ય છે.

દારૂનો નશો કેટલીક વાર એટલું બધું ભાન ભુલાવી દેતો હોય છે કે તે માતા, બહેન કે પત્નીનો ભેદ પણ ભૂલી જતો હોય છે ! પોતે કોણ છે, શું કરે છે, શું બોલે છે તે બધું જ તેના ખ્યાલ બહાર હોય છે. ભાનમાં આવે ત્યારે તેના પસ્તાવાનો પાર રહેતો નથી.

દારૂ પીવાથી પ્રાસંગિક માનસિક ગાંડપણ તો આવી જ જાય છે. ઉપરાંત ગાંડપણનો કાયમી રોગ પણ વળગે છે. ૧૯૩૪માં ઈંગ્લેન્ડમાં ગાંડપણવિષયક અહેવાલ પ્રગટ કરવામાં આવેલ તેમાં ગાંડપણ રોગનું મુખ્ય કારણ મદ્યપાન જણાવેલું. યુગોસ્લાવિયાની મેન્ટલ હૉસ્પિટલમાં સરવે કરતાં જાણવા મળેલું કે દારૂના કારણે ગાંડા થઈ ગયેલ હોય



Scanned by CamScanner

તેવા દરદીની સંખ્યા ૩૦ ટકા હતી. 'એવરી અધર મેડ' પુસ્તકમાં ડૉક્ટર ગોરમને લખ્યું છે કે શરાબના કારણે ગાંડપણ કે ચિત્તભ્રમના દરદીની ટકાવારી ૨૫થી ૨૩ ટકા જાણવા મળેલી.

એક સંશોધન પ્રમાણે દારૂના કારણે મૂર્ચ્છારોગનું પ્રમાણ ૧૫ ટકા છે. મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં મૂર્ચ્છામાં પડેલા બૅરિસ્ટરોને પણ ગટરમાં આળોટતા જોયેલા.

મદ્યપાનને કારણે થતા બેકાબૂ બકવાસથી ઝઘડા, ગાળાગાળી, મારામારી, વેરઝેર, ખૂનખરાબી, ગૂંડાગીરી, બળાત્કાર વગેરેના આંકડા તો કોઈ પણ પોલીસ સ્ટેશન કે કોર્ટ આપી શકે. અને તે જાણીને તમને આશ્ચર્ય થયા વિના ન રહે. ક્રિમિનલ કેસના કારણમાં મદ્યપાન ભાગ ભજવતું હોવાના આંકડા પણ આશ્ચર્યજનક હોવાના.

મદ્યપાનથી મગજના ઘણા કોષો મરી જાય છે. તેની પ્રાણવાયુ વાપરવાની શક્તિ ૩૦ ટકા ઓછી થઈ જાય છે. મગજ 'ગ્લુકોઝ' વાપરી શકતું ન હોવાથી માનસિક અશક્તિ આવી જાય છે. તેથી મગજના કાર્યમાં અવરોધ થાય છે. નિર્ણયશક્તિ ઘટે છે, ઉત્સાહ ઘટે છે અને સ્મૃતિ, બુદ્ધિ અને મેધા ઘટે છે. નવું શીખવાની ઇચ્છા થતી નથી. મગજને તર રાખનારો 'ગ્લુટોમાઈન' રસ સુકાઈ જવાથી સુસ્તી આવી જતાં પ્રમાદ, આળસ, કંટાળો, થાક અને પડ્યા રહેવાની અને ઊંઘ્યા કરવાની વૃત્તિ વધતી જાય છે. દારૂડિયાના મગજમાં ખાડા પડી ગયેલા હોય છે. કારણ કે મગજના ટિસ્યુ ઓછા થઈ



Scanned by CamScanner

જાય છે તેની પાછી પૂરવણી થતી નથી. બિયર કે વ્હીસ્કી (દારૂ) બંનેમાં આ પ્રમાણ સરખું જ જોવામાં આવે છે, એટલે કે બિયર ઓછો નુકસાનકારક છે તે માન્યતા ખોટી છે. દારૂના કાયમી અને વધુ સેવનથી દારૂડિયાનું મગજ ફૂલી જાય છે. પણ તેટલા પ્રમાણમાં ખોપરી ફૂલી શકતી નથી, કારણ કે હાડકામાં ફૂલવાનો ગુણ નથી હોતો. તેથી મગજ અંદર ને અંદર ફૂટી જાય છે અને પછી તે ફૂટેલું મગજ સુકાઈ જાય છે. મગજના કોષો નવા ન બનતા હોવાથી તેના મગજમાં ઘા થાય તો તેમાં રૂઝ આવતાં ખૂબ જ વાર લાગે છે. મગજમાં મજ્જાનો સડો થતાં 'ન્યૂરાઈટિસ' નામનો રોગ શરૂ થાય છે, તેમાંથી માથાનો દુખાવો, ઝામર તેમજ અંધાપો પણ આવી શકે છે.

અંગ્રેજો અને ફ્રેન્ચોને ૧૯૧૪ અને ૧૯૪૦માં હરાવી જર્મન સેનાએ ફ્રાન્સને કચડી નાખ્યું અને ત્યાંની પ્રજા ઉપર ભયંકર સિતમ ગુજાર્યો ત્યારે તેનાં કારણો શોધવા સમિતિ નીમવામાં આવેલી તેમાં એ સંશોધન બહાર આવેલું કે આ પાશવિકતા, દુર્વ્યવહાર, બળાત્કાર, લૂંટફાટ વગેરેનું કારણ મદ્યપાન હતું. ડૉક્ટર કોરવિલે એક પુસ્તક લખ્યું છે. તેમાં સાબિત કર્યું છે કે, દારૂને કારણે મગજને ગંભીર નુકસાન થાય છે. આ સંશોધન ઉપરથી ચલચિત્ર તૈયાર થયું છે, જેનું નામ છે 'વર્ડિક્ટ એટ વન કોલન થર્ટ ટુ.'

❀



Scanned by CamScanner

# ૫ ગરીબી હટાવવી છે?... ...તો દારૂને હટાવો !

આજના યુગને 'આર્થિક યુગ' કહી શકાય. મોંઘવારી, અછત, રોજીરોટી, ગરીબી, ભૂખમરો, ભીખ, પછાતપણું, મદદ, રખડતું જીવન, કરકસર વગેરે બાબતો આર્થિક તંત્ર સાથે ખૂબ સંકળાયેલી છે. જ્યારે વ્યક્તિગત દારૂનો ખર્ચ અકાર્યક્ષમતા, બેદરકારી અને બે-આબરૂથી છેવટે ગરીબી સુધી ઢસડી જાય છે. આ ગરીબી અનેક જાતના ગુના પણ કરાવે છે અને જેનાથી વ્યક્તિનું ગૃહજીવન અને સમાજજીવન વેરવિખેર થઈ જાય છે.

## ચોંકાવનારા આંકડા

દેશ અને દુનિયામાં દારૂના કારણે જે આર્થિક નુકસાન થાય છે તેના આંકડા ચોંકાવનારા છે, જેમાંના કેટલાક આ પ્રમાણે છે :

આંતરરાષ્ટ્રીય મજદૂર સંસ્થા તરફથી પ્રગટ થયેલા અહેવાલ અનુસાર દુનિયાભરમાં એક કરોડ માણસો દારૂડિયા છે અને એમની પાછળ ૧૫૦૦ કરોડ ડોલરનો ખર્ચ નીચેની વિગતે થાય છે :

* ફરજ પર ગેરહાજરીથી ઉત્પાદનમાં ઘટાડો.
* નશાને કારણે યંત્રોની ભાંગફોડ
* નશાથી થતા અકસ્માત
* મદ્યપાનને કારણે આવતી માંદગીમાં સારવારખર્ચ.



Scanned by CamScanner

* તોફાનને કારણે ભાંગતૂટ
* નશાને કારણે કાર્યશક્તિમાં મંદતા
* નશાબાજોનાં કુટુંબોને આપવી પડતી રાહતો કે વળતર

– માનવામાં આવે છે કે, દારૂમાંથી રાજ્યોને ઘણી મોટી આવક મળે છે અને દારૂબંધીવાળાં રાજ્યો તે આવક ગુમાવતાં હોય છે, પણ તેવું નથી. ઊલટું, દારૂથી થતી આવક કરતાં તેની પાછળ કે તેના નિમિત્તે થતો સ્થૂળ કે સૂક્ષ્મ ખર્ચ ઊલટાનો વધી જતો હોય છે. ઉદાહારણાર્થે –

**દારૂની આવક સામેનો ખર્ચ**

એકલા વોશિંગ્ટનની દારૂની આવક ૧.૫ કરોડની હતી, તેની સામે ખર્ચ આ પ્રમાણે હતો :

૧.૬ કરોડનું નુકસાન ગેરહાજરીથી.

૨.૨ કરોડનું નુકસાન વાહનોના અકસ્માતથી.

૧.૧૦ કરોડનું નુકસાન હૉસ્પિટલની સારવારથી.

કેલિફોર્નિયાના આરોગ્ય ખાતાએ તારણ કાઢ્યા પ્રમાણે રાજ્યોને દારૂની આવક કેવળ એક રૂપિયો થતો હોય છે, જ્યારે દારૂ નિમિત્તે રાજ્યને ખર્ચ તેનાથી સાડાસાત ગણો થતો હોય છે.

મેસેચ્યુસેટ્સ રાજ્યમાં આ ખર્ચ સાડા ચાર ગણો જણાયો હતો.

એટલે કે, રાજ્યોને સરાસરી આવક કરતાં દારૂની પાછળની જાવક છ ગણી હોય છે.

અમેરિકામાં દારૂને કારણે ૪૦૦૦ કરોડની સંપત્તિનું નુકસાન થાય છે. ત્યાંના ૨૦ કરોડ લોકો પ્રતિ વર્ષ

૧૬૦૦ કરોડ રૂપિયાનો દારૂ પી જાય છે.

## દારૂને કારણે બેહાલી

ડૉ. આર. એમ. માર્ટિને અંદાજ આપ્યો હતો કે અમેરિકામાં ૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ દારૂની જાહેરાત પાછળ થાય છે. પરંતુ અમેરિકાના માજી સેનેટર શ્રી વિલિયમ પ્લાઈનેટે છેલ્લી ગણતરી કરીને ચોપાનિયાં છપાવ્યાં છે તેમાં તેમણે કહ્યું છે કે એકલા અમેરિકામાં પ્રાણઘાતક એવા દારૂની પાછળ ૪૦૦ કરોડ રૂપિયા વેડફાય છે. તે અંગે તેમણે ત્યાંની પ્રજાને જાગૃત કરી અને સરકાર સામે વાંધો દર્શાવ્યો હતો.

ન્યૂયોર્કમાં વિખ્યાત મેનહટન વિસ્તારમાં બોવરી સ્ટ્રીટ છે, ત્યાં પગારના દિવસે પીનાર વ્યક્તિનાં ખિસ્સાં ખાલી થાય છે. પછી તેઓ એકબીજાનાં ખિસ્સાં ફંફોસતા હોય છે. તે માટે ત્યાં મારામારી, વેરઝેર, ખૂન વગેરે બધું જ થાય છે.

દક્ષિણ અમેરિકાનો ચીલી દેશ પછાત ગણાય છે. ત્યાંની પ્રજામાં મદ્યપાનનું એટલું બધું પ્રમાણ વધી ગયું છે કે સરકાર તરફથી તેમને મળતી સહાયમાંથી અડધી રકમ તેઓ તેની પાછળ વેડફી નાખે છે.

ઈંગ્લેંડમાં ત્યાંની ૮૦ ટકા પ્રજા દારૂને કારણે બરબાદ થઈ ગઈ છે. ત્યાં દારૂના ગુલામોની સંખ્યા ૫ લાખની છે. અને એ દેશ દારૂ પાછળ ૧૮૦૦ કરોડનું નુકસાન ભોગવે છે. ત્યાંની હોસ્પિટલોમાં દારૂડિયાની પાછળ ૨૪૦૦૦ કરોડનો ખર્ચ થાય છે. દારૂ પીવાથી આવતી બીમારીઓને કારણે ત્યાંના ઉદ્યોગોમાં કામદારોની ગેરહાજરીમાં



Scanned by CamScanner

૧૮૦૦ કરોડનું નુકસાન થાય છે.

રશિયામાં ૧૯૩૪માં દારૂ પાછળ જેટલો ખર્ચ થયો હતો તેનાથી ૩૮૦ ટકા વધુ ખર્ચ ૧૯૪૫માં દારૂ પાછળ થયો, જેનો આંકડો સાત અબજ અને સિત્તોતેર કરોડ ડોલર હતો. આ ખર્ચ ૧૯૫૦માં વધીને આઠ અબજ છોંતેર કરોડ ડોલર (૮,૭૬,૦૦,૦૦૦) થયો હતો ! પ્રતિવર્ષ કેવળ ભારતમાં જ ૪૦૦ કરોડ રૂપિયાનો એટલે કે રોજ ૧૧૦ લાખ રૂપિયાનો ખર્ચ દારૂ પાછળ થાય છે (આ આંકડા વર્ષો પહેલાંના હોવાથી પ્રવર્તમાન આંકડાનો અનેક ગણો અંદાજ કરી લેવો.) કેરળના નાનકડા શહેર માડ્રીમાં ૨૮ હજારની વસ્તી છે. તેનો સર્વે કરતાં જણાયું હતું કે કેવળ તેમાં જ ૨૨ કરોડ રૂપિયાનો દારૂ દર વર્ષે વેચાય છે ! ૧૯૪૮માં ડાંગ જિલ્લાની વસ્તી કુલ ૪૮૦૦ માણસોની જ હતી અને તેમાં પ્રતિવર્ષ ૪૮ લાખ રૂપિયાનો દારુ પીવાતો હતો ! શ્રી વિમલભાઈ શાહ અને સરલાબહેને ખંભાત તાલુકાના ભુવેલ ગામની આર્થિક મોજણી કરી હતી. તે ૧૦૦૦ માણસોની વસ્તીવાળા ગામમાં ૧૦ ટકા લોકો દારૂના વ્યસની હતા.

## દારૂને કારણે બરબાદી

એક સર્વેક્ષણ એ બહાર આવ્યું છે કે દારૂના વ્યસનીઓમાં ૯૬ ટકા લોકો તો ગરીબો જ હોય છે ! રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના શબ્દોમાં –

'બધે જ બન્યું છે તેમ (ભારતમાં પણ) ગરીબોની જ તેણે (દારૂએ) સૌથી વધુ બરબાદી સરજી છે. પોતે



Scanned by CamScanner

જે કંઈ થોડું કમાય છે તેને તેઓ સારો ખોરાક કે બીજી જીવનની જરૂરિયાતો ખરીદવા પાછળ ખર્ચવાને બદલે દારૂ પાછળ જ ખર્ચી નાખે છે. એ તુચ્છ કંગાળ માણસ જ બરબાદી અને કસમયનું મોત વહોરી લાવનાર દારૂ પીવા માટે પોતાના કુટુંબને ભૂખે મરતું કરી દે છે. તથા પોતાનાં સંતાનોની સંભાળ લેવાની પવિત્ર ફરજ ચૂકે છે.'

## ....તો ધનિક થઈ જવાય !

વ્યક્તિગત લાભની દૃષ્ટિએ દારૂબંધીના અનુસંધાનમાં એક અંદાજ એવો થયેલો છે કે રોજ એક રૂપિયો બચાવવામાં આવે તો કોઈ પણ દારૂડિયો પચાસ વર્ષે વ્યાજ સહિત પાંચ લાખથી વધુ રકમ બચાવી શકે !

મને પ્રૂફ આપવા આવનાર એક પછાત વર્ગના યુવાનને મેં દારૂ છોડવાની પ્રતિજ્ઞા લેવરાવી. નિયમ પ્રમાણે મેં તેને દારૂ છોડાવ્યો તેના બદલામાં તેણે પણ કોઈ એક વ્યક્તિનો દારૂ છોડાવવાનો હતો. તેથી તેણે તરત જ તેની સાથે આવેલા એના મિત્ર તરફ ઈશારો કર્યો. યુવાનને પૂછતાં જાણવા મળ્યું તે બાર વર્ષની ઉંમરથી દારૂની લતે ચડી ગયો હતો. ૨૧ વર્ષનો આ યુવાન ખાસ કાંઈ ભણેલો ન હતો પણ સરકારી નિયમ અનુસાર તેને બેંકમાં પટાવાળાની નોકરી મળી હતી. તેમાંથી પ્રતિમાસ લગભગ ચારસો રૂપિયા દારૂ પાછળ બરબાદ કરતો હતો !

મેં એક કાગળ લઈ તેની સામે હિસાબ કરી બતાવ્યો અને સમજાવ્યું કે દર વર્ષે પાંચેક હજારનો દારૂ



Scanned by CamScanner

પીવાને બદલે છઠ્ઠી શ્રેણીમાં બમણી રકમ મળે તેવી કોઈ સ્કીમમાં રોકવાનું રાખે અને રકમ ઉપાડે જ નહીં તો આજથી દારૂ છોડે તો જીવનમાં બાકી રહેલાં પચાસેક વર્ષમાં લગભગ દસ લાખ રૂપિયા બચાવી શકે ! જેમાંથી તું બંગલો, મોટર, ટી.વી., ફ્રીજ વગેરે લઈ ગરીબને બદલે ધનિકની નાતમાં બેસી શકે !

## ...ને તેણે દારૂ છોડ્યો

એના આશ્ચર્યનો પાર ન રહ્યો. કારણ કે એણે પોતે કદી આવો વિચાર કર્યો જ ન હતો. અને કોઈએ આવો હિસાબ કરાવ્યો પણ ન હતો. તેણે સહેજ વિચાર કરીને દૃઢ નિર્ધાર સાથે મદ્યત્યાગના પ્રતિજ્ઞાપત્રમાં સહર્ષ સહી કરી અને તેને વળગી રહીને દારૂને અલવિદા કરી દીધી ! ગરીબી હટાવવા માટે કદાચ કોઈ આર્થિક મદદ આપવામાં ન આવે ને કેવળ ચારે તરફથી પ્રયત્ન કરીને પછાત અને ગરીબ લોકોને દારૂની ચુંગાલમાંથી છોડાવવામાં આવે તો પણ ગરીબીની રેખામાંથી ઘણાં કુટુંબોને બહાર લાવી ઊલટાંનાં બચત કરતાં કરી શકાય. આ બાબતે ડૉ. જીવરાજ મહેતાનું મંતવ્ય ટાંકવાનું મન થાય છે : 'દારૂ પીવાની આદતના ગુલામ બનેલા મોટા ભાગના લોકો રાષ્ટ્ર માટે બોજારૂપ છે. અને તેઓ નાની બચત માટે પણ પોતાનો ફાળો આપે એવી અપેક્ષા રાખી શકાય નહીં. દારૂડિયાનું પરિવાર માંડમાંડ નભતું હોય છે. તે ક્રમશઃ નાદારી તરફ ઘેરાતું જાય છે.'

આવી જ વાત ડેવિડ લ્યોર્ડ જ્યોર્જે પણ આ રીતે

કરી હતી : 'મદ્યપાન નાદારી અને ગરીબીનું મૂળ કારણ છે. મોટે ભાગે દારૂડિયાની પાયમાલી એ દારૂ ગાળનારાઓ માટે ઘીકેળાં હોય છે.'

તાજેતરમાં ગુજરાતમાં પ્રગટ થયેલ મિયાંભાઈ પંચના અહેવાલ અનુસાર દારૂના ધંધામાં નવથી બાર ગણો નફો થતો હોય છે. આ નફો પીનારને ગરીબી અને સમાજને અસમાનતા જ ભેટ ન આપે તો બીજું શું આપી શકે ?

## માત્ર દુર્વ્યય જ

મદ્યના ઉત્પાદન પાછળ કેવળ પૈસા જ વેડફાય છે તેવું નથી. માણસો, વાહનો, બાટલીઓ, પીપો, અન્ય સાધનો અને ચીજવસ્તુઓનો પુષ્કળ વ્યય થતો હોય છે, જેને કારણે પણ દુનિયાને ગરીબી, અછત, અગવડ અને મોંઘવારીના ભોગ થવું પડે છે. દારૂ પાછળ વેડફાતા માનવસમયનું મૂલ્ય પણ કેટલું બધું આંકી શકાય.

દારૂ પાછળ જવ, ચોખા, ખાંડ, ગોળની રસી, ફળો તેમજ બીજાં ખાદ્યોનો દુર્વ્યય જે રીતે થાય છે તેના ૧૯૭૪ના આંકડા આ રહ્યા :

* ૧૭ લાખ રતલ લોટ.
* ૮૪૧ લાખ ટન જવનો લોટ.
* ૯૫૨ ગેલન ચોખાનો લોટ.
* આ ઉપરાંત કઠોળ, ખાંડ અને સોયાબીન તો અલગ.

માટે

ગરીબી હટાવવી છે ?... તો પહેલાં દારૂને હટાવો !



Scanned by CamScanner

# ૭ મદ્યનિષેધની મદદે મહિલાઓ

મહાત્મા ગાંધીજીએ સાચી આઝાદી મેળવવા માટે મદ્યનિષેધની પ્રવૃત્તિને અનિવાર્ય ગણી તેની સંપૂર્ણ પ્રાપ્તિ માટે આંદોલન શરૂ કર્યું; તેમાં તેમણે મહિલાઓનો ખાસ સહકાર માંગ્યો. કારણકે, યુગોથી મહિલાઓ મદ્યથી દૂર રહી છે. એટલું જ નહીં તેની વિરોધી પણ રહી છે. દારૂ પીનારા પુરુષો પણ સ્ત્રીઓ દારૂ પીએ તે પસંદ કરતા નથી. તેથી દારૂડિયા વાતાવરણમાં ઘણી સ્ત્રીઓ પણ દારૂના વ્યસનમાંથી બચી જવા પામે છે. પુરુષો મદ્ય પીને ગાળાગાળી, મારામારી, ખૂન, ચોરી વગેરે કરે; જુગાર



Scanned by CamScanner

રમે, વ્યભિચાર કરે, સ્ત્રીઓ પર બળાત્કાર કરે, આળસુ, એદી અને પ્રમાદી બની પડ્યા રહે, નાનાં બાળકોમાં કુસંસ્કારનું સિંચન કરે – એ બધું સ્ત્રીઓને ક્યારેય ક્યાંય પસંદ પડી શકે નહીં. આ નશાના કારણે સ્ત્રીઓએ યુગોથી સહન કરવું પડ્યું છે. તેથી અને સ્ત્રીઓમાં કરુણા, કોમળતા, સહિષ્ણુતા, પ્રેમ વગેરે ગુણો વધારે પ્રમાણમાં હોવાથી મદ્યપાન કરેલા પુરુષોમાં તેનાથી વિપરીત દુર્ગુણો હિંસા, ક્રૂરતા, વેરઝેર, અસત્ય, આતંક, અવ્યવસ્થા, બિભત્સતા વગેરે આવવાથી તેઓ પરસ્પર વિરોધી જ રહ્યાં છે. કુટુંબ કે સમાજમાં, ક્યારેક લાચારીથી, ક્યારેક મજબૂરીથી, ક્યારેક અનાવડતથી, તો ક્યારેક પોતાને અબળા સમજવાથી સ્ત્રીઓએ આ ક્ષેત્રે વધુમાં વધુ સહન કર્યું છે. પરંતુ ગાંધીજીએ આઝાદીની લડતમાં સ્ત્રીઓને પોતાની સ્ત્રીશક્તિનું ભાન કરાવ્યું અને તેમના પ્રેમ, કરુણા, સત્યાગ્રહ વગેરે ગુણોમાં હિંમત, સંગઠન, આવડત વગેરે ઉમેરાવીને ૧૯૨૧માં ધરણા અને પિકેટિંગનો વ્યાપક કાર્યક્રમ કરાવ્યો, જેમાં ભય, સંકોચ, લઘુતાગ્રન્થિ વગેરેનો ત્યાગ કરીને હજારો મહિલાઓ મેદાનમાં આવી, જેણે હજારો દારૂડિયાઓનો દારૂ છોડાવ્યો, દારૂના વેપારીઓનું હૃદયપરિવર્તન કરાવી તે વેપાર બંધ કરાવ્યો, જે તેમાં સહમત ન થયા તેમનાં પીઠાંના ભૂકેભૂકા બોલાવ્યા. હેરફેર કરનારાં વાહનો ગાડી-ખટારા વગેરેની ઝડતી લીધી. જે દારૂડિયા દારૂ છોડવા તૈયાર ન હતા તેને પોલીસને હવાલે કર્યા અને પીનારા અને પાનારા ઉપર કોર્ટમાં કેસ

નોંધાવી તેના વિરોધમાં કોર્ટમાં જુબાની પણ આપી.

સમાજસુધારાના આ મહાન આંદોલનને પરિણામે મહિલાઓએ હજારો પુરુષોને દારૂના સકંજામાં સપડાતા બચાવ્યા, જેનાથી ભાવિ પેઢીને અપાર ફાયદો થયો, દેશને અનેક બહેનો સક્રિય કાર્યકરના સ્વરૂપમાં મળી. પૂ. કસ્તૂરબા ગાંધી, શ્રી મણિબહેન પટેલ, શ્રી અનસૂયાબહેન, ડૉ. સુશીલા નૈયર, શ્રી ઇન્દુમતિબહેન શેઠ, શ્રી જયાબહેન શાહ, શ્રી હમીદાબહેન, શ્રી રોહિણીબહેન વગેરે.

પરંતુ દેશના કમનસીબે અંગ્રેજો ગયા, પણ અંગ્રેજોએ ઘૂસાડેલ દારૂનું દૂષણ રહી ગયું. એટલું જ નહીં, ઊલટાનું દિનપ્રતિદિન રાક્ષસી કદે વકરતું ગયું ! જે કૉંગ્રેસે દારૂબંધી માટે જહેમત કરી, જે કૉંગ્રેસે ગાંધીજીના આદર્શનું ભારત રચવા દૃઢ પ્રતિજ્ઞા કરી તે કૉંગ્રેસે 'દારૂબંધી વિનાની આઝાદી મને ન ખપે.' તેમ કહેનાર બાપુની લાગણી ઠુકરાવી દારૂને છૂટો દોર આપ્યો અને અંગ્રેજના રાજ્ય કરતાં અનેક ગણો વધી ગયો તેની સાબિતી માટે એક વિધાન અહીં રજૂ કરું છું :

'આ પ્રદેશના લોકો દારૂ પીતા નથી. ઉપરાંત એ લોકો દારૂના જેટલા વિરોધી છે તેના ઉપરથી લાગે છે કે આ વિસ્તારમાં દારૂનું વેચાણ કરી શકાશે નહીં.'

– બ્રિટિશ કમિશ્નર બેટન

ઉત્તરાખંડ વિષે સન ૧૯૫૬માં અંગ્રેજો વચ્ચે થયેલ આ પત્ર-વહેવાર ઉપરથી લાગે છે કે તે પ્રદેશમાં ત્યારે પ્રાયઃ પૂર્ણ નશાબંધી હશે. પરંતુ આઝાદ ભારતમાં આજે



Scanned by CamScanner

એ જ ઉત્તરાખંડમાં એક વર્ષ પહેલાં ૭૦ ટકા પુરુષો દારૂ પીતા થઈ ગયા હતા ! પરિણામે લાચાર બનીને ત્યાંના સ્ત્રીવર્ગ પર ઘરકામ અને બાળઉછેર ઉપરાંત ખેતી, પશુપાલન, વેપાર, મજૂરી, નોકરી વગેરેની જવાબદારી આવી પડેલી. પુરુષો કેવળ બે જ કામ કરતા – પત્નીની કમાણીમાંથી રોજ દારૂ ઢીંચતા અને પછી નશામાં આવીને પત્નીને ઢીબતા ! ઉત્તરાખંડની લગભગ ઘરઘરની આ કહાણી હતી. પરંતુ વર્ષો બાદ ત્યાં માની ન શકાય તેવું ક્રાન્તિકાર્ય મહિલાઓ દ્વારા થયું.

ઉત્તરાખંડ (પશ્ચિમ હિમાલય)ના કૌસાની પાસે ‘લક્ષ્મી આશ્રમ’ નામે એક મહિલા શિક્ષણ સંસ્થા છે, જેમાં હરિજન બાળાઓને શિક્ષણ આપવામાં આવે છે. આ સંસ્થાનાં આગેવાન કાર્યકર રાધાબહેન ભટ્ટ ગાંધીવિચાર અને નઈ તાલીમની અસરમાં આવેલાં. તેમણે આવી દુઃખી, દબાયેલી, લાચાર સ્ત્રીઓમાં સ્ત્રીજાગૃતિનું કાર્ય શરૂ કર્યું. પહેલાં તો જે સ્ત્રીઓ દારૂ પીતી હતી તેને સમજાવીને તેનો દારૂ છોડાવ્યો પછી પોતપોતાના પતિનું વ્યસન છોડાવવા સત્યાગ્રહ માટે તૈયાર કરી. સ્ત્રીજાગૃતિનું એમનું કાર્ય એટલી કક્ષાએ પહોંચ્યું કે એમણે મદ્યનિષેધ માટે સ્ત્રીસંમેલન બોલાવ્યું. તેમાં પાંચ હજાર મહિલાઓએ હાજરી આપી અને આખા જિલ્લામાંથી મદ્યને વિદાય આપવાના કાર્યક્રમ ઘડાયા.

પ્રથમ કાર્યક્રમ બાજુના ગામ ટિહરીમાં ગોઠવાયો. આ ગામમાં રોજ સાંજે પુરુષો ગામની બહાર એક સ્થળે



Scanned by CamScanner

બેસી બાજુના થોડા કિલોમીટર દૂર આવેલા દારૂના પીઠામાંથી ઘોડા ઉપર લઈ આવેલા બાટલા વહેંચીને પીવા મંડી જાય અને પછી હસી-મજાક, ગાળાગાળી, મારામારી કરતા. ક્યારેક ખૂન પણ થતાં.

એક સાંજે ગામની બધી સ્ત્રીઓ તે સમયે પાસેની વનરાજીમાં સંતાઈ ગઈ અને દારૂ જેવો આવ્યો અને દરેક હાથમાં લેવાયો તેટલી વારમાં સ્ત્રીઓએ પોતપોતાના પતિ, પુત્ર કે ભાઈના હાથમાંથી બાટલી ઝૂંટવી લઈ ફોડી નાખી ! બધા જ પુરુષો હેબતાઈ ગયા. સ્ત્રીઓએ તેઓની સતત એવી ચોકી ભરી કે દિવસો સુધી તેમને દારૂનાં દર્શન જ ન થયાં ! પરિણામે બાજુના ગામમાં પણ તેવું જ ક્રાન્તિકાર્ય કરવા નિમંત્રણ આવ્યું. ત્યાં પણ સફળતા મળી. આ બધાના મૂળરૂપ જે દારૂનું પીઠું ચાર-પાંચ ગામ વચ્ચે હતું તેના ઉપર રાત્રે ઓચિંતો હુમલો કરી તેને પણ ખેદાનમેદાન કરી નાખ્યું. જોતજોતામાં આખા જિલ્લામાં ક્રાન્તિની જ્વાલા ફરી વળી અને લગભગ ૩૦થી ૪૦ લાખ રૂપિયાના દારૂને ઢોળી નાખવામાં આવ્યો ! બાળમંદિરો આગળ જે દારૂની દુકાનો હતી તેને બંધ કરાવવાની ફરજ પાડવામાં આવી. તા. ૩૧-૫-'૮૪ના શુભ દિવસે તો તે પ્રદેશના દોઢસો જેટલા મદ્યવિક્રેતાઓનાં મોં કાળાં કરવામાં આવ્યા ! સરકાર સ્તબ્ધ થઈ ગઈ. પોલીસ લાચાર બની ગઈ. અભિયાનના પરિણામે આખાય રાણીખેત તાલુકામાં સરકારે મદ્યનિષેધનો કાયદો કરવો પડ્યો ! એટલું જ નહીં 'ડાબર'ની 'મૃતસંજીવની સુરા' અને



Scanned by CamScanner

એલોપથિક ફાર્મસીની 'અશોક લિક્વીડ' નામની માદક દવા ઉપર પણ પ્રતિબંધ મુકાયો. આશ્ચર્યની વાત તો એ હતી કે જે લોકો દારૂ પીને તે પ્રદેશમાં આંતક ફેલાવતા હતા તે જ નશાબંધીના સક્રિય કાર્યકર બની ગયા !

ઇમ્ફાલમાં પણ દારૂની બદીને રોકવા ત્યાંની સેંકડો સ્ત્રીઓ રાતના દસ વાગ્યાથી સવારના ત્રણ વાગ્યા સુધી ચોકી કરે છે. તે બધી રાત્રે હાથબત્તી લઈને નીકળી પડે છે અને પીધેલા પુરુષોને પોલીસના હવાલે કરે છે.

બિહારમાં રાણીપુર-રસુલપુરમાં 'ધરણા'ના કાર્યક્રમ થયેલા, જેમાં મહિલાઓનું યોગદાન આગળ પડતું હતું.

ઉત્તરાખંડમાં જેવું ક્રાન્તિકાર્ય રાધાબહેન ભટ્ટે કર્યું તેવું ઉત્તરપ્રદેશમાં રૂપા રાવત નામની એક મહિલાએ કરેલું, જેમને 'ચંદ્રમતિ જીવનેશ્વરી મહિલા આશ્રમ'ની બહેનોએ પૂરો સાથ આપ્યો હતો. મુંબઈની ઝૂંપડપટ્ટીમાં પ્રેમાબહેને પણ એટલી જ બહાદુરીપૂર્વક કાર્ય કર્યું. પરિણામે દારૂડિયા સીધા દોર થઈ ગયા હતા. મણિપુરની મહિલાઓની પણ આવી જ પ્રેરક દાસ્તાન છે, તે દારૂની દુકાન પર ઓચિંતા છાપા મારે છે.

ગુજરાતમાં દરબાર શ્રી ગોપાલદાસનાં પત્ની ભક્તિબાનો દાખલો વ્યક્તિગત સત્યાગ્રહનો છે. સોબતને કારણે ગોપાળદાસ નાની વયથી દારૂના ચાળે ચડી ગયા હતા, જે લગ્ન સુધી ભક્તિબાના ખ્યાલમાં નહીં. જાણ્યું ત્યારે તેમની વ્યથાનો પાર ન હતો. કારણ કે પિયરમાં ધર્મસંપર્કને કારણે કોઈ પુરુષ દારૂને સ્પર્શ પણ કરતા

ન હતા, તેથી દારૂ પ્રત્યે ભારોભાર નફરત હતી. બીજા દિવસે હિંમત, પ્રેમ અને યુક્તિપૂર્વક સત્યાગ્રહની ભાષામાં કહ્યું, 'દરબાર, આજ સુધી તો હું નહોતી તેથી તમે જેવાતેવા લોકોના કે નોકરના હાથથી પિવરાયેલો દારૂ પી લેતા. પણ હવે હું આવી છું તો તમે નિર્ણય કરો કે મારા હાથથી આપેલ ન હોય તેવો દારૂ તમે ક્યારેય નહીં પીઓ. મને દારૂ જરીકેય પસંદ નથી, છતાં તમારે પીવો હશે તો હું મારા હાથથી જ પાઈશ.'

પત્નીની આંખમાં આંસુ છલકાતાં જોઈ દરબારશ્રીમાં એવું પરિવર્તન આવ્યું કે પછી તેમણે દારૂને સ્પર્શ જ ન કર્યો !

તેવું વ્યક્તિગત ક્રાન્તિકાર્ય તામિલનાડુની એક કન્યાએ કર્યું હતું, જેનું અનુકરણ કરવાની અનેક કન્યાઓને ઇચ્છા થયા વિના નહીં રહે.

વેવિશાળ થયું ત્યારે મુરતિયો દારૂડિયો હતો તે કન્યાને ખ્યાલ જ નહીં આવેલો. લગ્ન વખતે વરરાજા નશો કરીને આવ્યા તે કન્યાને ખ્યાલમાં આવી ગયું કે તરત જ તેણે તેની સાથે પરણવાની સાફ ના પાડી દીધી ! પરિણામે જાન પાછી લઈ જવી પડી અને તે કન્યાએ તત્કાળ એક ગ્રેજ્યુએટ યુવાન સાથે લગ્ન કરી લીધાં.

આ ક્રાન્તિકારી બનાવની જાણ તામિલનાડુના રાજ્યપાલ શ્રી પ્રભુદાસભાઈ પટવારીને થતાં તેમણે તે મહિલાનું જાહેર સન્માન કર્યું અને એક હજાર રૂપિયાનું ઇનામ



Scanned by CamScanner

આપ્યું. તેના ગ્રેજ્યુએટ પતિને નોકરી અપાવી.

ઇન્દોરમાં હમણાં જ ૨૨ ફેબ્રુઆરીના દિવસે પૂ. કસ્તૂરબાની પુણ્યતિથિએ ૩૩ દુકાનો પર ધરણા કરવામાં આવ્યાં, તેમાં ૨૫૦ બહેનોએ ભાગ લીધો હતો, જેની ઘણી સારી અસર થઈ હતી.

જયપુરમાં એલિસ ગર્ગે ઝૂંપડપટ્ટીમાં બહેનોને તૈયાર કરી અને દારૂડિયા થઈ ગયેલા કેટલાય પતિઓને તેમની પત્ની દ્વારા સુધાર્યા હતા. એલિસે આ કાર્યમાં એવી વીરતા બતાવેલી કે જાણી આશ્ચર્ય થાય અને માન ઊપજે.

અમદાવાદમાં ગુલબાઈ ટેકરા વિસ્તારમાં ઘણા અવરોધ વચ્ચે શ્રી વિજયાબહેન દેસાઈ (શ્રી સ્નેહરશ્મિનાં પત્ની) બીજી બહેનો સાથે નશાબંધીનું લાંબો સમય કાર્ય કરતાં રહ્યાં હતાં. (આંધ્રમાં આવી મહિલાક્રાન્તિના પરિણામે આખા રાજ્યમાં નશાબંધી દાખલ કરવી પડી.)

આવું ક્રાન્તિકાર્ય કેવળ ભારતની સ્ત્રીઓ જ કરી શકે તેવું જ સાવ નથી. વિશ્વ આખાની મહિલાઓના દિલમાં વત્તે-ઓછે અંશે મદ્ય પ્રત્યે નફરત જોવા મળે છે.

કેરીનેશન નામની એક ક્રાન્તિકારી મહિલા વિદેશમાં થઈ ગઈ. તેણે ભગવાન પરશુરામની જેમ પોતાનું ખાસ હથિયાર લઈ ખૂબ નીડરપણે ખૂબ તીવ્રતાથી દારૂ સામે જાણે બહારવટું જ ખેડ્યું. તે સહેજ પણ ડર્યા વિના દારૂના પીઠામાં ધસી જતી અને તેના ભુક્કેભુક્કા બોલાવી દેતી ! તેને જોઈને પીઠાના માલિક અને માણસો ઊભી પૂંછડીએ ભાગી છૂટતા !



Scanned by CamScanner

એક અમેરિકન મહિલાએ કાયદાના માધ્યમથી મદ્યનિષેધના ક્ષેત્રે જે ક્રાન્તિકાર્ય કર્યું છે તે પ્રેરણાદાયક છે.

પોતાની એકની એક નાનકડી પુત્રી રમતી હતી ત્યાં અચાનક એક દારૂડિયા ડ્રાઈવરે તેના ઉપર ગાડી હંકારી, જેથી તેનું તત્કાળ મૃત્યુ થયું. સવારે સાજીતાજી મૂકીને ગયેલ પુત્રીને માતા સાંજે મળવા ન પામી, તેથી સખત આઘાત અને દારૂ પ્રત્યેની તીવ્ર નફરતથી શ્રીમતી વેગનરે કેસ નોંધાવ્યો. દર વર્ષે આ રીતે ૨૭,૦૦૦ બાળકોનો ભોગ આવા દારૂડિયા ડ્રાઈવરો લઈ લેતા. તેથી કેસ ચાલ્યો અને તેમાં અનહદ પ્રયત્ન કરીને શ્રીમતી વેગનરે વિજય મેળવ્યો. પરિણામે અમેરિકાના કાયદાસંગ્રહમાં એક નવો કાયદો ઉમેરાયો, જેનું ટૂંકું નામ હતું એમ.એ.ડી.ડી. (મધર અગેઇન્સ્ટ ડ્રન્ક ડ્રાઈવર) જેનો અર્થ થાય છે, દારૂડિયા ડ્રાઈવર વિરુદ્ધ માતા. તે કાયદા અનુસાર કોઈ પણ ડ્રાઈવર દારૂ પીને વાહન ચલાવે તો તેને ત્રણ વર્ષની સખત સજા અને ૫૦૦થી ૫૦,૦૦૦ ડોલરનો દંડ !

પરિણામે, પ્રતિવર્ષ ૧૩ ટકા અકસ્માત ઘટ્યા. શ્રીમતી વેગનરના આ પરોપકારી કાર્ય માટે પ્રેસિડેન્ટ રેગને તેનું બહુમાન કર્યું હતું.

પાછળથી આ કાયદાનો બીજાં ૩૬ રાજ્યોમાં પણ સ્વીકાર થયો.

❀



Scanned by CamScanner

## ૮ સુરાના શ્રમહરપણાનો મિથ્યા ભ્રમ

એક જમાનામાં આયુર્વેદે અનેક રોગની સારવારમાં મદ્ય (દારૂ) થેરેપીનો વિકાસ કર્યો હશે તેવું આયુર્વેદીય સંહિતાઓ વાંચતાં જાણવા મળે છે. કહેવાય છે કે ભૌતિક



Scanned by CamScanner

વિજ્ઞાનની અનેક શાખાના જ્ઞાતા રાવણે મદ્યના ઉત્પાદનમાં અને તેના ઉપયોગ અનુષંગે ઘણું સંશોધન કર્યું હતું. માનવ-ઇતિહાસમાં વેદકાળથી માંડીને આજ પર્યન્ત વિશ્વ આખામાં મદ્ય વિષે અમુક અંશે પક્ષમાં અને મહદ્ અંશે વિપક્ષમાં ઘણી વાતો થતી આવે છે. કેટલાક દેશ, કેટલીક કોમો અને કેટલાક લોકોમાં મદ્યનો અત્યાધિક ઉપયોગ થતો હતો અને આજે પણ થાય છે. તેથી તટસ્થ વૈજ્ઞાનિક દૃષ્ટિવાળા આયુર્વેદજ્ઞોએ મદ્યના ગુણ-અવગુણ પણ વિસ્તૃત રીતે આપ્યા છે. જે મદ્યને આયુર્વેદે વિષની ઉપમા આપી છે તેનામાં થાક ઉતારવાનો ગુણ હોવાથી તેને શ્રેષ્ઠ શ્રમહર પણ કહેલ છે. જેમ ચા, કોફી, તમાકુનું સેવન કરવાથી તેનું સેવન કરનાર કેફને કારણે ઘડીભર શરીરને ભૂલી જઈ મનને કેફના નશામાં પ્રફુલ્લિત કે સ્તબ્ધ કરી દે છે તેવું આ દારૂનું પણ છે. દ્રાક્ષ, ગોળ જેવાં શ્રમહર દ્રવ્યોમાંથી બનાવેલી સુરામાં આ ગુણ હોવાની સંભાવના સહજ કલ્પી શકાય. મિલમજૂરો, લારી ચલાવનારા મજૂરો, ખેડૂતો, કારીગરો, પરિશ્રમભર્યું કાર્ય કરનારા નોકરો, સૈનિકો કે પોલીસ કર્મચારી, પ્રવાસીઓ, નૃત્યકારો કે ગાયકો વગેરેમાં આ કારણે મદ્યપાન કરવાની પ્રણાલી શરૂ થઈ હશે તેવું અનુમાન કરી શકાય.

પરંતુ, ખૂબ તટસ્થ બનીને લાંબો અનુભવ સામે રાખીને માણસજાત વિચાર કરે તો આ શ્રમહર ગુણ મેળવવા જતાં તેણે થકવી નાખે તેવી સજા આજ સુધીમાં સહન કરવી પડી છે. સાચા થાકને ભુલાવવા જતાં,



Scanned by CamScanner

અસહ્ય થાકને દૂર કરવા જતાં મનુષ્યે ખોટા થાક અને થોડાક થાક માટે પણ સુરાપાન શરૂ કરી દેવાથી વિશ્વમાં કરોડો તો શું અબજો લોકો દારૂડિયા બની ગયા હશે. વિવેક ભૂલીને, મર્યાદા ચૂકીને, સુરાનો કેવળ ઔષધહેતુ ઉપયોગ અવગણીને તેને અનુકરણ, આગ્રહ, આદત, શિષ્ટાચાર, શોખ અને સુધારાવાદની વસ્તુ બનાવીને કશા કારણ વિના દારૂ ઢીંચીને શરીર, મન, કુટુંબ, સમાજ, દેશ અને દુનિયાને બરબાદ કરવાનું તેણે શરૂ કર્યું. શ્રમહર મદ્યને કારણે કેટલા બધા લોકો જુગારી બન્યા હશે, કેટલા બધા લોકો રોગના ભોગ બન્યા હશે, કેટલાં પરિવાર બરબાદ થયાં હશે, કેટલા બળાત્કાર થયા હશે, કેટલી ચોરી થઈ હશે, કેટલી સ્ત્રીને માર પડ્યો હશે, કેટલાં બાળકો નિરાધાર થયાં હશે, કેટલા ઝઘડા થયા હશે, કેટલા આપઘાત થયા હશે, કેટલા અકસ્માત થયા હશે અને કેટલાં બધાં ખૂન થયાં હશે !!

'સૂરા શ્રમહરાણામ્' એ સૂત્ર આયુર્વેદે તો ચિકિત્સાની સેન્સમાં કહેલ છે, વ્યસન કે વિલાસના અર્થમાં નહીં. વાધરી માટે ભેંશ મારવાની કહેવત પ્રમાણે શ્રમ દૂર કરવા વ્યક્તિ-સમાજને દૂષિત કરી નાખે તેટલી હદે સુરાપાન જ્યારે આવે ત્યારે તે અમૃત પણ વિષની ઉપમાનું કારણ બની શકે.

વળી, આયુર્વેદે તો કોણે સુરાપાન ન કરવું ? તે પણ દર્શાવ્યું છે તે રીતે જોતાં આપણા મોટા ભાગના લોકો સુરાપાન કરવાને લાયક જ નથી. અપોષણ, તાપ,



Scanned by CamScanner

પિત્તપ્રકૃતિ, અમુક રોગો કે અમુક પ્રકૃતિમાં તે સાવ પ્રતિકૂળ હોવાથી શ્રમ દૂર કરવા દારૂ પીનારા લોકો પ્રાયઃ ક્ષય, કેન્સર, અલ્સર વગેરે રોગોના ભોગ બને છે.

સમાજનો એક સુખી વર્ગ એવો પણ છે કે જેને શ્રમ શું કહેવાય તેની પણ ખબર નથી તેઓ પણ સુરાપાન કરે છે ત્યારે તો કેવળ ફેશન, અનુકરણ કે બે નંબરના પૈસાને વેડફવાનો જ હેતુ હોય છે.

જે સાચો શ્રમ કરતા હોય, શ્રમ દૂર કરવાની જેને ખરેખર આવશ્યકતા હોય તેમના માટે સરળ, સોંઘાં, નિર્દોષ ઘણાં ઔષધો આયુર્વેદ પાસે છે. દ્રાક્ષાસવ, અશ્વગંધારિષ્ટ, બલારિષ્ટ, દશમૂલારિષ્ટ, ચ્યવનપ્રાશ અવલેહ, ધાત્રી રસાયન અવલેહ, અશ્વગંધાવલેહ, અશ્વગંધા પાક, સુવર્ણ વસંતમાલતી, અશ્વગંધા ચૂર્ણ, જેઠીમધ ચૂર્ણ વગેરે.

ગુજરાત રાજ્યે બહાર પાડેલ મીયાભાઈ પંચના અહેવાલમાંથી એક ફકરો અહીં પ્રસ્તુત છે :

‘જેઓ પરિશ્રમવાળું કામ કરે છે અને દિવસના સખત કામ પછી જેમને હળવા થવાની જરૂર હોય છે તેમને માટે વૈકલ્પિક પીણાંનો અભ્યાસ પણ સંશોધન કેન્દ્ર હાથ ધરી શકે. આયુર્વેદિક વિદ્યાશાખા ખાતરીપૂર્વક જણાવે છે કે ઉપરનો હેતુ પાર પાડી શકે તેવાં બિનકેફી પીણાં તે બનાવી શકે તેમ છે. આ ખાતરીનું મૂલ્યાંકન કરી તે સારુ યોગ્ય ભલામણો કરી શકાય.’

❀



Scanned by CamScanner

# ૯

## દારૂ... સાહિત્યકારો, કલાકારો, અભિનેતા અને ગાયકો વગેરેને પ્રેરણા આપે છે... તે માન્યતા ખોટી છે

'દારૂ સાહિત્યકારો, કલાકારો, અભિનેતા, ગાયકો વગેરેને પ્રેરણા આપે છે' એ માન્યતા તથ્ય વિનાની છે. આપણે ઉદાહરણો સાથે તે અંગે વિચારણા કરીએ.

સાહિત્ય-શક્તિ વગેરે દારૂથી વધે છે તે વાત બરાબર



Scanned by CamScanner

નથી. ઊલટું તેનાથી વ્યક્તિની કાર્યશક્તિ ઘટે છે, રોગ થાય છે, અકાળ મૃત્યુ થાય છે. અને કેટલાકે તો દારૂથી કંટાળીને આપઘાત પણ કર્યાં હતાં. આપણે ત્યાં સંસ્કાર, સમજ અને પરંપરાને કારણે સાહિત્યકારો કે કલાકારો પ્રાયઃ દારૂથી દૂર રહે છે. હજારમાંથી એકાદ-બે એમાં ફસાયેલા હોય તો સરવાળે તેમને પ્રતિષ્ઠા, આરોગ્ય અને વિકાસની દિશામાં નુકસાન વેઠવું જ પડે છે.

સંશોધનો દ્વારા એ સાબિત થયું છે કે દારૂને કારણે શરીરમાં રહેલ 'એન્ટોફીન' નામના રસાયણનું દ્રાવણ વધારે પ્રમાણમાં છૂટવા માંડવાથી શરૂઆતમાં જ્ઞાનતંતુને શાન્તિ અને તાજગી મળે છે. પરંતુ થોડી વાર પછી તેનાથી ઊલટું જ્ઞાનતંતુ નબળા પડવા માંડે છે, તેથી શારીરિક-માનસિક સ્ફૂર્તિ-શક્તિ ઊલટાની ઘટવાથી લેખકો કે કલાકારો સરવાળે ઓછું અને નબળું કાર્ય કરી શકે છે.

મગજના સુરક્ષા આવરણમાં દારૂ સચવાઈ રહે છે અને દારૂ છોડ્યા પછી પણ ચક્કર આવે છે. માથું ભારેભારે લાગે છે. સ્વભાવ ચીડિયો થઈ જાય છે, શિરાઓ પહોળી થઈ જવાથી તેમાં ક્યાંક છિદ્રો પણ પડી જાય છે.

માણસના મગજમાં 'સેરેબ્રમ' નામના ભાગમાં એક અબજ જેટલા ન્યૂરોન સેલ્સ હોય છે અને તે સેલ્સ કરતાં દસ ગણી સંખ્યામાં 'ન્યુરોગ્લિયા સેલ્સ' હોય છે. મગજનો મોટો ભાગ આવા કોષોનો બનેલો હોય છે.



Scanned by CamScanner

આ કોષો સ્મૃતિ સ્વપ્ન, નિદ્રા વગેરે ક્રિયા પર નિયંત્રણ રાખતા હોય છે. શરાબના કારણે આ કોષોમાં ગડબડ પેદા થતી હોવાથી તેની યાદશક્તિ નાશ પામે છે. બુદ્ધિ અસ્થિર થઈ જવાથી તે નિષ્ફળતાને નોતરે છે, જે નીચેનાં કેટલાંક ઉદાહરણો ઉપરથી સમજી શકાશે :

– કહેવાય છે કે સુપ્રતિષ્ઠિત સાહિત્યકારોમાં શરદબાબુ વ્યસની હતા. તેમણે તો આ બાબતે પસ્તાવો કરતાં લખ્યું છે : 'દારૂ પીવાથી મને કદી પણ લખવાની પ્રેરણા મળી નથી. જો મેં નશો ન કર્યો હોત તો હું આના કરતાંય મોટો લેખક બન્યો હોત.'

અમેરિકન લેખક અપ્ટન સિંકલેરે એક પુસ્તક પ્રગટ કર્યું છે, જેમાં દારૂના વ્યસનમાં બરબાદ થયેલા લેખકની કરુણ કથની આપવામાં આવી છે. જેમાંથી કેટલાકના સારાંશ આ પ્રમાણે છે :

– અમેરિકાના પ્રમુખ કરતાં પણ જેની વધુ નામના હતી તેવા લેખક જેક લંડન ત્રીશ વર્ષની ઉંમરે પહોંચતાં તો ભયંકર દારૂડિયા થઈ ગયેલા. દારૂના કારણે તેને ભયંકર રોગો થયેલા. તેણે પોતાના જીવનચરિત્રમાં દારૂની દુષ્ટતા વર્ણવી છે. ૧૯૧૬માં કેવળ ચાલીશ વર્ષની ઉંમરે તો દારૂએ તેને ભરખી લીધા.

– જેક લંડનનો એક મિત્ર બાર્લીકોન પણ દારૂના વ્યસનમાં જ બરબાદ થઈને મર્યો હતો.

– ડીલન ટોમસે તો દારૂથી કંટાળી આપઘાત કરી જીવનનો અંત આણ્યો હતો.

– માઈકલ લોરી નામનો લેખક ૪૭ વર્ષની ઉંમરમાં જ દારૂને કારણે અકાળ મૃત્યુ પામ્યો હતો. તેણે 'અન્ડર ધ વોલ્કેનો' નામની નવલકથામાં પોતાની જ કરુણતા વ્યક્ત કરી હતી.

– ફિટ્સજેરાલ્ડ નામના નવલકથાકારને દારૂડિયો થઈ જવાથી કેવળ ૪૪ વર્ષની કાચી ઉંમરમાં જ આ દુનિયાને છોડવી પડી હતી.

– રિંગ બાર્ટનર નામના લેખકે ૪૮ વર્ષની જ નાની ઉંમરે જીવન સંકેલી લીધું હતું.

– વિખ્યાત અમેરિકન લેખક અર્નેસ્ટ હેમિંગ્વેને દારૂના વ્યસનમાં લિવર, મગજ અને જાતીય શક્તિ મજ લેખનશક્તિનો નાશ થવાથી જીવનમાં એટલી બધી ‌ ‌ ‌ાશા ઘેરી વળેલી કે છેવટે તેમણે મગજ ઉપર શોટ ગન મૂકીને આપઘાત કર્યો હતો !

– વિશ્વવિખ્યાત નોબલ પારિતોષિક વિજેતા વિલિયમ ફોકનર, લૂઈ સિક્વર અને યુજીન ઓનિલ પણ દારૂડિયા થઈ જવાથી માંદગી, વિષાદ અને ઘટતી જતી લેખનશક્તિને કારણે બદનામ થઈને અકાળે મૃત્યુ પામ્યા હતા.

– રોબર્ટ બેન્થલી, જોન સ્ટાઈનબેક, ટ્રુમેન કાપોટે અને ટેનેસી વિલિયમ્સ વગેરે અમેરિકન લેખકો ધીરે ધીરે માત્રા વધતી જવાથી દારૂડિયા થઈ ગયેલા અને છેવટે શારીરિક, માનસિક, આર્થિક, કૌટુમ્બિક બરબાદી વહોરીને અકાળે મૃત્યુ પામ્યા હતા.

– આશ્ચર્યજનક સાહસવીર અને સાહસકથાલેખક



Scanned by CamScanner

વિલિયમ સીબુક સાહસિક કૃતિનું પ્રદાન કરતાંની સાથે એવો દારૂડિયો થઈ ગયેલ કે તેને ગાંડાની હૉસ્પિટલમાં દાખલ કરવો પડેલ. કીર્તિ અને કમાણીને બરબાદ કરીને તે ઘણી નાની ઉંમરમાં મૃત્યુ પામ્યો.

– સિંકલેર લૂઈ પણ ઓવર કોન્ફિડન્સમાં જ ભયંકર દારૂડિયો થઈ ગયેલ. સંપત્તિનો નાશ થતા કંગાળ અવસ્થામાં તેનું અવસાન થયું.

– 'શેતાનનો શબ્દકોશ' લખનાર એમ્બ્રીઝ બીઅર્સે તેમના શિષ્ય કવિ જોન સ્ટર્લિંગને દારૂડિયો બનાવી દીધો હતો. આ પ્રખ્યાત કવિ એટલો બધો દારૂડિયો બની ગયેલ કે સ્ટર્લિંગના સ્ટેજ ઉપર કાવ્યપઠન કરવા ગયો ત્યારે લથડિયાં ખાતો હતો અને કાવ્યોનાં કાગળિયાં હાથમાં પકડી શકતો ન હતો. તે ત્યારે કાવ્યો વાંચી જ ન શક્યો ! અંતે દારૂથી કંટાળીને તેણે આપઘાત કર્યો. ગુરુદેવ એમ્બ્રોઝ પણ એટલા બધા બેકાર બની ગયેલા કે મરતી વખતે દવા ખરીદવાની રકમ પણ ન હતી ! ભિખારી અવસ્થામાં તેમનું ક્યાં મૃત્યુ થયું તે કોઈએ જાણ્યું નહીં !

✸

હવે કલાકારોની – ગાયકોની બરબાદીનાં થોડાં ઉદાહરણો જાણવાં હોય તો તે આ પ્રમાણે છે :

– ભારતભરમાં લોકપ્રિય પ્લેબેક સિંગર શ્રી કુંદનલાલ સાયગલ સ્વર સારો કરવાના બહાને દારૂડિયા થઈ ગયેલા. સંગીતકાર નૌશાદે પચીસ વાર રેકોર્ડિંગ કરીને સાબિત



Scanned by CamScanner

કરી બતાવ્યું કે દારૂ પીધા વિના ગાવાથી વધુ સારો, મીઠો અને સુવ્યવસ્થિત સ્વર આવે છે, છતાં તે દારૂના ગુલામ બની ગયેલ હોવાથી વ્યસન છોડી ન શક્યા, ને છેવટે ચોવીશ કલાક દારૂની દોસ્તી વહોરી. 'અબ મૈં કાહ કરું, કિત જાઉં !' ગાતાં ગાતાં કમોતે મર્યા.

– પાર્શ્વગાયિકા ગીતા દત્ત સ્ત્રી હોવા છતાં, પોતાના પતિ ગુરુદત્તનું પણ દારૂને કારણે મૃત્યુ થયેલ હોવા છતાં, સંગદોષથી દારૂ પીવાને ટેવાઈ ગયેલ હોવાથી પરિણામે તેનો કંઠ તરડાઈ ગયો અને જીવન પણ અકાળે તરડાઈ ગયું !

– ગુજરાતનો લાડીલો લોકપ્રિય ગાયક હેમુ ગઢવી કુમિત્રોની સંગતને કારણે દારૂની લતે ચડી ગયેલ. દારૂ પીવાથી ગળામાં મીઠાશ આવે છે તેવા મિથ્યા લોભમાં રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના એક ગામમાં ડાયરામાં જતાં (ઘણું કરીને જન્માષ્ટમીના પવિત્ર દિવસે જ) તેણે ખૂબ પીધો અને લોહીનું દબાણ વધી જવાથી 'બ્રેઈન હેમરેજ'ના કારણે નાની વયમાં જ સામેથી મૃત્યુ વહોરી લીધું. અને ગુજરાતે એક ઉત્તમ ગાયકને ગુમાવ્યો.

– ત્રીજા ગાયક દાદુદાન ગઢવી. તેણે પ્રમાણ કરતાં વધુ ઢીંચેલો અને પછી તકરાર થતાં મારામારીમાં ઘાયલ થતાં ધનૂર થવાથી મૃત્યુ થયું હતું.

✱

મદ્યપાનથી થયેલા અભિનેતાઓના વિનિપાત વિષે તો મોટું પુસ્તક લખી શકાય તેટલું મળી આવે. છતાં



Scanned by CamScanner

તેમાંનાં કેટલાંક ઉદાહરણો ટૂંકમાં જોઈએ :

– જૂના ફિલ્મ અભિનેતાઓમાં અજોડ ગણાતા મોતીલાલ ખૂબ જ હિંમતવાન અને બળવાન ગણાતા. રણજિત ફિલ્મ કંપનીમાં ઘોડાદોડનું દશ્ય ઝડપવા જામસાહેબના ભયંકર અને તોફાની ઘોડાને તેણે વશ કરેલ. ખુશ થઈ જામસાહેબે તે ઘોડો તેને ભેટ આપી દીધેલ. પણ દારૂનું વ્યસન વળગ્યા બાદ મોતીલાલનું શરીર એટલું બધું ખખડી ગયેલું કે તે ઘોડા ઉપર સવારી જ થઈ શકતી નહિ. કારણ કે ખુદ મોતીલાલ ઉપર શરાબે સવારી કરી લીધી હતી. ઘણી નાની ઉંમરમાં જ તેનું યૌવન, અજોડ અભિનય, કારકિર્દી અને સંપત્તિ બધું જ દારૂને કારણે બરબાદ થઈ ગયું !

– ચંદ્રમોહન શહેનશાહ પણ જૂના અભિનેતામાં આગળ પડતા હતા. તેને દારૂનું વ્યસન વળગી ગયેલું. પુષ્કળ પ્રયત્ન કરવા છતાં તે દારૂને છોડી શક્યા નહિ. આર્થિક ભીંસને કારણે તેમને લઠ્ઠો પણ પીવો પડતો. 'છૂટતી નહીં હૈ મુંહ સે કાફિર લગી હૂઈ' કહીને એ દારૂ આગળ જિંદગી હારી ગયા.

– 'ન્યુ થિએટર્સ'ના નામાંકિત દિગ્દર્શક બરુઆ કે જેમણે 'દેવદાસ', 'ગૃહદાહ', 'મંઝિલ', 'મુક્તિ' અને 'અધિકાર' જેવી પ્રખ્યાત ફિલ્મો આપી હતી તે દારૂના ગુલામ થઈ જવાંથી પોતાની 'એમ. પી. પ્રોડક્શન્સ' સંસ્થા દ્વારા કેવળ 'રાની' ફિલ્મ જ બનાવી શક્યા ! દારૂના પ્રતાપે ધંધામાં લાખોની ખોટ ગઈ. બધા જ મિત્રો સાથ છોડી ગયેલા



Scanned by CamScanner

અને ગૌરીપુરનો એ રાજકુમાર બરુઆ છેલ્લે લઠ્ઠાપાન કરતાં કરતાં અવસાન પામ્યો.

– 'અનારકલી' જેવી નામાંકિત ફિલ્મનો નામાંકિત અભિનેતા ડી. બીલીમોરિયા પણ દારૂને કારણે હૃદય બંધ પડી જતાં અકાળ મૃત્યુ પામ્યો હતો.

– બાબુરાવ પેંઢારકરે 'અમૃત' ફિલ્મમાં શરાબીની ભૂમિકા ભજવી હતી. તે ખરેખર તો ખૂબ દારૂડિયા હતા. તે ખૂબ પ્રમાણમાં દારૂ પીતાં પીતાં સિનેમાના ડાયલોગ બોલતાં બોલતાં બેભાન થઈ પડી જતા કે ઊંઘી જતા ! આ રીતે દારૂમાં જ તેમણે પોતાની જિંદગી ટૂંકાવી નાખી હતી.

– હંસા વાડેકરે 'રામ જોશી' ફિલ્મમાં ઘણી નામના મેળવી હતી પણ તે દારૂમાં એટલી ડૂબી ગઈ કે અંત સુધી તેમાંથી બહાર ન નીકળી શકવાથી તેમનો સંસાર સાવ બરબાદ થઈ ગયેલો.

– સિનેજગતની ખ્યાતનામ વ્યક્તિ અભિભટ્ટાચાર્યનું ગૃહજીવન દારૂને કારણે જ બરબાદ થઈ ગયું હતું. તેમની પત્ની પ્રણતિ ઘોષ દારૂના વ્યસનમાં ફસાઈ ગયેલી.

– 'વિદ્યાપતિ', 'ધ કોર્ટ ડાન્સર', 'વિષકન્યા' વગેરે પ્રખ્યાત ચલચિત્રોમાં નામના મેળવનાર સદાબહાર અભિનેત્રી સાધના બોઝનું જીવન પણ મદ્યને કારણે ધૂળમાં મળી ગયું. વિખ્યાત દિગ્દર્શક મધુ બોઝ જેવા પતિ હોવા છતાં તે સુખ લઈ ન શકી કે ન આપી શકી.

– 'મન કી જીત' નામના ચિત્રની અદાકારી દરમિયાન

જ તેની અભિનેત્રી નીનાનું મન મદ્ય આગળ હારી બેઠું. તેણે ડબલ્યુ. ઝેડ. અહમદ નામના નામાંકિત દિગ્દર્શક સાથે પુનર્લગ્ન કર્યાં છતાં તેની બરબાદી ન અટકી.

– મીનાકુમારી લાહોરમાં તવાયફ હતી ત્યારથી તેને દારૂનું વ્યસન વળગ્યું હતું. અભિનેત્રી થયા બાદ તેમાં વધારો થયેલો. 'પાકીઝા' અને 'પરિણીતા' જેવાં ચિત્રોમાં દર્દભરી અદાકારી આપનાર મીનાકુમારી એટલો બધો દારૂ પીતી કે પીતાં પીતાં શરીર પરનાં વસ્ત્રો ફેંકી દેતી. તેણે પરપુરુષનો સહવાસ પણ વધારી દીધેલો. પહેલાં એણે નાસિર સાથે શાદી કરી. તેની સાથે છૂટાછેડા લઈ નિર્માતા-નિર્દેશક શોરી સાથે લગ્ન કર્યાં અને તેને પણ પડતો મૂકી તે પાકિસ્તાન ભાગી ગયેલી. ઘણા પ્રયત્ન છતાં માતૃત્વની ઝંખનામાં તે વધુ ને વધુ ડૂબતી ગઈ. 'ફૂલ ઔર પથ્થર'માં તેણે ધર્મેન્દ્ર સાથે સંબંધો બાંધ્યા હતા અને તેને પણ પીતો કર્યો હતો. છેવટે દારૂએ જ એને ભરખી લીધી.

– 'શોલે', 'આંધિ', 'બચપન', 'અનહોની', 'નયા દિન – નઈ રાત', 'યહી હૈ જિંદગી ', 'પતિ, પત્ની ઔર વોહ', 'ત્રિશૂલ', 'દેવતા', 'સ્વર્ગ-નરક', 'જાની દુશ્મન', 'નૌકર', 'ચહેરે પે ચહેરા', 'હમ પાંચ', 'ખુદ્દાર', 'શ્રીમાન-શ્રીમતી', 'વિધાતા' જેવાં હીટ પિક્ચરોમાં અદ્વિતીય અદાકારી કરનારા (દારૂબંધીવાળા પ્રદેશ ગુજરાતના) સંજીવકુમારનું ઘણી નાની ઉંમરમાં હાર્ટ એટેક થવાથી મૃત્યુ થયેલું તેનું કારણ કેવળ દારૂ જ હતો.



Scanned by CamScanner

– માતાના કે વૃદ્ધ સ્ત્રીઓના અભિનયમાં પ્રખ્યાત મનાતી લલિતા પવાર ખૂબ દારૂ પીએ છે અને એણે ઘણી અભિનેત્રીને દારૂ પીતી કરી મૂકી છે. દારૂના પ્રતાપે તેણે ચાર ચાર તો લગ્ન કર્યાં અને ચાર વખત છૂટાછેડા લીધા.

– રાખી અને ગુલઝારનો સંસાર સળગાવવામાં દારૂએ દીવાસળીનું કામ કર્યું છે. હવે વિષાદમાં ઘેરાયેલી રાખી રોજ રાત્રે દારૂ પીએ છે.

– રાજકપૂર તેમની કૌટુમ્બિક પરંપરાને વશ થઈને એટલા બધા દારૂડિયા થઈ ગયા કે ડૉક્ટરોએ એમને ચેતવણી આપી દીધી હતી કે ક્યારે શું થાય તે કહી શકાય નહીં, તેથી દારૂ છોડો. (દારૂ ન છોડવાથી જે પરિણામ મળવું જોઈએ તે રાજકપૂરજીને મળી ગયું !)

– 'જોની મેરા નામ' ચિત્રની સફળતાથી છકી ગયેલા પ્રેમનાથે દારૂ પીવાનો શરૂ કરી દીધો હતો. એ એટલો બધો દારૂ પીએ છે કે રાતભર ગાંડાની જેમ ફિલ્મી ગીતો ગાયા કરે. કેટલીક બિમારીઓ પણ એને વળગી ગઈ છે. છતાં એક વિદેશી દારૂડિયા સાથે સ્પર્ધામાં ઊતરી એક વખત તેમણે દારૂની બાર બાટલી ગટગટાવી હતી !

– કાચી ઉંમરે વૃદ્ધ જેવો જણાતો મહેમૂદ દારૂડિયો હોવાથી તેના ભાઈ અનવરઅલીએ તેને 'ખુદ્દાર' પિક્ચરમાંથી પડતો મૂક્યો હતો.

– નામાંકિત ફિલ્મ સંગીતકાર શ્રી અનિલ વિશ્વાસ



Scanned by CamScanner

પણ દારૂનો વ્યસની છે. દારૂને કારણે જ તેમણે પત્ની આશાલતાનો ત્યાગ કર્યો હતો.

– દીપ્તિ નવલ 'હમદર્દ'ના શૂટિંગ વખતે સવારે મેકઅપ રૂમમાં ગઈ પણ બપોર સુધી બહાર ન આવતાં તપાસ કરી તો તે નશામાં મૂર્ચ્છિત થઈને અંદર ફસકાઈ પડેલી હતી !

– હૈદરાબાદમાં 'બાઝાર'ના શૂટિંગ સમયે સ્મિતા પાટિલની સ્થિતિ ગંભીર થઈ ગઈ હતી, કારણ કે તેને દારૂએ આંતરડાના સોજાનું દરદ ભેટ આપેલું.

– નશો કરવાથી સારો અભિનય થઈ શકે છે તેવા વહેમમાં સેંકડો અભિનેતાઓ-અભિનેત્રીઓ બરબાદ થવા છતાં નામાંકિત કલાકાર નસરુદ્દીન શાહ પણ દારૂડિયો બની ગયેલ છે. જોઈએ હવે દારૂ એની કેવી દશા કરે છે.

– સિનેજગતનો સર્વાધિક પ્રિય હીરો અમિતાભ બચ્ચન દારૂને કારણે અકસ્માત, માંદગી વગેરેની ઠોકર ખાઈને હવે સુધર્યો છે તે એમના જીવન માટે, સિનેજગત માટે અને તેના ચાહકવર્ગ માટે ઘણું જ શુભ ચિહ્ન છે. તા. ૨૯-૪-'૮૬ ના રોજ અમદાવાદમાં સૌરાષ્ટ્ર દુષ્કાળ રાહત ફંડ એકઠું કરવા આવેલ ત્યારે પત્રકાર પરિષદમાં તેણે જાહેર કરેલું કે 'મેં શરાબ અને ધૂમ્રપાન છોડી દીધાં છે.'

– સુનિલ દત્ત અને નરગીસ દત્તનો એકનો એક પુત્ર અને નવોદિત અભિનેતા સંજયદત્ત નાની ઉંમરમાં



Scanned by CamScanner

જ બદસોબતથી દારૂની લતે ચડી ગયેલો. તે શૂટિંગ કરી શકતો નહિ. હંમેશાં ઘેનમાં જ રહેતો. સ્વભાવ ચીડિયો થઈ ગયો હતો, પ્રેમિકા ટીના મુનિમ સાથેના સંબંધો કથળી ગયા હતા. રેખા સાથેનો રોમાન્સ પણ અટકી ગયો હતો. ફિલ્મ ક્ષેત્રમાંથી તેનું નામ ભૂંસાવા માંડ્યું હતું. તેણે નશામાં તોફાન કરેલાં અને ગોળીબાર કરેલા. આવા અસંયમી વર્તનથી તેના ઉપર કેસ પણ થયેલો અને સામયિકોમાં બદનામી થયેલી.

આવું થવાથી સુનિલ દત્તની ચિંતા વધી પડી. તેને અમેરિકા સારવાર માટે લઈ જવાયો. ત્યાંના ચિકિત્સકોએ વારંવાર સમજાવ્યું કે 'જીવન જીવવા માટે છે, વેડફી નાખવા માટે નહીં.' પોતે અરીસામાં ચહેરો જોતો ત્યારે મૃત્યુનું પ્રતિબિમ્બ દેખાતું. ડૉક્ટરો એને એવું સમજાવતા કે 'તમારે તમારા પોતાને માટે નહીં તો પિતા કે બહેનને ખાતર પણ જીવવું જોઈએ. અને આ વ્યસનના સકંજામાંથી છૂટવું જોઈએ.'

આ રીતે પ્રેમ અને લાગણીઓ પેદા કરવાથી એક જ ઝાટકે તેનાં વ્યસનો છોડાવવામાં આવ્યાં. પણ મુંબઈ પાછા આવ્યા બાદ વાંતાવરણ અને મિત્રોનો સંપર્ક ફરીને થતાં પીવાનું અને ડ્રગ લેવાનું શરૂ થયું. સુનિલ દત્તની ચિંતાનો પાર ન હતો. તે કેટલીક વાર પોતાના સિનિયર કર્મચારીઓ સામે રડી પડતા. ફરીથી તેને જર્મનીમાં આઠ લાખના ખર્ચે સારવાર આપવામાં આવી અને લાંબા સમયની ચિકિત્સાથી સ્વસ્થ અને વ્યસનમુક્ત બનાવવામાં



Scanned by CamScanner

આવ્યો. છતાં તે પછી આઠ મહિના સુધી તે કશી પ્રવૃત્તિ કરી શકેલ નહી.

ડિસે. ૧૯૮૫માં 'જાન કી બાઝી' દ્વારા તેણે સિનેજગતમાં પુનઃ પ્રવેશ કર્યો. તે પોતે યુવાનોને દારૂ તથા નશીલી ચીજોથી બચવા પ્રવચનો આપે છે, દારૂથી કેટલું બધું નુકસાન થાય છે તે પ્રત્યક્ષ બતાવવા સ્વાનુભવને આધારે યુવાવર્ગને ઉપયોગી થાય તેવી એક માહિતીપૂર્ણ અને શૈક્ષણિક ફિલ્મ પણ તૈયાર કરશે.

પરંતુ ફરીને સંજય દત્તનું પ્રકરણ છાપામાં ચગ્યું છે. તેને મુંબઈ-બોમ્બ-વિસ્ફોટ પ્રકરણમાં ગિરફતાર કરી જેલમાં પૂરવામાં આવ્યો છે. પ્રતિબંધિત હથિયાર ઘેર રાખવામાં અને રાષ્ટ્રવિરોધી તત્ત્વો સાથેનો સંપર્ક રાખવામાં તેના પર રાષ્ટ્રિય ગુનેગાર તરીકે કેસ ચાલી રહ્યો છે. ફરીને દારૂ આ બધા કારસ્તાનમાં કેટલો બધો ભાગ ભજવી ગયો છે તેનો ઘટસ્ફોટ તો ભવિષ્યમાં થયા વિના રહેશે નહીં.

સાહિત્યકારો, અદાકારો, ગાયકો વગેરેની આ કરુણ દાસ્તાન ઉપરથી વાચકને એટલું તો અવશ્ય સમજાઈ ગયું હશે કે દારૂ પીવાથી પ્રગતિ થતી નથી, શક્તિઓ ખીલતી નથી, પ્રેરણા કે બળ પ્રાપ્ત થતાં નથી. મળે છે તેનાથી ઊલટું અને તે સર્વાંગીણ વિનાશ, અધઃપતન, અપકીર્તિ, રોગ અને છેવટે અકાળ મૃત્યુ.

❀



Scanned by CamScanner

# ૧૦ ઝેર તો પિવાતાં જાણી જાણી !

નશો કરીને નનામીમાં પોઢી જનારા નશાબાજોને, નશાબંધીનો સંપૂર્ણ અમલ કરવો જોઈએ કે તેમાં છૂટછાટ મૂકવી જોઈએ તેની દ્વિધામાં દિવસો પસાર કરતી સરકારને કે નશાબંધીના પ્રખર પ્રચારકને પણ પ્રાયઃ ખબર નહીં હોય કે આયુર્વેદ કે જેણે માનવજીવન અને માનવ-આરોગ્યની ઝીણામાં ઝીણી બાબતનું વિગતે વર્ણન કર્યું છે તેણે ચરકસંહિતા, અષ્ટાંગહૃદય, ભાવપ્રકાશ, સુશ્રુત સંહિતા વગેરેમાં સર્વાનુમતે મદ્યને ઝેર સાથે સરખાવ્યું છે. કારણ કે તીક્ષ્ણ, ઉષ્ણ, આશુકારી, વ્યવાયી, વિકાસી વગેરે જે દસ ગુણ સોમલ, અફીણ જેવા ઝેરમાં છે તે બધા જ થોડી ઓછી માત્રામાં મદ્યમાં પણ છે. તે ખરાબ અને વધુ અસરકારક હોય તો તો સદ્યમારક બને છે, નહીં તો એ ધીમું વિષ-માણસને ધીમેધીમે મારે તો છે જ. ચરકસંહિતાના 'મદાત્યય પ્રકરણ'માં હૃદયમાં રહેલા અને માનવજીવનના આધારરૂપ એવા ઓજસના જે દસ ગુણ



Scanned by CamScanner

કહ્યા છે તેનાથી બરાબર વિપરીત દસ ગુણ દારૂમાં હોવાથી તે પીતાંની સાથે જ ઓજસનો નાશ થતો હોવાથી શારીરિક અને માનસિક રીતે દારૂને ખૂબ જ ખતરનાક ગણ્યો છે. દારૂનું અતિસેવન; નિત્ય સેવન; દેશ, કાળ, વય, બળ, સત્ત્વ, સાત્મ્ય, રોગ, માત્રા, આહાર, વિધિ વગેરેની સમજ વિનાનું સેવન કદી કોઈ પીનારને હિતકારક બની શકે જ નહીં તેવું કહ્યું છે. અતિ દારૂ પીવાથી થયેલા મદાત્યય પાનાજીર્ણ, પાનવિભ્રમ, પાનાત્યય વગેરે રોગોમાં દરદીને જે જાતજાતના ઉપદ્રવો અને રોગો થાય તે દૂર કરવા માટે નિષ્ણાત વૈદ્યે વિવેકપૂર્વક ઔષધિઓ કે આહારદ્રવ્યોના તૈયાર કરેલાં મદ્યો કેવળ ચિકિત્સાના એક ભાગ રૂપે, ન છૂટકે જ દરદીને આપવાની અનુમતિ આપી છે કે જે સરવાળે દરદી માટે અમૃત રૂપે યોજાયેલ હોય.

શારીરિક-માનસિક રીતે અતિ હાનિકારક અને સદ્ય કે સરવાળે મારક એવા મદ્યને આયુર્વેદે નૈતિક, આધ્યાત્મિક કે સંસ્કારની દૃષ્ટિએ પણ માનવજાતનું મહાદૂષણ માનેલ છે. એક શ્લોકમાં ભગવાન ચરક કહે છે : 'આ દુનિયાનું એવું એક પણ ખરાબ કાર્ય નથી કે જે દારૂડિયો કર્યા વિના રહે.' એક શ્લોકમાં દારૂને તમામ અવળી લાઈને ચડાવનારો 'ગુરુ' કહ્યો છે. દારૂડિયા માટે પાપી, દુષ્ટ, મૂઢ જેવા તિરસ્કૃત શબ્દો પણ પ્રયોજ્યા છે. એક શ્લોકમાં કહે છે – દારૂના ઉપરોક્ત અનેક દુર્ગુણો કે દૂષણોની વાત જતી કરીએ, પરંતુ દારૂ પીવાથી કેવળ વ્યક્તિ



Scanned by CamScanner

પોતાના મન ઉપરનો કાબૂ ગુમાવે છે તે બાબતથી જ દારૂ ત્યાજ્ય છે તેમ નથી લાગતું ?

મુસ્લિમ ધર્મગ્રન્થોમાં કહ્યું છે તેમ દારૂ એ શેતાને માનવજાતને પતન કરવા ધરેલું મનમોહક પાશવી નજરાણું છે. હજારો વર્ષનો માનવ-ઇતિહાસનો સરવે કરવામાં આવે તો વિશ્વ આખામાં આ દારૂએ માનવજાતનું કયું અનિષ્ટ નથી કર્યું ? વિશ્વયુદ્ધો કરતાંય તેના આંકડા વધુ ચોંકાવનારા છે. તેણે લાખો દારૂડિયાને અકાળે મૃત્યુના મુખમાં ધકેલ્યા છે. વેર, ઝેર, કલહ, મારામારીમાં લાખોનાં ખૂન કરાવ્યાં છે ને લાખોને અપંગ બનાવ્યા છે. દારૂ ઢીંચેલા ડ્રાઈવરો દ્વારા રેલવે, બસ, મોટર, ખટારો જેવાં વાહનના અકસ્માતમાં લાખો લોકોને મૃત્યુ, અંધાપો, આળસ, નિષ્ક્રિયતા, પ્રમાદ, બેજવાબદારી, હતાશામાં ધકેલ્યા છે. તો ચોરી, જુગાર, અસત્ય, વ્યભિચાર, લૂંટ વગેરે અમાનવીય કૃત્યોમાં લલચાવ્યા છે. એ દારૂએ લાખો સોહાગણોના છેલ્લા ચિહ્નરૂપ મંગળસૂત્રો પણ વેચાવ્યાં છે. લાખો બાળકોનાં મોંમાંથી દૂધ ઝૂંટવ્યાં છે ને લાખો બાળકોને અક્ષરજ્ઞાનથી વંચિત રખાવ્યાં છે. લાખો માતા અને બહેનોની આંખોમાંથી અનેક વખત આંસુ પણ વહેવડાવ્યાં છે.

અને છતાંય.... દુનિયાને દોરી શકે તેવા ગાંધીના ગુજરાતમાં – સમજપૂર્વક દારૂબંધીને વરેલા વિશ્વભરમાં એકમાત્ર નમૂનારૂપ ગુજરાતમાં – આઝાદીનાં આડત્રીશ વર્ષે પણ... ઝેર તો પિવાતાં જાણી જાણી !!!

❀



Scanned by CamScanner

## ૧૧ દારૂનું વ્યસન દવાઓથી છોડાવી શકાય?

દારૂનું વ્યસન શારીરિક, માનસિક, કૌટુંબિક, સામાજિક, રાષ્ટ્રીય કે આર્થિક કોઈ રીતે લાભદાયી ન હોવાથી તેમ જ કાયદાની રીતે તે ગૂનો હોવાથી મોટા ભાગના શરાબીઓ ખુદ તેમાંથી છૂટવા ઇચ્છા રાખતા હોય છે. આ વ્યસન કાચી ઉંમરમાં ખરાબ મિત્રો કે ખરાબ વાતાવરણમાંથી મળતું હોવાથી ઉંમર વધતાં, સમજ આવતાં, તેનું નુકસાન સમજતાં કે પોતાના જીવનમાં કે કોઈના જીવનમાં દારૂને કારણે દુ:ખદ ઘટના બનતાં મનોબળવાળા અને ભણેલા વ્યસની આપમેળે જ દારૂ છોડી દેતા હોય છે. જે મનની નબળાઈ, શરાબી મિત્રોનો સંગ, દારૂમય વાતાવરણ, કાયદાનું અજ્ઞાન, દારૂના દુર્ગુણોનું અજ્ઞાન વગેરે કારણે ઇચ્છા છતાં છોડી શકતા નથી. તેમને કોઈની મદદ મળે તો છોડી શકે છે. સગાં, મિત્રો, ગુરુજનો, સામાજિક કાર્યકરો કે ચિકિત્સકો આવા લોકોના સહાયક થઈ શકે. દારૂને કારણે થયેલ બરબાદીનાં ઉદાહરણો આપવાથી દારૂબંધીનું સાહિત્ય, પ્રદર્શન, શિબિર, ફિલ્મો વગેરે દ્વારા તેનું પરિવર્તન



Scanned by CamScanner

કરાવવાથી; તે વ્યક્તિને ધાર્મિક રુચિ હોય તો ધાર્મિક સાહિત્ય દ્વારા મદ્યનિષેધની વાત સમજાવવાથી કે ધાર્મિક ગુરુ કે ધાર્મિક નેતા દ્વારા દેવ, માતાજી કે ઈશ્વરના નામે પ્રતિજ્ઞા કે વ્રત લેવરાવવાથી અથવા દારૂબંધીના કાર્યકર દ્વારા પ્રિય સ્વજનના સોગન લેવરાવવાથી આવી વ્યક્તિ એક ઝટકે જીવનભર દારૂમાંથી મુક્ત થઈ શકે છે. સાધુ, સંતો, મહાપુરુષોના પ્રભાવથી સામૂહિક રીતે પણ સેંકડો લોકોને એકસાથે છોડાવવાના અનેક પ્રયોગો આપણે ત્યાં નોંધાયેલા છે. સંકલ્પશક્તિ, પ્રાણશક્તિ કે પ્રાર્થના દ્વારા પણ સારું પરિણામ લાવી શકાય છે. સત્સંગ, પ્રેમ, સમજાવટ વગેરે તો કાયમી પરિણામદાયી પુરવાર થયેલ છે. કેટલીક વાર સ્વજનો, પ્રિયજનો કે પ્રભાવકારી જનોનો સત્યાગ્રહ પણ આવા લોકોનું પરિવર્તન કરાવી શકતો હોય છે. છતાં આવા લોકો વધુમાં વધુ તો સમદુખિયાની સમજાવટથી વધુ સુધરી શકતા હોય છે. દારૂને કારણે બરબાદ થયેલ વ્યક્તિ તેમાંથી મુક્ત થઈને ખુદ પોતાનું ઉદાહરણ દારૂડિયા સામે જ મૂકે ત્યારે તેની તરત જ કાયમી અસર થતી હોય છે. અમેરિકામાં 'એ. એ.' (આલ્કોહોલિક એનોનિમસ) નામની સંસ્થા છે, તેમાં દારૂ છોડાવનારા સભ્યોએ ખુદ ભૂતકાળમાં દારૂ છોડેલો હોય છે. વિશ્વમાં તેની સેંકડો સંસ્થા છે. મુંબઈમાં તેની ૧૫-૨૦ શાખા છે. તેમાં વાર્તાલાપ, પ્રવચનો, પ્રશ્નોત્તરી, પ્રાર્થના, પ્રતિજ્ઞા, ધાર્મિક સમજ વગેરે દ્વારા દારૂ છોડાવવામાં ૫૦ ટકા સફળતા મળે છે. ૨૫ ટકા લોકોને માનસિક



Scanned by CamScanner

સારવારથી છોડાવવામાં આવે છે. તેઓ જે વ્યક્તિને દારૂમુક્ત કરે છે તેને દારૂડિયા મિત્રોથી ખાસ દૂર રાખે છે. દારૂનું વાતાવરણ ન હોય ત્યાં રાખવાથી ફરીને તે દારૂમાં ફસાતો નથી. સલામત વાતાવરણનું મહત્ત્વ ખૂબ માનવામાં આવે છે. માનસિક રીતે નબળા લોકો માટે પરદેશમાં સારવાર કેન્દ્રો અને હૉસ્પિટલો હોય છે. તેમાં વ્યસનીઓને લાંબો સમય દાખલ કરીને સારવાર અપાય છે. આપણા સુવિખ્યાત સિનેસ્ટાર અને લોકસભ્ય શ્રી સુનિલ દત્ત તેમજ સ્વ. નરગિસના પુત્ર સંજય દત્તને જર્મનીની એક સ્પેશિયલ હૉસ્પિટલમાં લાખો રૂપિયાના ખર્ચે દારૂ છોડાવવાની સારવાર કરવામાં આવી હતી.

દરદી પ્રત્યે તિરસ્કાર નહીં પણ પ્રેમ અને સહાનુભૂતિ રાખવામાં આવે છે. ખૂબ અઘરા કેસમાં વિડિયો દ્વારા તેના નશાની અવસ્થાની ફિલ્મ ઉતારીને તેને ખુદને બતાવવામાં આવે છે, જેથી પોતાની જ બદચેષ્ટા, બીભત્સ શબ્દો, મૂર્ચ્છા, ગંદકી, આવેશ બધું જોઈને તેમજ સાંભળીને તેને પોતાના ઉપર જ ઘૃણા ઊપજે, શરમ આવે, પસ્તાવો થાય.

આયુર્વેદીય કેટલાંય આસવ-અરિષ્ટો, સર્પગંધા તેમજ હોમિયોપથીની ક્વિવરેક્સ ગ્લેનડિયમ, અંજેલિકા, ફેરુલા, સુબુલ, એલોપથીની ઇમેટિન, ફિઝલફિરમ, અટાબ્યુસ, ક્લોર્પોમેજિન વગેરે દવાઓ ચોક્કસ પરિણામ મેળવી આપે છે.

❀



Scanned by CamScanner

# ૧૨ બિયરથી બચજો, નહીં તો કેન્સરના દરદી બની જશો!

મુંબઈમાં મારા બે કર્મચારીઓએ બિયર પીવાનો શરૂ કરેલો ત્યારે મેં ખૂબ વારેલા, પણ તે માનેલા નહીં. પછી બિયરને પગલે પગલે બિયરનો બાપ દારૂ પણ તેમના પેટમાં પેસી ગયો. તે બંને દારૂડિયા થઈ ગયા એટલે જુગાર, દાણચોરી, ચોરી, વ્યભિચાર, અસત્ય, વિશ્વાસઘાત વગેરે પણ તેનામાં પ્રવેશ્યા અને આજે એ દયા ઉપજાવે તેટલી હીન કક્ષાએ તેમને લઈ ગયેલ છે. મારા એક બીજા દરદી પણ બિયર દ્વારા જ દારૂના દરવાજામાં પ્રવેશ્યા હતા અને લિવરના કેન્સર વચ્ચે એક જ આંગળનું છેટું હતું, એને મેં બચાવી લીધા હતા. એક યુવાન મારા પરિચયમાં છે તેણે બાળલગ્નને કારણે ઇચ્છા છતાં અભ્યાસ ગુમાવ્યો હતો. બેકારીની અને અનેકવિધ ટેન્શનની અવસ્થામાં બિયરને બહાને દારૂની લતે ચડવાની શરૂઆત કરી હતી, પણ મેં પ્રતિજ્ઞા લેવરાવેલી એટલે બચી ગયેલા.

બિયરમાં શક્તિ, સ્ફૂર્તિ, વજન, પાચન વધારવાનો ગુણ હોવાનું મારા ખ્યાલમાં નથી. તેનામાં કેન્સર પેદા કરવાનો ગુણ હોવાના અહેવાલો મારા ખ્યાલમાં છે. જેને વજન વધારવાનું હોય તો નિર્દોષ ઉપાયો ક્યાં નથી ? દ્રાક્ષાસવ, અશ્વગંધારિષ્ટ, અશ્વગંધાવલેહ, ચ્યવનપ્રાશાવલેહ,



Scanned by CamScanner

ભૃંગરાજાસવ, દશમૂલારિષ્ટ, ઘી, દૂધ વગેરે ક્યાં નથી ?

લાગે છે, જાણે દારૂનો પર્યાય બનીને બિયર આપણા પ્રદેશમાં પગલાં કરી રહ્યો છે. વાધરી માટે ભેંશ મારવા જેવું ગણિત આ બિયરના લાભો લેવા માટેનું છે. ક્યાંકથી વ્યવસ્થિત વ્યવસાયિક પ્રચાર અનુકરણશીલ અને ઉતાવળે નિર્ણય, લેનારા યુવાવર્ગનું બ્રેઈન વૉશ કરી રહ્યો છે. ફૅશન રૂપે, સુધારાના પ્રતીક રૂપે, મોટા માણસોના અનુકરણ રૂપે, નોનઆલ્કોહોલિકના સ્વાંગ સજીને આ દારૂબંધીના પ્રદેશમાં દારૂનો પરિવારજન ધીમે ધીમે પ્રવેશ કરી રહ્યો છે; ઉદ્ધારક ઔષધ, આહાર કે પીણાનો પણ સ્વાંગ સજીને ! મુંબઈ તો તેની ચુંગાલમાં જકડાઈ ગયું છે. અમદાવાદ, સુરત વડોદરા વગેરે ચેતી જાય તો સારું. બિયરથી આવનારાં દૂષણો તેમજ જેનો કોઈ જ ઉપાય નથી તેવો કેન્સર રોગ બિયર પીવાથી થાય છે તેવાં સંશોધનો બહાર આવ્યાં બાદ ઈંગ્લેન્ડ, અમેરિકા, જર્મન વગેરેમાં બિયર સામે વિરોધ શરૂ થયો છે. સર વિલિયમ ઓસ્લરના શબ્દો છે કે 'તમામ બિયર અને દારૂને એક વર્ષ માટે દરિયામાં નાખી દો તો ઈંગ્લેન્ડની પ્રજા વધુ સારી રીતે રહી શકશે તેમજ તમામ સમસ્યાનું આપોઆપ નિરાકરણ થઈ જશે.' અહીં બિયરને દારૂના જેવો જ નપાવટ માનવામાં આવ્યો છે. ગુનાઓ માટે કે પતન માટે દારૂના જેટલો જ તે જવાબદાર મનાયો છે. કેન્સર થવાનું કારણ બિયર છે તેનાં સંશોધનોમાંથી કેટલાંક આ રહ્યાં :



Scanned by CamScanner

૧. 'ધી નેશનલ ઇન્ક્વાયરર' નામના સામયિકમાં જણાવવામાં આવ્યું છે કે અમેરિકામાં ૪૧ રાજ્યોનો અભ્યાસ કરનારા લૉસ ઍન્જલીસની કેલિફોર્નિયા યુનિવર્સિટીના ડૉક્ટર જેઈસ ઇ. એન. સ્ટૉલ તથા વૉશિંગ્ટન યુનિવર્સિટીના ડૉક્ટર નોર્મન ઈ. બેસલો નામના બે સંશોધકો તો એવા તારણ પર આવ્યા છે કે બિયર લેવાથી મોટા આંતરડાનું તથા ગુદાનું કેન્સર થઈ શકે છે.

૨. રોડ ટાપુ અને ન્યૂયોર્ક જેવાં રાજ્યોમાં પ્રત્યેક વર્ષે વ્યક્તિદીઠ ૮૦ ક્વાર્ટર અને ૬૫૦ મિ.લિ. બાટલી બિયર પીવાય છે તેથી ત્યાં ગુદાના કેન્સરનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે.

૩. હિડલબર્ગમાં જર્મન કેન્સર સંશોધન કેન્દ્રમાં વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું છે કે જર્મની, બ્રિટન અને બીજા પાશ્ચાત્ય દેશોમાં બનતા બિયરથી કેન્સર ઉત્પન્ન કરનારા સૌથી વધું 'નાઈટ્રોસામિન્સ' નામના જીવાણુ પેદા થાય છે.

૪. અમેરિકાના ફૂડ ડિપાર્ટમેન્ટે વ્હિસ્કી તથા બિયરની અનેક જાતો કેન્સર કરે છે તેમ પ્રયોગો કરીને નક્કી કરી આપ્યું છે.

આ તારણો ઉપરથી આપણા યુવાનો, વાલીઓ, આરોગ્યખાતું, કેન્સર સંશોધન ક્ષેત્ર, નશાબંધી ખાતું, ફૂડ સંશોધન ખાતું વગેરે સમયસર વિચારે તો સારું.



Scanned by CamScanner

# ૧૩ સાવધાન! આપણી આસપાસ વ્યસનોનાં વિનાશક વાદળાં ઘેરાયાં છે!

દુષ્કાળનું વર્ષ છે એટલે વાદળાંની વાત વાંચવી ગમે. પણ આ વાત અમૃતજળ આપનારાં વાદળાંની નથી, ઝેર ઓકનારાં વિનાશક વાદળાંની છે. અણુયુદ્ધના વિનાશને કદાચ મિ. રેગન અને મિ. ગોર્બાચોવ અટકાવી શકશે પણ આ વિનાશ રોકવો સાવ એમના હાથમાં નથી. કદાચ મારા, તમારા સૌના સહિયારા પુરુષાર્થના હાથમાં છે. આપણી આ વાત મારાથી જ, મારી આસપાસના વાતાવરણથી જ કરું. કદાચ, તેમાં તમારા વર્તુળની વાતને પણ વાચા મળે.

મારાં બાએ એક દિવસે મને કહ્યું, 'આપણા કામવાળાં બહેનથી કામ થતું નથી. માંદાં જ રહે છે. એમના ઘરવાળા મિલમાં નોકરી કરે છે, પણ પહેલેથી જ પીવાની લતમાં પડી ગયા છે એટલે ઘેર એ પૈસોય આપતા નથી. આ બહેનની કમાણીમાંથી ખાવા આવે ત્યારે માર મારે છે. પાંચ-છ છોકરાંનું આ બે'ન બચારાં પૂરું ક્યાંથી કરી શકે ? એનો મોટો છોકરો ભણે છે. તેને તારા દવાખાનામાં અર્ધો દિવસ કંઈક કામ આપ. બાપના જેવો ન થાય, તે માટે એનું ભણવાનું સાવ છોડાવવા ઇચ્છતા નથી.'

મેં એ છોકરાને પાર્ટ ટાઈમ નોકરી તો આપી, પણ થોડા દિવસમાં આવતો બંધ થઈ ગયો. જાણ્યું તો દારૂડિયા પતિએ ૨૭ ટાંકા આવે તેટલા પ્રમાણમાં પત્નીને માર માર્યો હતો. તેથી બાપ-દીકરા વચ્ચે રકઝક થતાં બાપે છોકરાને ઘરમાંથી કાઢી મૂક્યો હતો. તેનો ક્યાંય પત્તો ન હતો. વર્ષો પછી મેં એ છોકરાને રિક્ષા ચલાવતો જોયો હતો. તેનો અભ્યાસ અધવચ અટકી ગયો હતો. કુટુંબ બરબાદ થઈ ગયું હતું.

✱

મારા એક કમ્પાઉન્ડરના મોંમાંથી દારૂની ગંધ આવતાં તપાસ શરૂ કરી તો બેકાર અવસ્થામાં એક નાઈટ પાર્ટીમાં લાઇટિંગનું કામ કરવા જતાં તે દારૂનો વ્યસની બન્યો હતો. તેના આફ્રિકાથી આવેલા કાકાએ પણ તેને બચપણથી દારૂ તરફ આકર્ષ્યો હતો. પ્રયત્ન કરવા છતાં, તક આપવા છતાં એણે દારૂ ન છોડ્યો એટલે મેં એને નોકરીમાંથી છૂટો કર્યો ત્યારે તેનાં પત્ની મને મળવા આવેલાં. તેણે રડતાં રડતાં કહેલું, 'સા'બ, તમે તો એનાથી છૂટી શક્યા, પણ મારું શું ? વાણિયાની દીકરી થઈને મારી શરમનો પાર નથી ! નાની છોકરી છે તેને મોટી કર્યા વિના છૂટકો નથી. રોજ રાતે પીને આવે છે ને ઝઘડા કરે છે. એક પૈસો ઘેર આપતા નથી. તેથી મેં શિક્ષિકાની નોકરી લીધી છે પણ ત્યાં સ્કૂલે આવી ઝઘડા-મારામારી કરી પૈસા પડાવી જાય છે. બહારગામ બદલી માગું તો સ્ત્રી તરીકે મારે કેવી રીતે જીવવું ? નાની છોકરી છે



Scanned by CamScanner

એટલે આપઘાત પણ કરી શકાતો નથી !... તમે છૂટા કર્યા એટલે હવે એ વધુ હેરાન થશે. પૈસા લઈ જશે, પીશે ને ગટરમાં આળોટશે !' કહીને એ ડૂસકે ડૂસકે રડી પડ્યાં.

*

મારો એક કમ્પાઉન્ડર કર્ણાટકનો હતો. તેના ઘરની સ્થિતિ પૂછતાં જાણવા મળેલું કે તેના બાપ તાડીના વ્યસની છે. કંઈ કામ કરતા નથી. વ્યસનની લતમાં તેણે ખેતર, ગાયો, નાળિયેરી બધું વેચી માર્યું છે. આ છોકરો અને એનો બાર વર્ષનો નાનો ભાઈ, 'તમે દારૂ-તાડી છોડશો ત્યારે મોઢું બતાવવા ઘેર પાછા આવશું.' એમ કહીને અમદાવાદમાં હોટલોમાં નોકરી કરવા આવી ગયેલા. તેના બાર-તેર વર્ષના નાના ભાઈને હું સમય મળતો ત્યારે ભણાવતો. એક દિવસ એણે કહ્યું, 'સા'બ, કાલે રાત્રે એક ઓફિસમાં ચા આપવા ગયો તો ત્યાં બધા ઈંગ્લીશ દારૂ પીતા હતા. મને પણ આપ્યો તો મેં પ્યાલીને જોરથી લાત મારી કે પ્યાલીના ટુકડેટુકડા થઈ ગયા. મારા બાપને અને મારા કુટુંબને બરબાદ કરનારા દારૂને તો અડું પણ નહીં.' મને એ છોકરા પર માન થયું. આટલી બધી સમજ અને આટલો બધો તિરસ્કાર છે એટલે એ દારૂને ક્યારેય નહીં અડે તેવો વિશ્વાસ બંધાયો. પછી તો એ છોકરાને પોતાના દેશમાં જવાનું થયું. બીજી હોટલમાં અમદાવાદમાં રહેવાનું પણ થયું. કુમિત્રો અને કુપિક્ચરોના સંગમાં આવ્યો. ત્રણ વર્ષે જાણવા



Scanned by CamScanner

મળ્યું કે ખુદ તે છોકરો કે જેણે દારૂને ઠોકર મારી હતી તેને જ દારૂએ ભરખી લીધો હતો !! પીવાથી લિવરનું કેન્સર થતાં સોળ-સત્તર વર્ષની ઉંમરે જ મૃત્યુ પામ્યો. તેના આઘાતે બાપે ફરીને તાડી પીવાનું શરૂ કર્યું. તેના સમાચારના શોકમાં મોટો ભાઈ અમદાવાદમાં દાઝવાના જીવલેણ અકસ્માતથી માંડ માંડ બચ્યો !

મારા બે પટાવાળા સોળ-સત્તર વર્ષની વયે મુંબઈમાં બિયરથી પ્રારંભ કરી દારૂડિયા બની ગયા. મુંબઈ, ગોવા, આબુ વગેરે સ્થળો એ કારણે એના માનીતા હતાં. દારૂના માર્ગે તેઓ સ્મગ્લિંગ, બદચલન, ચોરી અને ભોગવિલાસના માર્ગે વળતા ગયા. તેના કુટુંબીજનો કે મિત્રો કોઈ રોકી ન શક્યું અને ઘણી મોટી ચોરીમાં તે પકડાઈ ગયા. આજે એ બંનેની સ્થિતિ ખૂબ દયનીય છે. પુષ્કળ પતન પછી પણ તેમનો દારૂ છૂટી શકતો નથી. શરીરમાં ક્ષીણતા અને રોગો, ઘરમાં કુસંપ અને દરિદ્રતા, મનમાં વિકાર વગેરેનું પ્રમાણ વધતું જ જાય છે.

આમ, આવાં તો કેટલાંય વધુ ઉદાહરણો હજુ આપી શકું. પરંતુ જેને જાગૃત થવું હોય તે આટલાથી પણ જાગૃત થઈ શકે. શરાબ સહિત અન્ય માદક દ્રવ્યો આપણા આરોગ્ય અને માનવધનને કેવાં પાયમાલ કરી રહ્યાં છે તેનું પ્રત્યક્ષ જ્ઞાન અહીં આપેલા બનાવો આપી જાય છે.... તેથી સાવધાન.... !

# ૧૪

## કેવળ સરકારના દૃઢ સંકલ્પના અભાવે કેટલાં મૃત્યુ... કેટલા અંધાપા... કેટલી માંદગી ... કેટલી બરબાદી!!!!

વિશ્વ આખામાં ગુજરાતનું નામ ગાંધીજીના કારણે સન્માનિત છે અને એ ગુજરાતમાં દારૂબંધી હોવાથી કેવળ ભારતમાં જ નહીં, વિશ્વ આખામાં ગુજરાતને ગૌરવ મળ્યું; છતાં દુઃખ અને આશ્ચર્યની વાત તો એ જ છે કે ગુજરાતમાં નથી ગાંધીજીએ કહેલ શબ્દોનું કોઈ મૂલ્ય કે નથી દારૂબંધીનું પાલન !

દારૂબંધી એ એક જ એવો કાયદો છે કે જેની તરફેણમાં સો ટકા સ્ત્રીસમાજ છે, સો ટકા બાળકોની અનુમતિ છે. બધા જ ધર્મોમાં તેના અમલનો આદેશ છે. નીતિ, સમાજશાસ્ત્ર, કાયદો, બંધારણ, સમજુ-ભણેલા લોકો, સંસ્કૃતિ, વિજ્ઞાન અને બધી જ ચિકિત્સા પદ્ધતિઓ તેની સાથે છે. આંકડામાં કહેવું હોય તો પંચાણુ ટકા પ્રજા તેની સાથે છે, છતાં લોકશાહીમાં કેવળ બે-પાંચ ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ અને પાંચ-પંદર હલકી રુચિવાળા ગૂંડાઓને કારણે તેનો અમલ થઈ શકતો નથી !

આઝાદી પ્રાપ્ત થયા બાદ તેના અમલમાં મક્કમતા આવવાને બદલે વધુ ને વધુ ઢીલાશ આવતી રહી છે. પરિણામે છાશવારે ઠેરઠેર લઠ્ઠાકાંડ સર્જાય છે. શહેરો અને



Scanned by CamScanner

ગામડાંઓમાં રોજ રોજ તેના કારણે મૃત્યુ, ખૂનખરાબા, આપઘાત, વેરઝેર વગેરે થતાં રહે છે. કુટુંબકંકાસ, ચોરી, વિશ્વાસઘાત, વ્યભિચાર, કર્તવ્યમાં પતનશીલતા, આળસ, ભ્રષ્ટાચાર વગેરે દૂષણોની વણઝાર ચાલે છે. પારાવાર અકસ્માતો થાય છે, છતાં નાની નાની બાબતોમાં પાણી પહેલાં પાળ બાંધનારી ગુજરાતની પ્રજા સાવ નિષ્ક્રિય છે ! બેપાંચ વ્યક્તિનું અરણ્ય-રુદન એળે જાય છે. ટી.બી., કેન્સર, ગાંડપણ, હૃદયરોગ, સિરોસીસ, મદાત્યય, જાતીય રોગો જેવા અનેક રોગો દારૂની બદીના કારણે ફેલાય છે, છતાં તેના મૂળરૂપ દારૂના ઉત્પાદન, વેચાણ અને પીવાણ ઉપરના પ્રતિબંધનો પૂરો અમલ થતો નથી.

થોડા દિવસ પહેલાં એક પરિવાર મને મળવા આવેલું. માજી પોતાના એકના એક પુત્રને લઈને આવેલા. સાથે પુત્રવધૂ પણ હતાં. અને ત્રણ વર્ષની તેની પુત્રી પણ. તે માજીની આંખોમાં આંસુ હતાં. વહુના અવાજમાં રૂંધામણ હતી. બ્રાહ્મણ પરિવારનો એકનો એક પુત્ર, સારું ભણેલો, સંસ્કારી, ઘરમાં બાપકમાઈની સમૃદ્ધિ ઘણી. પણ ત્રણેક વર્ષથી બદસોબતને કારણે પુત્ર દારૂની લતે ચડી નિષ્ક્રિય, ઉડાઉ, માંદલો અને અનિયંત્રિત બની ગયો હતો. ધંધામાં ધ્યાન દેવાનું બંધ કરી દીધું. હતું. રાત પડે ને ખૂબ ઢીંચીને આવે, ઝઘડા કરે, પછી બેભાન બનીને ઢળી પડે. નાનકડી પુત્રી પહેલાં તો પિતા પાસે વહાલ કરવા દોડે, પણ તેણે પીધો છે તેવું જાણતાં એ રડી પડે અને માના ખોળમાં છુપાઈને એ રડતી રડતી કહે : ‘પપ્પા તો પીને આવ્યા છે, મને વાલી નહીં કરે. મમ્મીની જેમ મને



Scanned by CamScanner

પણ મારશે ? !'

માતાને પુત્રપ્રેમ મળવો બંધ થઈ ગયો છે, પત્નીને પતિપ્રેમના સાંસા છે. ખોળામાં રમવા જેવી પુત્રી બાપ હોવા છતાં જાણે નબાપી બની ગઈ છે ! ખૂબ સારી સોસાયટીની વાત છે. જે એરિયામાં દારૂ ક્યારેય પ્રવેશી ન શકે તેમાં સાંજ પડે ને દારૂના ફેરિયા ઠંડાં પીણાં લઈને ખુલ્લેઆમ ફરે તેમ ફરે છે. ઘેરઘેરથી બ્રાહ્મણ, વાણિયા કે નાગરના છોકરાઓ, વૈષ્ણવ, સ્વામિનારાયણ કે જૈન ધર્મના ઉપાસક સૌ એની નાતમાં ભળતા જાય છે ને ઘેરઘેર નિષ્ક્રિયતા, રોગ, હતાશા, ઝઘડા, વ્યય અને વિનિપાતનાં બી વેરાતાં જાય છે !

ક્યારેક આ બધું સાંભળવા-જોવા તેમની નજીક જઈ અભ્યાસ કરતાં લાગે છે કે લોકશાહીમાં કેવળ સરકારી દૃઢ સંકલ્પના અભાવે પોળે પોળે અને શેરીએ શેરીએ એક દિવસ દારૂના અડ્ડા હશે, ઘેર ઘેર એક-બે દારૂડિયા હશે, જેમાં પ્રોફેસરોના કુમારો હશે, પ્રધાનોના કુંવરો હશે, હપ્તા ખાનારા પોલીસ અધિકારીઓના પુત્ર પણ હશે, સમાજસુધારાની વાતો કરનારા સંસ્કારી નાગરિકોના સુપુત્રો પણ હશે અને બીજી તરફથી હતાશા અને ગરીબી હટાવવાની, વિકાસનાં શિખર સર કરવાની, જીવનધોરણ ઊંચું લાવવાની, આતંકવાદને નાથવાની, દાણચોરી રોકવાની મિથ્યા-વાંઝણી વાતોની વણઝાર હશે.

આપણી પ્રજાના નાડપારખુ અને ભવિષ્યવેત્તા એવા મહાત્મા ગાંધીજીએ તો સાફ શબ્દોમાં આપણને ચેતવ્યા



Scanned by CamScanner

છે કે 'દારૂબંધીના પ્રશ્ન સામે ખેલ ખેલવા જેવું નથી. આ ભયંકર અનિષ્ટને પહોંચી વળવા ઢીલીપોચી નીતિ કામ નહીં આવે. એકલી સંપૂર્ણ દારૂબંધી જ લોકોને આ શાપમાંથી ઉગારી શકશે.'

ગુજરાતને આજના સંદર્ભમાં બંધબેસતો થાય તેવો એક જ ફકરો શ્રી વી. આર. કૃષ્ણાઐયરે તેમના પુસ્તકમાં ટાંક્યો છે તે છેલ્લે રજૂ કરતાં મારી જાતને રોકી શકતો નથી :

'જે રાજ્ય દરેક ગલીકૂંચીએ આઇસક્રીમ કે શરબતની જેમ ઝેરી દારૂ પ્રાયઃ બનાવતું હોય, જે રાજ્યને બેજવાબદારીનો નશો ચડ્યો હોય, તે તેમ કરીને ગાંધીજીની હત્યા જ કરતું હોય છે. દારૂની આવી છૂટના ભોગ યુવાનો, આળસુ અને અશિક્ષિત લોકો બનવાના. તેઓ એક 'ક્ષણિક આનંદ' ખાતર પોતાના પ્રાણ સાથે ચેડાં કરતા થઈ જશે. ગોડસે ગાંધીજીનો શારીરિક હત્યારો હતો, જ્યારે આ રાજ્ય ગાંધીજીના નૈતિક હત્યારાની કામગીરી બજાવશે.'

જોકે, પ્રવર્તમાનમાં ગુજરાતનું સદ્નસીબ છે કે, 'જો દારૂબંધી કરવાને કારણે સત્તા ખોવી પડે તો પણ મને જરાય અફસોસ નથી.' તેમ કહેનારા દારૂબંધીના પરમ પક્ષપાતી શ્રી મોરારજીભાઈ દેસાઈની સરકાર સત્તાસ્થાને છે એટલે તો અવશ્ય નશાબંધીને વરેલા ગાંધીજી, રવિશંકર મહારાજ, ઠક્કરબાપા અને પ્રભુદાસભાઈ પટવારીનું ગુજરાત મિયાંભાઈ પંચના અહેવાલનો હવે અક્ષરશઃ અમલ કરશે જ. અને એમણે કરવો જ જોઈએ.

❀



Scanned by CamScanner

# ઝેર તો પિવાતાં જાણી જાણી !

**ભાગ પહેલો (બીજી આવૃત્તિ)** રૂ. ૧૦-૦૦

તમામ ધર્મગ્રંથો, પ્રાચીન સાંસ્કૃતિક ગ્રંથો, ઇતિહાસગ્રંથો, આયુર્વેદીય સાહિત્ય તેમજ દેશ-વિદેશના પ્રાચીન તથા અર્વાચીન મહાપુરુષો, ઇતિહાસકારો, સાહિત્યકારો, ચિંતકો, સામાજિક કાર્યકરો, દેશનેતાઓ, વૈજ્ઞાનિકો, ડૉક્ટરો, કેળવણીકારો, કવિઓ, ફિલ્મી અદાકારો, ક્રિકેટરો વગેરેનાં ૨૭૦ જેટલાં મંતવ્યો સરળ, રુચિકર, લોકભોગ્ય શૈલીમાં સંકલિત.

**ભાગ બીજો** રૂ. ૨૦-૦૦

આયુર્વેદીય સાહિત્યના આધારે મદ્યપાન એ ઝેરનો કટોરો, દુર્ગુણનો દરવાજો અને બધા અનર્થોનું મૂળ કઈ રીતે છે તે ઉદાહરણ તથા દાખલા-દલીલો દ્વારા સમજાવેલ છે. જેમાં ખૂન, આપઘાત, મૃત્યુ, અકસ્માત, મારામારી, ચોરી, દાણચોરી, અદાવત, વિશ્વાસઘાત, વ્યભિચાર, છૂટાછેડા, વ્યવસાય અને કુટુંબની બરબાદી, બેજવાબદારી, સમયવ્યય, અસત્ય, હિંસા, સ્વાર્થ, અવિવેક, સામાજિક અવ્યવસ્થા, જુગાર વગેરેનો નિમિત્ત દારૂ કઈ રીતે બને છે તે સત્યઘટનાઓ ટાંકીને સમજાવવામાં આવેલ છે. ઉપરાંત અનેક શારીરિક-માનસિક મારક અને ભયંકર રોગોનું કારણ પણ મદ્યપાન કઈ રીતે બને છે તે સમજાવ્યું છે.

**ભાગ ત્રીજો** રૂ. ૧૫-૦૦

દારૂના સકંજામાં સપડાયેલ વ્યક્તિને તેમાંથી મુક્ત કરવાના અનેક ઉપાયો અનુભવ સહિત વિસ્તૃત રીતે આપવામાં આવેલ છે.


**ભાગ ચોથો** રૂ. ૭-૦૦

નેતા, અભિનેતા, કલાકારો, સાહિત્યકારો વગેરેનું દારૂની લતમાં કેવી રીતે પતન થતું હોય છે તેની કરુણ કથની ઉદાહરણ સહિત.

**આયુ પ્રકાશન : ૩૦૩, હરેકૃષ્ણ કોમ્પ., એલિસબ્રિજ, અમદાવાદ-૬**

Scanned by CamScanner

# વૈદ્ય શોભન વસાણી



વૈદ્ય શોભન વસાણી

ગુજરાત સમાચાર, શ્રી, આયુ ડાયજેસ્ટ, સંદેશ, ધર્મસંદેશ, સેવક, અખંડઆનંદ, નિરામય, કલ્યાણયાત્રા, માનવધર્મ, જનકલ્યાણ, ચરક, સુશ્રુત, આરોગ્યસિન્ધુ, વૈદ્ય કલ્પતરુ, બાલમિત્ર, સ્વસ્થ માનવ વગેરે સામયિકોમાં આયુર્વેદ પીરસનાર શ્રી શોભન ગુજરાતના અગ્રગણ્ય વૈદ્યોમાંના એક છે. આયુર્વેદનું સાહિત્ય, ચિકિત્સા અને પ્રચારમાં એમનું નામ નોંધપાત્ર છે. તેમનાં ૧૦૦ જેટલાં પુસ્તકોમાંથી ઝેર તો પિવાતાં જાણી જાણી ! (સેટ), રોજિંદો આયુર્વેદ, ઘરગથ્થુ તાત્કાલિક સારવાર, ઇમર્જન્સી બોક્સ, રોજિંદા રોગો, આપણાં ઇમર્જનસી ઔષધો, આમળાં, કાકડા, આરોગ્ય પ્રશ્નોત્તરી, અનુભવનું અમૃત તેમજ કાનના રોગો, ચામડીના રોગો, આરોગ્ય આપણા સૌનું, સફેદ દાગ, દિવ્ય ઔષધિ (સેટ), આરોગ્ય અને ઔષધ (સેટ), વાળની સંભાળ, વાળના રોગો, આયુર્વેદીય ઔષધો (સેટ), શિવામ્બુ-સેવન (સેટ), ઉત્તમ ઇચ્છિત સંતાન, આહારવિવેક, રોજિંદો આહાર, ફળો : આહાર રૂપે - ઔષધ રૂપે, શાકભાજી-કઠોળ : આહાર રૂપે - ઔષધ રૂપે, મસાલા-મુખવાસ : આહાર રૂપે - ઔષધ રૂપે વગેરે આયુર્વેદીય પુસ્તકો; ઉર-સંવેદના, મૌનના ભણકાર, ગમતાં ગાઈ ગીત, વિરહ સહ્યો ન જાય ! (કાવ્યસંગ્રહો); અતૃપ્ત ઝંખના (નવલકથા) અને દૂરદર્શન તથા આકાશવાણી દ્વારા પ્રસારિત વાર્તાલાપો તથા વિવિધ સંસ્થાઓના ઉપક્રમે ગોઠવાતાં તેમનાં પ્રવચનો ઘણાં લોકભોગ્ય હોય છે. કમળો, કાનના રોગો, ચામડીના રોગો, વાળના રોગો, વાળની સંભાળ, શિવામ્બુ, કૃષ્ણવિરહ (૧-૨), વિભુવંદના, આયુર્વેદવંદના વગેરે તેમની એક-એક કલાકની કેસેટો પણ ઘણી લોકપ્રિય થયેલી છે.

'આયુર્વેદ વિશારદ' અને 'આયુર્વેદાચાર્ય'ની પદવી પ્રાપ્ત કર્યા પછી લોકભારતીમાં અને વીમા યોજનામાં આયુર્વેદ વિભાગના સંચાલક તરીકે બાર વર્ષ સેવા આપ્યા બાદ પચીસ વર્ષથી અમદાવાદમાં સ્પેક્ટ્રમ, સર્વોદય ને હવે, હરેકૃષ્ણ કોમ્પ્લેક્સ, પ્રીતમનગર, એલિસબ્રિજમાં પોતાનું ચિકિત્સાલય ચલાવે છે.

Scanned by CamScanner